BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-204
## શહેરી (સ્લમ) ક્ષેત્રકાર્ય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# MSW-204 (Field Work)

## સમાજકાર્ય પારંગત

લેખક :-
નીલા એન. પટેલ
**BA, LLB, MSW, MPhil, Phd (ચાલુ)**

# સમાજકાર્ય પારંગત
# વિભાગ - ૧

## શહેરી ક્ષેત્રકાર્ય


એકમ - ૧ શહેરી ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ સુપરવીઝન અહેવાલ લેખન અને મૂલ્યાંકન

એકમ - ૨ શહેરી ક્ષેત્રકાર્ય દરમ્યાન સમસ્યાઓ અને કામગીરી - ૧

એકમ - ૩ શહેરી ક્ષેત્રકાર્ય દરમ્યાન સમસ્યાઓ અને કામગીરી - ૨

## એકમ-૧

## શહેરી - સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને મૂલ્યાંકન

### -: રૂપરેખા :-

**૧.૧ - ઉદ્દેશો**
**૧.૨ - પ્રસ્તાવના**
**૧.૩ - શહેરી સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત**
**૧.૪ - ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપયોગી પ્રયુક્તિઓ અને સમાજકાર્યનું જ્ઞાન**
**૧.૫ - ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન**
**૧.૬ - સ્લમ વિસ્તારની ક્ષેત્રકાર્ય ગોઠવણી**
**૧.૭ - ઉપસંહાર**
**૧.૮ - સંગર્ભગ્રંથ**

---

### ૧.૧ ઉદ્દેશો :-

આ એકમમાં સમાજકાર્ય શિક્ષણમાં શહેરી સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓની અને અહેવાલ લેખનની ચર્ચા કરી છે. આ એકમનો અભ્યાસ અને પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે -

- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓની જાણકારી અને ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થશો.
- ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યના કયા જ્ઞાનનો ઉપયોગ કરવો તેની જાણકારી મળશે.
- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય સુપરવિઝનના હેતુઓ, કાર્યો અને પધ્ધતિઓની સમજ મળશે.
- તમારા સત્ર એકના ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનની પધ્ધતિઓ અને માળખાની સમજ મળશે.
- શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય સમયે ધ્યાનમાં રાખવાની બાબતો સહિત ક્ષેત્રકાર્યની સૂચનાઓની જાણકારી મળશે.

### ૧.૨ પ્રસ્તાવના :-

આ એકમ તમને સમાજકાર્ય શિક્ષણમાં શહેરી સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કરાવે છે. તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં જઇને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે કઇ પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકાય તે બાબતોને ધ્યાને લઇને જાણકારી આપી છે. જેમાં તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની મુલાકાત, નિરિક્ષણ, જૂથ ચર્ચા અને સહભાગી સ્લમ ચકાસણીની પ્રાથમિક જાણકારી આપી છે. વધુ જાણકારી ઉપયોગી પુસ્તકોની યાદીમાંથી મેળવવી. સમાજકાર્ય પારંગત સત્ર - ૨ અભ્યાસક્રમ અનુસાર સમાજકાર્યનું જ્ઞાન જેવું કે મૂલ્યો, સિધ્ધાંતો, પ્રક્રિયા, ભૂમિકા અને કુશળતાઓનો

ઉપયોગ ક્ષેત્રકાર્યમાં કરવાનો હોવાથી તેની જાણકારી આપી છે. ક્ષેત્રકાર્યમાં તમારી શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવનાર વ્યવસ્થા સુપરવિઝનના હેતુઓ કાર્યો અને પધ્ધતિઓની સમજ આપવામાં આવી છે.

ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવું એ પણ સમાજકાર્ય શિક્ષણનો ભાગ છે. જે તમને વધુ અસરકારક બનાવે છે. આ દસ્તાવેજીકરણમાં દૈનિક કે કલાકો પ્રમાણેનો અહેવાલ લેખન અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખનની સમજ તથા માળખું આપવામાં આવ્યું છે. સત્રના અંતે કરવામાં આવતા ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પધ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ આપવામાં આવી છે. ઉપરાંત આ એકમમાં સ્લમમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતાને ધ્યાનમાં રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે. જેનો તમારે ક્ષેત્રકાર્યમાં પ્રત્યક્ષકાર્ય સમયે ઉપયોગ કરવાનો છે.

### ૧.૩ શહેરી - સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત :-

સમાજકાર્ય પારંગત અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જુદા - જુદા અભ્યાસ, વિષય અને વિસ્તારમાંથી આવે છે. આવા સંજોગોમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમના પાયા સમાન ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવાનું હોય તેનો પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. જેની સમજ અને પ્રત્યક્ષ અનુભવ તમને આ શહેરી - સ્લમ સમુદાયની અભિમુખતા મુલાકાત દ્વારા થઇ શકશે.

ભારતમાં વસવાટ કરતી વસ્તીઓ મોટો હિસ્સો શહેરી વિસ્તારમાં વસવાટ કરતો થયો છે. એટલે કે પરિસ્થિતિ અનુસાર સમાજકાર્ય કરવા માટે શહેરી - સલ્મમાં કાર્યરત થઇ શકે તેવા કાર્યકર તૈયાર કરવા ખૂબ જ જરૂરી બને છે. તેથી આ અભ્યાસક્રમમાં પણ આપ શહેરી - સ્લમ સમુદાયમાં કામગીરી કરવાનું જ્ઞાન અને કુશળતા મેળવો તે જરૂરી છે. તેવી આપણા અભ્યાસક્રમમાં સત્ર - ૧ માં શહેરી - સ્લમ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું આયોજન ગોઠવાયું છે.

તમારે ગ્રામીણ સમુદાયની અભિમુખતા મુલાકાત સુપરવાઇઝરની દેખરેખમાં રહીને કરવાની છે. તમારી આ મુલાકાતમાં તેઓ સીધા પણ જોડાઇ શકે છે. આ અભિમુખતા મુલાકાત તમને શહેરી - સ્લમ ક્ષેત્રકાર્ય કરવા માટે પ્રેરણા, ટેકનિક અને ઉત્સાહ વધારવા લાયક બને તેવા પ્રયત્ન કરવા.

### ૧.૩.૧ અભિમુખતા મુલાકાત માર્ગદર્શિકા :-

- શહેરી - સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત પ્રોફાઇલ માર્ગદર્શિકા :-

વિદ્યાર્થીનું નામ :-

સુપરવાઇઝરનું નામ :-

મુલાકાત તારીખ :- વાર :- સમય :-

૧) શહેરનું નામ (શહેરી સ્લમ વિસ્તારનું નામ) :-

જિલ્લા મથકથી શહેરી સ્લમ વિસ્તારનું અંતર :-
સરનામું :-

૨) શહેરના સ્લમ વિસ્તારના બોર્ડ મેમ્બર / કોર્પોરેટરનું નામ :-

૩) શહેરી - સ્લમ વિસ્તારની વસ્તી વિષયક માહિતી :-
કુલ વસ્તી :-
સ્ત્રી :- પુરુષ : બાળકો :-
કુલ કુટુંબો :- કુટુંબનું કદ :-
જ્ઞાતિ પ્રમાણે કુટુંબો :-
ધર્મ પ્રમાણે કુટુંબો :-

૪) શૈક્ષણિક માહિતી :-
સાક્ષરતા દર :- સ્ત્રી :- પુરુષ :-
શહેરી - સ્લમ વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાની વિગતો :-
(જેમાં વિદ્યાર્થી સંખ્યા, શિક્ષકોની સંખ્યા, સુવિધાઓ વગેરે......)
- પ્રાથમિક શાળા :-
- માધ્યમિક શાળા :-
- ઉચ્ચતર માધ્યમિક શાળા :-
- સ્નાતક :-

૫) સ્લમની માળખાકીય સુવિધાઓ :-
- શૌચાલયની સ્થિતિ :-
- સ્ટ્રીટ લાઇટ :-
- પીવાના પાણીની વ્યવસ્થા :-
- ગટર / પાણીના નિકાલ માટેની વ્યવસ્થા :-
- રોડ - રસ્તા
- કુલ ઘરો :-
- કાચા ઝૂંપડા :-
- અર્ધ પાકા મકાનો :-
- પાકા મકાનો :-

૬)　આરોગ્ય વિષયક માહિતી :-

- સ્લમ વિસ્તારની સામાન્ય બિમારી :-
- સ્લમ વિસ્તારના મહારેણ
- સ્લમ વિસ્તારની કઇ વિશેષતાને કારણે થતી બિમારી / રોગ :-
- સ્લમ વિસ્તારમાં આરોગ્ય વિષયક સુવિધાઓ :-
    - આંગણવાડી :-
    - આશા વર્કર / લીંક વર્કર :-
    - નર્સ બહેન (એ.એન.એમ)
    - સબ સેન્ટર
    - પી.એચ.સી.
    - સી.એચ.સી.
- સ્લમ વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ :-
- સ્લમના લોકોમાં વ્યસનનું પ્રમાણ અને સ્થિતિ :-

૭)　સ્લમ વિસ્તારમાં અમલીકૃત યોજનાઓ અને તેની માહિતી :- (દરેક યોજનાઓ પ્રમાણે વિગતો મેળવવી)

- યોજનાનું નામ :
- લાભાર્થી પ્રકાર :　　　　　　　પ્રમાણ :
- લાભનો પ્રકાર :　　　　　　　પ્રમાણ :

૮)　સ્લમ વિસ્તારના લોકોની વ્યાવસાયિક / આજીવિકા / આવકના સ્ત્રોત વિશેની માહિતી :-

૯)　સ્લમમાં કાર્યરત સરકારી કે બિન સરકારી સંસ્થાઓ વિશેની માહિતી.

## ૧.૪　ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપયોગી પ્રયુક્તિઓ અને સમાજકાર્યનું જ્ઞાન

ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં જઇને કરવાની કામગીરી કે પ્રવૃત્તિઓ માટે કેવી પ્રયુક્તિઓ હોઇ શકે તેમાં સમાજકાર્યના કયા જ્ઞાનને જોડીને પ્રત્યક્ષકાર્ય કરવું તેની જાણકારી આ મુદ્દામાં આપવામાં આવી છે. જેમાં તમને મુલાકાતની પ્રયુક્તિઓ, સહભાગી સ્લમ વિસ્તારની ચકાસળીની પ્રયુક્તિઓ અને સમાજકાર્યના મૂલ્યો, સિધ્ધાંતો, ભૂમિકા, સમસ્યા ઓળખની પ્રક્રિયા અને કુશળતાઓ અંગેની જાણકારી મળશે.

### ૧.૪.૧ મુલાકાત :-

## ૧) રચિત મુલાકાત :-

રચિત મુલાકાત અગાઉથી પ્રમાણભૂત થયેલા ચોક્કસ પ્રશ્નો લઈને મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવે છે. આ પ્રકારની મુલાકાતમાં સમગ્રદારે તમારા હાથમાં હોય છે. આ પ્રકારની મુલાકાત દ્વારા તમને જે પ્રકારની માહિતી જોઈએ છે તે મળે છે. તેમજ તેનું પૃથ્થકરણ અને અર્થઘટન કાર્ય સરળ બને છે.

## ૨) અરચિત મુલાકાત :-

અહિંયા તમારે પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની છે. પરિસ્થિતિ પ્રમાણેનું અનુકૂલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો યોજી શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.

- **<u>મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની બાબતો :-</u>**

૧) ક્ષેત્રકાર્યમાં મુલાકાતનો હેતુ અને કેવી જાણકારી મેળવવાની છે તે પ્રથમ સ્પષ્ટ કરી લેવું જોઇએ.
૨) ક્ષેત્રકાર્યના હેતુઓ અનુરૂપ મુલાકાતનો પ્રકાર અને મુલાકાત નક્કી કરવી જોઇએ.
૩) જરૂરી માહિતી વ્યવસ્થિત રીતે મળે તે માટે સ્પષ્ટ રૂપરેખા તૈયાર કરવી.
૪) પૂર્વસંમતિથી અને મુલાકાત આપનારની સગવડ પ્રમાણે મુલાકાતનો સમય ગોઠવવો જોઇએ.
૫) પ્રાપ્ત માહિતીની નોંધ કઇ રીતે લેવાની છે, તે અંગે પૂરતી પૂર્વતૈયારી કરી લેવી જોઇએ.
૬) માહિતી આપનારનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરતા તેની સાથે તાદત્મ્ય કેળવવું.
૭) માહિતી આપનારને શાંતિથી અને રસપૂર્વક સાંભળવા.
૮) સામાન્ય જાણકારીથી શરૂઆત કરીને પછી અઘરી જાણકારી મેળવવી જોઇએ.
૯) મુલાકાત આપનારને કંટાળો લાગે ત્યારે મુલાકાત પડતી મુકવી જોઇએ.

## ૧.૪.૨ ફોકસ ગ્રૂપ ડીસ્કસન (FGD) કેન્દ્રવર્તી જૂથ ચર્ચા :-

ક્ષેત્રકાર્ય શહેરી - સ્લમ વિસ્તારમાં જઇને કરવાની કામગીરી છે. અને તેના માટે જરૂરી માહિતી હોવી જરૂરી છે. સ્લમ વિસ્તારમાં રહેલા તમામ વસાહતીઓની, સામાજિક સમસ્યાઓ, ભૌતિક સમસ્યાઓ, તેઓનું આર્થિક રોજગારીના સ્ત્રોતો, શૈક્ષણિક સામાજિક ગતિશીલતા વગેરેનો અભ્યાસ કરવો જરૂરી બને છે. જેના માટે માહિતી મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. જેમાં  પ્રાથમિક માહિતી - જે આંકડાકીય રીતે માહિતી ઉપલબ્ધ હોય છે જે નગરની, વોર્ડની કે કસ્બાની કચેરીમાંથી તેની માહિતી મળતી હોય છે મળતી માહિતીમાંથી તે મુદ્દાઓને મુખ્ય ગણીને તેની ખરાઇ કરવાના (સાચા તથા ખોટાની પરખ માટે) અસરકારકતાં જૂથ સાથે બેસીને વ્યક્તિગત અથવા સામૂહિક પ્રશ્નોના ઉકેલની દિશા માટેનું પણ આ પગથીયું છે. અહીંયા પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની હોય છે. મુદ્દાઓ ભલે

નિશ્ચિત હોય પરંતુ પરિસ્થિત પ્રમાણેનું અનુકૂલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો પણ લઇ શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.

**૧.૪.૩ નિરીક્ષણ :-**

નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશેની માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વાસ્તવિક ઘટના કે પરિસ્થિતિ સમગ્રપણે નિકટથી અને હતુપૂર્વક જોવી તે નિરીક્ષણ કહેવાય. આ નિરીક્ષણના બે પ્રકાર

૧) સહભાગી નિરીક્ષણ

૨) અસહભાગી નિરીક્ષણ

સહભાગી નિરીક્ષણમાં તમારે સ્લમમાં લોકો સાથે ભળી જઇને તેમની પ્રવૃત્તિઓમાં સહભાગી બનીને નિરીક્ષણ કરવાનું છે. આમાં તમારે સ્લમ વિસ્તારનાં સભ્ય તરીકે અને ક્ષેત્રકાર્યના વિદ્યાર્થી એમ બે ભૂમિકા ભજવવાની છે.

અસહભાગી નિરીક્ષણ તમને સ્લમ વિસ્તારમાં બનતી ઘટનાઓ, બનાવો, ભૌતિક પરિસ્થિતિ, જન્મ, લગ્ન, મરણની વિધિઓ વગેરેની જાણકારી મેળવવામાં મદદરૂપ થાય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે કેટલીક પરિસ્થિતિમાં સહભાગી તો કયારેક અસહભાગી નિરીક્ષણની મદદથી સ્લમ વિસ્તારની પરિસ્થિતિ અને જરૂરી જાણકારી - સમજ મેળવવી.

**૧.૪.૪ સર્વેક્ષણ :-**

નગર સમાજશાસ્ત્રની શરૂઆતથી જ નાગરી પર્યાવરણ અને નગર સમુદાયોના સર્વેક્ષણાત્મક અભ્યાસોને પ્રાધાન્ય મળ્યું છે. પ્રારંભના તબક્કામાં એવા અભ્યાસો મુખ્યત્વે નગરજીવનની સુધારણાના લક્ષ્ય સાથે સંકળાયેલા હતા. આ પધ્ધતિની મદદ વડે નગર સમુદાય અગર તો નાગરી જીવનની કોઇ પણ બાબતને લગતા આંકડાઓ અને હકીકતદર્શી માહિતી એકઠી કરવામાં આવે છે, અને જે એકઠી થયેલી માહિતી હોય છે તેનું સરળ વર્ગીકરણની મદદથી વર્ણનાત્મક આલેખન થાય છે. કેટલીક વખતે જે તે અભ્યાસ સાથે સંકળાયેલી ઘટનાને લગતી હકીકતદર્શી માહિતીને આધારે તેના લક્ષણો પણ તારવવામાં આવે છે. આ પધ્ધતિથી થતાં સંશોધનો સૈદ્ધાંતિક ધારણાઓ ઉપર આધારિત ન હોવાથી મોટા ભાગે તે નાગરી માળખાની સર્વસામાન્ય એવી સમજૂતી આપવામાં સમર્થ હોતા નથી. તેથી હવે નગર સમાજશાસ્ત્રીઓ નગર અને નગરજીવનની વાસ્તવિક પરિસ્થિતિઓને લગતી માહિતી પૂર્વ પરિભાષિત ખ્યાલો (પ્રિડિફાઇન્ડ ઓબ્જેકિટવસ) અને ધારણાઓના સંદર્ભમાં એકઠા કરવાનું વધુ ઉપયોગી જણાવે છે. જો કે સર્વેક્ષણ પધ્ધતિની મદદ વડે એકઠા કરાયેલા આંકડાઓ અને માહિતીનું આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓથી વિશ્લેષણ કરી ઉચિત અર્થઘટન કરવામાં આવે તો વધુ

અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરી શકાય છે. આ દિશામાં રોબર્ટ થાર્ક, બર્ગેસ અને બોગાર્ડસનો ફાળો ખૂબ જ અગત્યનો રહ્યો છે. બોગાર્ડસ તો આગળ જઈને સામાજિક અંતર માપન અર્થે તેમના નામથી ઓળખાતો "બોગાર્ડસ સ્કેલ" પણ વિકસાવ્યો. બોગર્સે પણ સર્વેક્ષણ પધ્ધતિ એકઠા કરેલા આંકડાઓના આંકડાશાસ્ત્રીય માપનમાં ખૂબ રસ દર્શાવ્યો છે, કારણ કે તેઓ માનતા હતા કે નગર સમુદાયો અને નાગરી જીવનને લગતા હકીકતદર્શી આંકડાઓનું આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓથી માપન કરીને વિશ્વસનીય આગાહી અને સુધારણા માટેના અસરકારક પગલાં સૂચવવામાં ખૂબ મદદ રહે છે.

### ૧.૪.૫ પરિસ્થિતિ શાસ્ત્રીય પધ્ધતિ :-

નગર સમાજશાસ્ત્રમાં પરિસ્થિતિશાસ્ત્રીય પધ્ધતિથી થતા અભ્યાસોમાં "કુદરતી વિસ્તારો" નો ખ્યાલ કેન્દ્ર સ્થાને હોય છે. નગર સમુદાય તેની બાંધણીમાં એક બીજાથી ભિન્ન એવા અનેક કુદરતી રીતે વિકસેલા વિસ્તારોનો રચાયેલો હોય છે. એવો દરેકે દરેક વિસ્તાર તેના રહીશો, સંસ્થાકીય ક્રિયાઓ, ભૌતિક લાક્ષણિકતાઓ, જીવન ધોરણો, ભાવાત્મક બાબતો અને પરંપરાઓ વગેરેના સંદર્ભોમાં પરિસ્થિતિશાસ્ત્રીય પધ્ધતિનાં સંશોધનો માટે ઉચિત આધાર પ્રદાન કરે છે. મોટે ભાગે નગર સમુદાયની બાંધણીમાં રહેલા આ વિસ્તારો એકબીજાથી ભિન્ન પડતા હોય છે. આ હકીકત પાછળનું પ્રમુખ કારણ એ હોય છે કે નગરના આયોજન વિનાના કુદરતી વિકાસમાં પણ એક દોર રહેલો હોય છે તેવી નગર વિકાસની પ્રક્રિયામાં ઔદ્યોગિક વેપારિક વસાહતો અને શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના વર્ચસ્વ ધરાવતા ભિન્ન વિસ્તારો સ્વાભાવિક રીતે જ ઉપસી આવે છે. પોલિન યંગ કહે છે કે "આ કુદરતી વિસ્તારો નગર આયોજનનું પરિણામ હોતા નથી પણ નગર વિકાસના ઉદ્દભવતા સ્વરૂપનાં ગત્યાત્મક પાસાંના ્ક ભાગ રૂપે અસ્તિત્વમાં આવે છે." એટલે કે એવા વિસ્તારો જે તે નગરની ભૌતિક પરિસ્થિતિઓ સાથેના સમાયોજનની પ્રક્રિયા દરમિયાન વિકસતા હોય છે. પરિસ્થિતિ શાસ્ત્રીય પધ્ધતિથી થતા નગર સમુદાયોના અભ્યાસમાં આ ધારણા કેન્દ્રસ્થાને હોય છે. આ પધ્ધતિ વડે નગરની આંતરિક રચના અને વિકાસની પ્રક્રિયા દરમિયાન તેમાં આવતા ફેરફારોનો અભ્યાસ થાય છે. વળી, ગ્રામ અને નગર સમુદાયો વચ્ચેના તફાવતો નગરના જુદા - જુદા વિસ્તારોના સ્થળકીય વિસ્તરણની લાક્ષણિકતાઓ અને નગર સમુદાયનો વર્ચસ્વ પ્રદેશ દર્શાવવામાં પણ આ પધ્ધતિ ઉપયોગી થાય છે.

### ૧.૪.૬ વસ્તીશાસ્ત્રીય પધ્ધતિ :-

વસ્તીશાસ્ત્રીય પધ્ધતિથી થતા સંશોધનોમાં નગરની વસ્તીના બંધારણ, વસ્તીનું કદ, જન્મદર, મૃત્યુદર, અને સ્થળાંતર વગેરેનો સંદર્ભમાં નગર સમુદાયોનો અભ્યાસ થાય છે. વળી, વસ્તીની વૃધ્ધિના પ્રવાહો તપાસી નગર સમુદાયોમાં આવતા પરિવર્તનોની દિશા જાણવવાના પ્રયાસો પણ થાય છે. આ પધ્ધતિ વડે નાગરી વસ્તી વૃધ્ધિ મુખ્યત્વે ત્રણ સ્ત્રોતોથી તપાસવામાં આવે છે.

૧) કુદરતી વૃધ્ધિ
૨) સ્થળાંતર અને

૩)　　પુનઃ વર્ગીકરણ

કુદરતી વૃધ્ધિ ત્યારે શકય બને છે, જયારે કે જે નગરમાં મૃત્યુ દરથી જન્મ દર ઉચો હોય છે.

સ્થાળાંતરથી વસ્તી ત્યારેજ વધે છે, જયારે નગરમાં સ્થળાંતર કરીને આવનારા લોકોની સંસ્થા નગર છોડીને અન્યત્ર જનારા લોકો કરતા વધારે હોય છે, અને

પુનઃવર્ગીકરણ મારફતે નગરની વસ્તી ત્યારે વધે છે, જયારે ગ્રામ તરીકે નોંધાયેલ સમુદાયોને નગરમાં સમાવી લઇને નગરના ભાગ તરીકે ગણવાનું શરૂ થાય છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં ખાસ કરીને વિકસતા સમાજોમાં નગરોની વાસ્તીની વૃધ્ધિ મોટા ભાગે નગર તરફી સ્થળાંતરને કારણે થઇ રહી છે. પ્રસ્તુત પધ્ધતિની મદદથી નગર સમુદાયોના અભ્યાસોમાં આંકડાશાસ્ત્રીય રીતોથી વિશ્લેષણ કેન્દ્ર સ્થાને હોય છે. એટલે કે વિવિધ આંકડાશાસ્ત્રીય રીતોનો ઉપયોગ કરી નગરની વસ્તીને લગતા લક્ષણો અને નગરના વસ્તી વિષયક બંધારણ આવતા પરિવર્તનનો વ્યાપ અને તેની દિશા તપાસવામાં આવે છે. વળી, વસ્તીની વૃધ્ધિની જીવન ધોરણ ઉપર પડતી અસરોનું પણ માપન થાય છે. તે ઉપરાંત પ્રજાતિ, જ્ઞાતિ, લગ્ન વિષયક દરજ્જો, જન્મસ્થળ, વ્યવસાય, આવક, શિક્ષણ વગેરેના પરિવર્ત્યો વડે પણ નગરની વસ્તીનું વિશ્લેષણ કરવામાં આવે છે. એવાં સંશોધનોમાં મુખ્યત્વે વસ્તી ગણતરી વડે એકઠા થયેલા આંકડાઓ ઉપર આધાર રાખવો પડે છે. તેથી આ પધ્ધતિ વડે તારવેલા તારણો મોટે ભાગે દ્વૈતીયિક માહિતી ઉપર આધાર રાખે છે. એવી માહિતીની વિશ્વસનિયતા અને પ્રામાણિકતા તપાસી અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરવા ઘણી અગત્યની બાબત હોય છે. કેટલાક વિદ્વાનો એવું માને છે કે વસ્તીશાસ્ત્રીય સંશોધન પધ્ધતિમાં, આંકડાઓમાં અને આંકડાશાસ્ત્રીય રીતોને એટલું વધારે પ્રાધાન્ય મળી જતું હોય છે કે સીધી રીતે દેખાતી વાસ્તવિકતાઓ પણ આંકડાઓની જાળમાં છુપાઇ જાય છે.

### ૧.૪.૭ ઐતિહાસિક પધ્ધતિ :-

નગર સમુદાયોના પધ્ધતિસરના સંશોધનોમાં ઐતિહાસિક પધ્ધતિ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. જો કે આ પધ્ધતિની મદદ વડે નગરને લગતા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણોમાં અનેક મર્યાદાઓ રહેલી છે. તેમ છતાં નગર વિકાસની ગુણાત્મક ઘટનાઓ અને તેમની અસરો સમજવામાં ઐતિહાસિક પધ્ધતિ પાયાનું મહત્ત્વ ધરાવે છે. હકીકતમાં કેટલાક વિદ્વાનો તો એવું પણ માને છે કે નગર વિકાસના ક્રમમાં વર્તમાન પરિસ્થિતિઓની અર્થબોધિત સમજૂતિ મેળવવામાં ઐતિહાસિક પધ્ધતિ ચાવી રૂપ થઇ રહે છે.

### ૧.૪.૮ તુલનાત્મક પધ્ધતિ :-

સમાજશાસ્ત્રીય સંશોધનોમાં તુલનાત્મક પધ્ધતિ પ્રયોગાત્મક સંશોધન પધ્ધતિની અગત્ય ધરાવે છે. આ પધ્ધતિની મદદથી સામાજિક પર્યાવરણની જટિલતા વચ્ચે પણ વિશ્વસનીય અને પધ્ધતિસર રીતે જુદી - જુદી ઉપકલ્પનાઓ અને ખ્યાલોનું પરીક્ષણ કરી શકાય છે. વળી એક પરિવર્ત્યની ક્રિયાશીલતાનો જુદી - જુદી પરિસ્થિતિઓ હેઠળ અભ્યાસ કરી ઉચિત સિધ્ધાંતો અને ખ્યાલો તારવવામાં પ્રસ્તુત પધ્ધતિની સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં આગવી ઉપયોગિતા રહેલી છે. આ અર્થમાં નગર સમાજશાસ્ત્રની સંશોધન પધ્ધતિઓમાં પણ

તુલનાત્મક પધ્ધતિનું ઘણું મહત્ત્વ રહેલું છે. સ્થળ અને કાળના ભેદ વિના માનવસમાજમાં નગરોનું અસ્તિત્વ માનવ ઇતિહાસ જેટલું જ જુનું ગણાવી શકાય છે. તેમ છતાં સમયે સમયે અને સ્થળે સ્થળે નગરોનું વર્ચસ્વ, કાર્યો, વસ્તીવિષયક બંધારણ વગેરે. સરખાં રહ્યો નથી. તુલનાત્મક અભ્યાસ પધ્ધતિની મદદથી સ્થળ અને કાળના સંદર્ભમાં નગર - નગર વચ્ચે રહેલી આધારભૂત સમરૂપતા અને તફાવતો તારવી શકાય છે. એવી માહિતી નગર સમુદાય અને નગર જીવનની વૈજ્ઞાનિક સમજૂતીમાં ખૂબ જ ઉપયોગી થઇ રહે છે. આધુનિક યુગની જ વાત કરીએ તો નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરો આજે વિશ્વવ્યાપી હોવા છતાં તેના પરિણામો સર્વસમાજોમાં એકસરખાં જોવા મળતાં નથી. વિકસતા સમાજોમાં નગરીકરણનાં પરિણામો વિકસિત સમાજોની તુલનામાં ભિન્ન પ્રકારના છે તેમજ વિકસતા સમાજોમાં પણ અંદરોઅંદર આ બાબતમાં સમરૂપતા જોવા મળતી નથી. એવી પરિસ્થિતિમાં તુલનાત્મક પધ્ધતિની મદદ વડે નાગરી પર્યાવરણ અને નગરીકરણની સાર્વત્રિક હોય તેવી સામાન્ય અસરો અને સ્થાનિક એવી વિશિષ્ટ પ્રકારની તારવી શકાય છે. એન્સલમ સ્ટ્રોસ નગર સમાજશાસ્ત્રના સંશોધનમાં તુલનાત્મક પધ્ધતિની ઉપયોગિતા દર્શાવતા કહે છે કે નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરોને લગતા વિશ્વસનીય સિધ્ધાંતીકરણ અર્થે તુલનાત્મક પધ્ધતિનો ઉપયોગ થવો જોઇએ. તેઓ કહે છે કે છુટક - છુટક ઘટનાઓના અભ્યાસોને સ્થાને ઉચિત તુલના કરી શકાય એવા બે નિદર્શનો ઉપયોગ કરી તે ઘટનાની પધ્ધતિસર સમજૂતી હાંસલ કરવી જોઇએ. આ જ રીતે ફિલીપ હાઉઝર પણ નગર સમાજશાસ્ત્રની સંશોધન પધ્ધતિઓમાં તુલનાત્મક સંશોધન પધ્ધતિની ખાસ અગત્ય દર્શાવે છે. તેઓ કહે છે કે વિશેષ કરીને વિશ્વના અર્ધવિકસીત સમાજોની પ્રગતિ અર્થે તુલનાત્મક દૃષ્ટિબિંદુથી ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરોનું મખન અને દિશા સમજવી ખૂબ જ જરૂરી છે.

**૧.૪.૯ સહભાગી સ્લમ વિસ્તારની ચકાસણીની પધ્ધતિઓ :-**

સહભાગી સ્લમની ચકાસણી (PRA) થી સ્થાનિક લોકો પોતાના જીવનના અનુભવો, જ્ઞાન અને પરિસ્થિતિ વિશેની સમજણને એકબીજા સાથે ચર્ચા વિચારણા કરી, તેમાં સુધારા - વધારા કે પરિવર્તન લાવવાની કાર્યક્ષમતાને સારી રીતે ઓળખતા થાય છે. અહિંયા તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પી.આર.એ. ના માધ્યમથી લોકોને પોતાના સ્લમ વિસ્તારનો ઉપરોકત મુજબના મુદ્દાઓની પરિચય કરાવતા કરાવતા તમારે પરિચય મેળવવાનો છે. સમાજકાર્ય વૃતાંતના એકમનું અને ૪ માં અપાયેલી જાણકારી અને સમાજને મેળવવામાં પી.આર.એની નીચે મુજબની પધ્ધતિઓ ઉપયોગી બનશે.

૧) સહભાગી નકશા બનાવવા (Mapping)
૨) દિન ચર્ચા (Daily Work)
૩) સમય રેખા (Timeline)
૪) ઋતુચક્ર (Seasonal Cycle)
૫) ગુણાંકન અને અગ્રતાક્રમ (Ranking and Matrix)
૬) ગોળ રેખાકૃતિ (Pie chart / Chapatti Diagram)

૭) સંપતિ અથવા સુખાકારીનો નિશ્ચિત ક્રમ (Wealther Ranking)

૮) વેન રેખાકૃતિ (Venn Diagram)

૯) જોડાણ દર્શાવતી રેખાકૃતિ(Linkage Diagram)

૧૦) ઐતિહાસિક અવલોકન (Historical Diagram)

૧૧) પદચલન(Transect Walk)

**-પીઆરએની પ્રક્રિયા સમયે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો.**

૧) આરામપ્રદ સ્થળ અને સમયની પસંદગી કરો, જરૂરી સાધન સામગ્રી સાથે રાખો.

૨) બધા લોકો / જૂથો પ્રક્રિયામાં જોડાય તેવા પ્રયત્નો કરી અને પ્રક્રિયા સતત ગતિશીલ રહે તે માટે પ્રયત્નશીલ રહો.

૩) લોકોને પોતાની વાત કહેવાની તક અને સમય આપતા સતત અવલોકન કરતાં રહો.

૪) લોકો પાસેથી અને લોકો સાથે રહી શીખવું તેમજ લોકોને પ્રક્રિયાની જવાબદારી સત્તા અધિકાર સોંપવા.

૫) લોકોની સાથે વિશ્વસનીય વાતાવરણ ઉભું કરતાં તેઓ કરી શકે તેવું આશ્વાસન, પ્રોત્સાહન અને વિશ્વાસ આપતા રહો.

૬) પીઆરએ માટે એક ટીમ બનાવો અને ટીમની મદદથી જ પીઆરએ કરાવો.

૭) પ્રક્રિયાનું વિગતવાર દસ્તાવેજીકરણ કરવું.

**સત્ર - ૨માં ક્ષેત્રકાર્યમાં સમાજકાર્ય જ્ઞાનનો ઉપયોગ :-**

તમે સમાજકાર્ય પારંગત સત્ર - ૨ માં સમાજકાર્યની વિચારધારા કોર્સનો અભ્યાસ કરો છો. આ કોર્સમાં જણાવેલ સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ તમારે તમારા ક્ષેત્રકાર્યમાં કરવાનો છે. જે અંગે નીચેના કોષ્ટકની જાણકારી ઉપયોગી બનશે.

| **સમાજકાર્ય મૂલ્યો** | **સમાજકાર્યની કુશળતા** |
|---|---|
| ૧) પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે તેનું ગૌરવ થવું જોઈએ. | ૧) સંબંધ સ્થાપન કુશળતા |
| ૨) સામાજિક ન્યાય | ૨) શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા |
| ૩) સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી | ૩) પ્રશ્ન પૂછવાની કુશળતા |
| ૪) લોકશાહી મૂલ્યો | ૪) સ્પષ્ટતા મેળવવાની કુશળતા |
| ૫) સમાજકાર્યના સિધ્ધાંતો | ૫) લાગણીને પ્રતિલિંબિત કરવાની કુશળતા |
| ૧) સ્વીકૃતિનો સિધ્ધાંતો | ૬) વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા |

| | |
|---|---|
| ૨) વૈયક્તિકીકરણનો સિધ્ધાંત | ૭) કામચલાઉ આકારાની કરવાની કુશળતા |
| ૩) પ્રત્યાયન | ૮) મુદ્દો / સમસ્યાને પ્રતિલિંબિત કરવી. |
| ૪) ગોપનીયતા | |
| સમાજકાર્યના મૂલ્યો | સમાજ કાર્યની કુશળતાઓ |
| સમસ્યા ઓળખતી પ્રક્રિયા | ૯) સમસ્યાને ઓળખવાની કુશળતા |
| નિરીક્ષણ | ૧૦) મૂલ્યાંકનની કુશળતા |
| મુલાકાત | ૧૧) પ્રત્યાયનની કુશળતા |
| ચર્ચા | ૧૨) મુલાકાતની કુશળતા |
| અભ્યાસ | ૧૩) અહેવાલ લેખનની કુશળતા |
| | સમાજકાર્યની ભૂમિકા |
| | ૧) સધન સંપર્કની ભૂમિકા |
| | ૨) સંશોધકની ભૂમિકા |

**આપની પ્રગતિ ચકાસો :-**

૧) ક્ષેત્રકાર્યમાં મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની મહત્ત્વની પાંચ બાબતો જણાવો.

૨) પી.આર.એ. ની પધ્ધતિઓ જણાવો.

૩) સમાજકાર્યની સત્ર - ૨ ના ક્ષેત્રકાર્યમાં ઉપયોગી કુશળતાઓ જણાવો.

| **ક્રમ** | **ટેકનીક કે પધ્ધતિ** | **ક્યારે** | **હેતુ અને કામગીરી** |
|---|---|---|---|
| ૧) | વ્યક્તિગત પરિષદ (Individual onterence) | દર પંદર દિવસે | - વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપવું.<br>- તેની ક્ષમતાઓ ચકાસવી.<br>- ક્ષેત્રકાર્યની પ્રક્રિયાને સમજવી.<br>- વિદ્યાર્થીની મર્યાદાઓને ઓળખીને તેમાં મદદ કરવી<br>- વિદ્યાર્થીની અભ્યાસ પ્રક્રિયાને સમજતા આ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી સમાજકાર્યની વિચારધારા, સિધ્ધાંતો, પધ્ધતિ કે ટેકનીકનો ઉપયોગ કરતાં તેનામાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો.<br>- વિદ્યાર્થી અને સુપરવાઇઝર વચ્ચે વ્યાવસાયિક સંબંધો વિકસાવતા વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં |

વધારો કરવો.

૨) જૂથ પરિષદ (Group Confernece) — દર મહિને
- વિદ્યાર્થીઓ વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવું
- જૂથમાં ક્ષેત્રકાર્યના માધ્યમથી વ્યાવહારિક જ્ઞાનનો વિકાસ કરવો અને એક બીજામાંથી શીખવું.
- વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય સંબંધમાં એકબીજા વચ્ચે મદદ અને સહકાર મેળવે.
- જૂથના દરેક સભ્યો વચ્ચેની આંતરક્રિયાના માધ્યમથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વિકસાવવો

૩) સીધી સૂચના કે ક્ષેત્રકાર્ય મુલાકાત (Spot Instruction) — બે મહિનામાં
- સુપરવાઇઝરે વિદ્યાર્થીના ગ્રામીણ ક્ષેત્રકાર્યની સીધી મુલાકાત એકવાર લઇ વ્યાવહારિક સ્થિતિમાં શીખવામાં મદદ કરવી.
- વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય સંબંધિત સૂચનાઓ મુલાકાત દરમિયાન આપવી.
- વિદ્યાર્થીની ક્ષેત્રકાર્ય કામગીરી પધ્ધતિસર અને વૈજ્ઞાનિક ઢબની બને તેવી ક્ષમતા વિકસાવવી.

૪) ક્ષેત્રકાર્ય સેમીનાર (Fieldwork Seminar) — સત્રના મધ્ય ભાગમા
- વિદ્યાર્થીમાં રજૂઆતની કુશળતા વિકસાવવી.
- વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય કામગીરીની રજૂઆત કરતા શીખવવું.
- વિદ્યાર્થી રજૂઆતની કળા શીખે તેમજ સ્ટેજ ફીયર દૂર કરી તેનો આત્મવિશ્વાસ વધારવો.

સુપરવિઝનમાં ઉપરોક્ત ટેકનીક કે પધ્ધતિઓનો ઉપયોગ કરી ક્ષેત્રકાર્ય સંબંધિત સલાહ, સૂચન, માર્ગદર્શન, દિશા - નિર્દેશનની મદદ દ્વારા તમારી ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવે છે.

**૧.૫ ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન :-**

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન આગવું મહત્ત્વ ધરાવે છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન કામગીરીની નબળાઇ પણ રહેતી હોય છે. તેથી આ બાબતોથી વાકેફ થઇ તમારે

ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનમાં દૂરવર્તી અભ્યાસ હોવાથી દૈનિક કે કલાકોમાં દર પાંચ કલાકની કામગીરી પ્રમાણેનો અહેવાલ અને સત્રાંત અહેવાલ લેખન કરવું.

**૧.૫.૧ ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ :-**

૧) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન એ એક પૂરાવા કે સાબિતિ તરીકે ઉપયોગી છે.

૨) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન તમને પ્રત્યક્ષકાર્ય દરમિયાન રહી જતી મર્યાદાઓ અને વધારે સારું શું કરી શકાય જેનાથી મર્યાદાઓ ઓછી કરી શકાય તેનું દર્શન કરાવે છે.

૩) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી મળેલ માહિતિનું વર્ગીકરણ, પૃથ્થકરણ કરવું સહેલું બને છે.

૪) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન દ્વારા સમાજકાર્ય જ્ઞાન અને ક્ષેત્રકાર્યમાં તેનો અમલ વગેરે બાબતોની સમજણમાં વધારો થાય છે.

૫) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી તમને માર્ગદર્શન આપવામાં સુપરવાઇઝરને યોગ્ય મદદ મળે છે.

૬) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી લોકોની સમસ્યાઓના સંદર્ભમાં તમે એક તારણ ઉપર આવી શકો છો, તેમજ આ માહિતીના આધાર પર તમને ઉકેલની પ્રક્રિયા કરવામાં મદદ મળે છે.

**આ અહેવાલ લેખનના માળખાની વિગતવાર જાણકારી તમને નીચેના મુદ્દાઓમાં મળશે.**

**૧.૫.૧ દૈનિક કે કલાક અહેવાલ :-**

તમારે સમાજકાર્ય સત્ર - ૨ માં સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમિયાન નીચે મુજબના માળખામાં દૈનિક કે કલાક અહેવાલ બનાવી સુપરવાઇઝરને નિયમિત મૂલ્યાંકન માટે બતાવવા અને સત્રના અંતે યુનિવર્સિટીમાં જમા કરાવવા.

<u>**દૈનિક કે કલાક અહેવાલ લેખનનું માળખું**</u>

અહેવાલ નંબર :- ........................
તારીખ :- .........................
વાર :- ........................
સમય :- ........................
સ્થળ :- .........................

વિદ્યાર્થીનું નામ :- .........................
માર્ગદર્શકનું નામ :- .........................

ક્ષેત્રકાર્યનો હેતુ :- (અહીંયા જે દિવસે તમે ક્ષેત્રકાર્યમાં જાવ છો તે દિવસ પૂરતો હેતું લખવો.)

કાર્ય પ્રક્રિયા :- (તમે ક્ષેત્રકાર્યમાં જઇને જે પણ કંઇ જાણકારી, સમજ, વાર્તાલાપ કરો છો તેનો વિગતવાર અહેવાલ)

મુલાકાત લીધેલા વ્યક્તિઓ :- (તમે ક્ષેત્રકાર્ય દરમિયાન જે વ્યક્તિઓને મળ્યા હોય તે વ્યક્તિઓના નામ લખવા)

સ્વ-મૂલ્યાંકન :- (તમે ક્ષેત્રકાર્યમાં જે પ્રવૃત્તિ / કામગીરી કરી તેમાં સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ, તમને મળેલ નવી જાણકારી, સમજ, વિકસેલ કુશળતા, થયેલ સારો કે ખરાબ અનુભવ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સ્વમૂલ્યાંકન કરવાનું છે.

ભાવિ આયોજન :- (આજના દિવસ કે કલાકોની ક્ષેત્રકાર્ય કામગીરી / પ્રવૃત્તિના આધારે બાકી રહેતી કે નવી જાણકારી કે સમજના સંદર્ભમાં હવે પછીના દિવસ કે કલાકોમાં ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં શું કરવાના છો તેને જણાવતા ભાવિ આયોજન બનાવવું.)

**૧.૫.૨ સત્રાંત અહેવાલ :-**

તમારે સમાજકાર્ય સત્ર - ૨ ના અંતે ગ્રામીણ ક્ષેત્રકાર્યનો નીચે મુજબ માળખામાં સત્રાંત અહેવાલ બનાવી સુપરવાઇઝરને જમા કરાવવો.

**સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્ય સત્રાંત અહેવાલ માળખું :-**

સ્લમના ક્ષેત્રકાર્યનો સમયગાળો :-

તારીખ :- ................ થી તારીખ :- ....................

- વિદ્યાર્થીનું નામ :-

  સમાજકાર્ય પારંગત સત્ર - ૨
- પરીક્ષા નંબર :-
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું નામ :-
- માર્ગદર્શકનું નામ :-

.................. સેન્ટર

.................. વિભાગ

.................. મહા વિદ્યાલય.

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજય, અમદાવાદ.

વર્ષ :- ................

વિદ્યાર્થીઓ પરિચય :- (એક પાનામાં લખવો.)

અ) પૂરું નામ :-

બ) જન્મ તારીખ અને સ્થળ :-

ક) વતન અને રહેઠાણનું સરનામું :-

ડ) કુટુંબની આવકનો સ્ત્રોત :-

ઈ) મહત્ત્વ શૈક્ષણિક લાયકાત :- ડિગ્રી ................, મુખ્ય વિષય :- ..................

એફ) સમાજકાર્યમાં જોડાવાની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી :- .......................

જી) રસ અને શોધના ક્ષેત્રો :-

એફ) પુસ્તકોનું વાંચન

૧) અભ્યાસ સુધીમાં વાંચેલા પુસ્તકોની યાદી

૨) સત્ર - ૨ દરમિયાન વાંચેલા પુસ્તકોની યાદી

(લેખનનું નામ, પ્રકાશન વર્ષ, પુસ્તકનું નામ, પ્રકાશકનું નામ અને સ્થળ)

૧) પ્રસ્તાવના :-

૨) સત્ર - ૨ ના ક્ષેત્રકાર્ય હેતુઓ :-

૩) ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખનનું મહત્ત્વ :- (દૈનિક કે કલાકો અને સત્રાંત બંન્ને અહેવાલને ધ્યાનમાં રાખીને મુદ્દાસર લખવું)

૪) સ્લમ વિસ્તારનું નામ અને સરનામું :- સ્લમ વિસ્તાર સુધી પહોંચવાના વિકલ્પો. (દા.ત. સ્થાનિક વાહન, ઓટો રીક્ષા, એસ.ટી. વગેરે...)

૫) સ્લમ વિસ્તારનો ઈતિહાસ :- સ્લમ વિસ્તારનું નામ, જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય, ઐતિહાસિક સ્થાન વગેરે.

૬) ભૌગોલિક સ્થાન :- દિશા, નકશો, જિલ્લા અને તાલુકાથી અંતર વગેરે.....

૭) સ્લમ વિસ્તારની વસ્તિનું વિશ્લેષણ :- (જાણકારીને કોષ્ટક, આલેખ, ચિત્રના માધ્યમથી મૂકી શકાય.) કુલ વસ્તી, બાળકો. સ્ત્રી - પુરુષ પ્રમાણે, જ્ઞાતિ પ્રમાણે, ધર્મ પ્રમાણે, શિક્ષણ પ્રમાણે, વ્યવસાય

પ્રમાણે, મજૂરી પ્રમાણે, ખેત મજૂરી ઉદ્યોગોમાં મજૂરી, અન્ય મજૂરી), નોકરિયાત પ્રમાણે, આર્થિક સ્થિતિ પ્રમાણે, (એપીએલ, બીપીએલ, સંત્યોદય, અન્ય) જમીન માલિકી પ્રમાણે બહારથી સ્થળાંતરિત પ્રમાણે વગેરે....

૮) સ્લમ વિસ્તારમાં ભૌતિક સુવિધા - સગવડતાઓ અને તેની સ્થિતિનું વર્ણન : (નકશો બનાવીને મૂકવો અને દરેકની વિગતવાર જાણકારી આપવી.) વ. પોસ્ટ, વિજળી, બેંક, રસ્તા, વાહન - વ્યવહાર, સરકારી

- ખાનગી, બજાર, દુકાનો, સ્ટ્રીટ લાઇટ, શાળા, દવાખાનું, પાણીની વ્યવસ્થાના સાધનો, આંગણવાડી,

જાહેર વિતરણ વ્યવસ્થા (પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર) વગેરે..

૯) ગામના કુદરતી સંશાધનોની સ્થિતિ અને તેના વિશ્લેષણનું વર્ણન :- (નકશો મૂકી શકાય, દરેક સંશાધનની

સમજૂતી ગામના લોકોના જીવનમાં ઉપયોગિતા અને આજીવિકાના સાધન તરીકે રહેલો સંબંધ સ્પષ્ટ કરવો જોઇએ.)

અ) જમીન : પ્રકાર, ઉપયોગો, ઉત્પાદકતા, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

બ) જળ : પ્રકાર, ઉપયોગો, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

ક) જંગલ : પ્રકાર ઉપયોગો, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

ડ) જાનવર : પ્રકાર ઉપયોગો, ઉત્પાદન, ઉત્પાદકતા, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

૧૦) સ્લમમાં ઔદ્યોગિકરણ અને તેની અસરો (હકારાત્મક અને નકારાત્મક) : (નકશો મૂકી શકાય. ઔદ્યોગિકરણને સ્લમ વિસ્તારના લોકો સાથેના સંબંધને સ્પષ્ટ કરતાં સમજાવવું જોઇએ.) ઉપયોગોના પ્રકારો, સામાજિક અસરો, આર્થિક અસરો. ....

૧૧) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં કાર્યરત મંડળો અને સ્વૈચ્છીક સંસ્થાઓનો પરિચય :-

અ) મંડળો : મહિલા મંડળો, યુવક મંડળ, અન્ય મંડળોના પરિચયનાં સભ્યોની સંખ્યા અને નામો, હોદ્દેદારો, કામગીરી - પ્રવૃત્તિઓ, ફાયદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

બ) સ્લમ વિસ્તારમાં સ્વૈચ્છીક સંસ્થાના પરિચયમાં નામ, સ્થળ, પ્રકાર, વિસ્તારમાં સંસ્થા દ્વારા કરવામાં

આવતી કામગીરી - પ્રવૃત્તિઓ, ફાયદાઓ, મર્યાદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

૧૨) ક્ષેત્રકાર્ય સ્લમની સ્થિતિ અને સંસ્થાઓની કામગીરી :- (આંકડાકીય જાણકારીને કોષ્ટક, આલેખમાં અને

નકશો, ચિત્રોનો ઉપયોગ કરી વર્ણનાત્મક જાણકારી આપવી.)

અ) સ્લમ વિસ્તારની શૈક્ષણિક સ્થિતિ અને શૈક્ષણિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

બ) સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ અને સામાજિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

ક) સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ અને આર્થિક સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા

ડ) સ્લમ વિસ્તારની આરોગ્ય સ્થિતિ અને આરોગ્ય સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા

ઇ) સ્લમ વિસ્તારથી રાજકીય સ્થિતિ અને રાજકીય સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા

૧૩) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની સમસ્યાઓ અને સમાજ કાર્યકર તરીકે ઓળખેલી હસ્તક્ષેપ જરૂરિયાત :-

(વર્ણનમાં આંકડાકીય જાણકારી, નકશો, આલેખો, ચિત્રોનો ઉપયોગ કરી શકાય.)

અ) સમાજકાર્યમાં સમસ્યા ઓળખની પ્રક્રિયા

બ) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ઓળખેલ સમસ્યાઓ અને દરમિયાનગીરીની જરૂરીયાત.

- સ્લમ વિસ્તારની શૈક્ષણિક સમસ્યાઓ, અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજ કાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ.
- સ્લમ વિસ્તારની સામાજિક સમસ્યાઓ અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપ પગલાંઓ.
- સ્લમ વિસ્તારની આર્થિક સમસ્યાઓ અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપ પગલાંઓ.
- સ્લમ વિસ્તારની આરોગ્ય સમસ્યાઓ અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપ પગલાંઓ.
- સ્લમ વિસ્તારની રાજકીય સમસ્યાઓ અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપ પગલાંઓ.

૧૪) ક્ષેત્રકાર્ય દરમિયાન લીધેલ સંસ્થા અને સરકારી વિભાગોની મુલાકાત : (દરેક સંસ્થા અને વિભાગ મુલાકાત

માટે અલગ અલગ લખવું)

અ) મુલાકાત હેતુ

બ) મુલાકાતથી મળેલ જાણકારીની અને પરિચય

ક) ક્ષેત્રકાર્યમાં મુલાકાત જાણકારી અને સંસ્થા કે વિભાગની ઉપયોગીતા

૧૫) સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યમાં ઉપયોગમાં લીધેલ સમાજકાર્યનું જ્ઞાન અને ઉપયોગીતા :-

(દરેક મુદ્દાઓને અલગ અલગ રીતે તમારા ક્ષેત્રકાર્ય અનુભવોના ઉદાહરણ સાથે સમજાવો.)

અ) સમાજકાર્યના સિધ્ધાંતોનો ઉપયોગ કર્યો.

બ) સમાજકાર્યની કુશળતાઓનો ઉપયોગ કર્યો.

ક) સમાજકાર્યની ભૂમિકાનો ઉપયોગ કર્યો.

ડ) સમાજકાર્યના મૂલ્યોનો ઉપગોક કર્યો.

૧૬) સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમિયાન થયેલા વિશિષ્ટ, નોંધનીય અનુભવો (મુદ્દાસર લખવું)

૧૭) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું સ્લમ વિકાસની દૃષ્ટિએ જીઉ્ વિશ્લેષણ.

(દરેક પાંચ મુદ્દાઓ જણાવવા)

| | |
|---|---|
| Strength - શક્તિ | Weakness – નબળાઇ / મર્યાદાઓ |
| Opportunity - તક | Threat - પડકારો |

૧૮) વ્યાવસાયિક સમાજ કાર્યકર તરીકે તમારું પોતાનું જીઉ્ વિશ્લેષણ.

(દરેક પાંચ મુદ્દાઓ જણાવવા)

| | |
|---|---|
| Strength - શક્તિ | Weakness – નબળાઇ / મર્યાદાઓ |
| Opportunity - તક | Threat - પડકારો |

૧૯) સ્લમ વિસ્તાર ક્ષેત્રકાર્યની દૃષ્ટિને ઉપયોગિતા

૨૦) સ્લમ વિસ્તાર ક્ષેત્રકાર્યમાં પડેલી મુશ્કેલીઓ અને સૂચનો

૨૧) સુપરવિઝનની જરૂરિયાત અને ઉપયોગિતા

૨૨)   સમયસારણી :- તારીખ, વાર, સમય, હેતુ અને તારણ (કામના દિવસો, કામના કલાકો, અહેવાલ લેખનના કલાકો, આવવા - જવાના કલાકો વગેરે બાબતોને આવરી લેતાં લખવું.

**મૌખિક પરીક્ષામાં મૂલ્યાંકન સમયે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી :-**

૧)   વિદ્યાર્થી કાર્યકર્તાએ પ્રથમ સત્રમાં જે રીતે ગ્રામ પંચાયત સાથે કાર્યક્ષેત્ર કર્યું તે જ રીતે બીજા સત્રના ક્ષેત્રકાર્ય માટે નજીકના કોઇ શહેર / તાલુકામાં સ્લમ વિસ્તાર પસંદ કરવાનો રહેશે.

૨)   વિદ્યાર્થી કાર્યકર્તાએ બીજા સત્રમાં સુપરવાઇઝરની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ, ક્ષેત્રકાર્ય માટે આવવા

- જવાનો અને અહેવાલ લેખનનો સમય બાદ કરતા કુલ ૧૫૦ કલાકનું ક્ષેત્રકાર્ય કકરવાનું રહેશે.

૩)   આ દૂરવર્તી શિક્ષણ પધ્ધતિ હોવાથી યુનિવર્સિટી તરફથી તમને ક્ષેત્રકાર્ય માટે કોઇ નક્કી વાર, સમય કહેવામાં આવતો નથી, પરંતુ વિદ્યાર્થી કાર્યકર્તાએ તેમની સમયની અનુકુળતા પ્રમાણે જાતે જ ક્ષેત્રકાર્યમાં

જવા માટેનું સમય પત્રક બનાવવાનું રહેશે. અને માર્ગદર્શક સાથે તેની ચર્ચા કરવી આવશ્યક છે. જેથી માર્ગદર્શક તમને મદદ - માર્ગદર્શક - દેખરેખ નિયંત્રણની કામગીરી માટે તેઓ પણ એક સમયપત્રક બનાવી શકે અને તમને યોગ્ય માર્ગદર્શક આપી શકે.

૪)   વિદ્યાર્થીએ આપવામાં આવેલ માળખા અનુસાર અહેવાલ લેખન કરીને યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત થયેલા

દસ્તાવેજીકરણનું મૂલ્યાંકન કરવું.

૫)   ક્ષેત્રકાર્યના, સુપરવિઝનના અહેવાલ લેખનના અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓને ધ્યાને રાખીને મૂલ્યાંકન

કરવું.

૬)   વિદ્યાર્થી સાથે ખૂબ ટેકનીકલ કે સૈદ્ધાંતિક બાબતોમાં વધુ ન જતા તેના વલણ, અભિમુખતા અને કુશળતામાં

આવેલ બદલાવને સમજવો.

૭) વિદ્યાર્થીઓની જૂથમાં મૌખિક પરીક્ષા ન લેતા વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરવું.

૮) ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન માટે કોઇ લેખિત પરીક્ષાનું આયોજન ન કરવું.

૯) ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન મૌખિક પરીક્ષા (VIVA) દ્વારા થશે. જેમાં આંતરિક મૂલ્યાંકન (ક્રેડિટ - ૫૦ માર્ક) અને બાહ્ય મૂલ્યાંકન (ક્રેડિટ ૫૦ માર્ક) થશે. તેમાં વિદ્યાર્થી કાર્યકરતી ક્ષેત્રકાર્યમાં નિયમિતતા, અહેવાલ લેખન (દૈનિક અને સત્રાંત અહેવાલ) અને ક્ષેત્રકાર્યમાં કરેલી કામગીરીને ધ્યાનમાં લઇને મૂલ્યાંકન કરવામાં આવશે.

**આપની પ્રગતિ ચકાસો**

૧) ક્ષેત્રકાર્યની અગત્યની પાંચ સૂચનાઓ જણાવો.

૨) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ જણાવો.

## ૧.૬ સ્લમ વિસ્તારની ક્ષેત્રકાર્ય ગોઠવણી :-

### ૧.૬.૧ પૂર્વ ચકાસણી પત્રક :-

આ પત્રકમાંના પ્રશ્નોનો હેતુ વિદ્યાર્થી કાર્યકરના જ્ઞાન, કુશળતા અને વલણની કસોટી લેવાનો છે. જે તમારા શૈક્ષણિક મૂલ્યાંકનનો ભાગ નથી. પરંતુ તમારામાં આવતા વ્યાવસાયિક બદલાવને સમજવા માટે જરૂરી છે.

**જ્ઞાન :-**

૧) સ્લમ એ કયા કારણે રચાય છે?

અ) ગરીબી　　બ) નિરક્ષરતા

ક) વસ્તી વધારો　　ડ) અન્ય

૨) સ્લમ ફકત મોટા શહેરોમાં જ હોય છે?

અ) હા　　બ) ના

ક) કહી ના શકાય

૩) એક સ્લમમાં કોઇ એક જ જ્ઞાતિના લોકો રહેતા હોય છે.

અ) સાચું　　બ) ખોટું

ક) ખબર નથી

૪) સ્લમના લોકોની આજીવિકાનો મુખ્ય સ્રોત કયો છે ?

અ) છુટક મજૂરી　　બ) નોકરી

ક) ધંધો ડ) અન્ય

૫) સ્લમમાં લોકો સૌથી વધુ પૈસા કયા ક્ષેત્રમાં વાપરે છે ?

અ) સામાજિક રીવાજ બ) શિક્ષણ

ક) વ્યસન ડ) અન્ય

**કુશળતા :-**

૧)_ સ્લમના ક્ષેત્રકાર્ય દરમિયાન કઇ કુશળતા મહત્ત્વની છે ?

અ) પ્રશ્નો પૂછવાની

બ) ધ્યાનથી સાંભળવાની

ક) સંબંધ સ્થાપવાની

ડ) અન્ય

૨) સ્લમના ક્ષેત્રકાર્યની દરમિયાન સમાજકાર્યનું કયું મૂલ્ય જાળવવું સૌથી વધુ મહત્ત્વું છે ?

અ) વ્યક્તિ ગૌરવ

બ) સામાજિક ન્યાય

ક) વ્યક્તિની વિકાસમાં ભાગીદારી

ડ) અન્ય...

૩) શું તમે જૂથના લોકોને સંબોધીને કોઇ વિષય પર બોલી શકો છો ?

અ) હા બ) ના

ક) પ્રયત્ન કર્યો નથી.

૪) શું તમે લોકો દ્વારા આડકતરી રીતે કહેવાતી સમસ્યાનું યોગ્ય અર્થઘટન કરી શકો છો ?

અ) હા બ) ના

ક) સમજ પડતી નથી. ડ) કયારેક

**વલણ :-**

૧) સ્લમના લોકોમાં વ્યસનનું પ્રમાણ વધુ હોય છે.

અ) સહમત બ) અસહમત

ક) કહી ના શકાય.

૨) સ્લમમાં ગંદકીનું પ્રમાણ વધુ હોય છે.

અ) સહમત　　　　　　　　　બ) અસહમત

ક) કહી ના શકાય.

૩) સ્લમના લોકો તેના બાળકોના શિક્ષણ પ્રત્યે બેદરકાર હોય છે.

અ) સહમત　　　　　　　　　બ) અસહમત

ક) કહી ના શકાય.

૪) સ્લમના લોકો સરકાર સામે પોતાના પ્રશ્નોની રજૂઆત કરી શકતા નથી, કારણકે

અ) તે અભણ છે.

બ) રજૂઆતની કળા નથી.

ક) તેઓ સમસ્યાઓથી ટેવાઇ ગયા છે.

ડ) અન્ય....

૫) સ્લમના લોકો મુખ્યત્વે કઇ જ્ઞાતિના હોય છે ?

અ) જીઝ / જી્　　　　　　　　　બ) િમ્ઝ

ક) બન્ને　　　　　　　　　ડ) અન્ય.

### ૧.૬.૨ ક્ષેત્રકાર્ય માટે સ્લમ વિસ્તારની પસંદગી :-

તમે જયારે સમાજકાર્ય પારંગતના દૂરવર્તી અભ્યાસક્રમમાં જોડાવ છો, ત્યારે તમારા ક્ષેત્રકાર્યનું શહેરી - સ્લમ વિસ્તાર નક્કી કરવો અગત્યનું બની જાય છે. તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની પસંદગી મોટા ભાગે પોતાના વિસ્તાર સિવાયના વિસ્તારને પ્રાથમિકતા આપવી જોઇએ. તેમજ તમારા રહેઠાણ કે વતનથી ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું અંતર વધારે ન રહે તેની કાળજી પણ રાખવી જોઇએ. ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તાર સુધી પહોંચવાની અગવડતાઓ હોઇ શકે એટલે કે સગવડતાઓ / સુવિધાઓ ઓછી હોય તેવા વિસ્તારની ક્ષેત્રકાર્ય તરીકે પસંદગી કરવામાં આવે તો વધુ ઉપયુક્ત બની રહેશે. પરંતુ આવી પસંદગી સમયે તમારા રહેઠાણથી દૂર ન હોય તે જોવું. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તાર નક્કી કરવાની નિર્ણય પ્રક્રિયામાં સુપરવાઇઝર ફેસિબીટેશન ભૂમિકાથી તેમને મદદરૂપ થશે.

## ૧.૭ ઉપસંહાર :-

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને તમારા બીજા સત્ર ક્ષેત્રકાર્ય સેટિંગનો પરિચય કર્યો. સમાજકાર્ય હેતુઓ સાથે તમારા સત્ર બે ના ક્ષેત્રકાર્ય હેતુઓનું જોડાણ જોયું. ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની પસંદગીની પ્રક્રિયા,

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કર્યો તમે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે મુલાકાત, નિરિક્ષણ અને સહભાગી શહેરી ચકાસણીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી તેની જાણકારી મળી. ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દૈનિક અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખન કરી દસ્તાવેજીકરણ કર્યું. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પધ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ મળી. ઉપરાંત સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતા મુજબની સૂચનાઓ અમલમાં મૂકી.

## ૧.૮ સંદર્ભગ્રંથ :-


| | ગ્રંથનું નામ | લેખક |
|---|---|---|
| ૧) | શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર | - ડૉ.ડી.એ. ઉચાટ |
| ૨) | વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો | - ડૉ. આનંદ પટેલ |
| ૩) | સહભાગી ગ્રામીણ ચકાસણી | - ધીરજ ભાલાબી અને વિનય સાંચેલા |
| ૪) | નગર સમાજ શાસ્ત્ર | - ડૉ. હરીશ જોશી |

**એકમ - ૨**

**શહેરી સ્લમ ક્ષેત્રકાર્ય દરમિયાન સમસ્યાઓ અને કામગીરી-૧**

**રૂપરેખા**

**૨.૧ ઉદ્દેશો**

**૨.૨ પ્રસ્તાવના**

**૨.૩ શહેરી સ્લમમાં કાર્ય કરવા માટેનું વિષયવસ્તુ**

**૨.૪ શહેરી સમાજશાસ્ત્રના અભિગમો અને સિધ્ધાંતો**

**૨.૫ શહેરી સમુદાયના પ્રકારો**

**૨.૬ શહેરીકરણ-સ્લમની વિભાવના-વિગત**

**૨.૭ સમસ્યાઓ અને કામગીરી**

**૨.૮ ઉપસંહાર**

**૨.૯ આપની પ્રગતિ ચકાસો**

**૨.૧૦ સંદર્ભગ્રંથ**

---

**૨.૧ ઉદ્દેશો**

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય શહેરમાં કરવાની કામગીરી અંગેની ચર્ચા કરી છે. આ એકમના અભ્યાસ અને ક્ષેત્રકાર્ય શહેર સ્લમમાં પ્રત્યક્ષ કાર્ય કર્યા બાદ તમને.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કરવાની પ્રત્યક્ષ કામગીરીની બાબતમાં મૂદાસર સ્પષ્ટતા મળશે.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષ કાર્ય કરીને આરોગ્યની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેના ઉકેલના પગલાઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષકાર્ય કરીને શૈક્ષણિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવીને તેમાં ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષ કાર્ય કરીને સામાજિક અને ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવીને તેમાં સુધારણાઓના પગલાઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષકાર્ય કરીને શહેરની વાસ્તવિક રૂપમાં રહેલી સમસ્યાઓની સમજ મેળવી ભવિષ્યમાં કામગીરી કરવામાં રાખવાની કાળજીથી વાકેફ થશો.

## ૨.૨ પ્રસ્તાવના :

તમારા મનમાં એ સવાલ આવતો હશે કે અમારે ક્ષેત્રકાર્ય શહેર (સ્લમ)માં જઈને કરવાનું શુ ? આ પ્રશ્નનો જવાબ આ ભાગમાં રહેલો છે. તેમાં છતાં આ સંપૂર્ણ નહી કહી શકાય કારણ કે ક્ષેત્રકાર્યને નિશ્ચિત માળખામાં બેસાડવુ યોગ્ય નથી. તે એક જીવંત પ્રક્રિયા છે. અહિંયા તમે ગ્રામિણ સમુદાયનાં જીવન સાથે શીખવાની પ્રક્રિયાને ગોઠવી રહ્યા છો. તેમ છતાં તમને કામગીરી અંગેનું માર્ગદર્શન મળી રહે. તેમજ સત્ર એક દરમિયાન ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં ગ્રામિણ સમુદાય અંગેની સમજ અને જાણકારી વધવી જોઈએ તે બાબતને ધ્યાનમાં રાખીને, ઉપરાંત સત્ર-૧ ના ક્ષેત્રકાર્ય હેતુઓને નજર સમક્ષ રાખીને કેટલાક મૂદ્દાઓની તારવણી કરી છે જેનાથી તમને ક્ષેત્રકાર્યમાં જઈને એક વિદ્યાર્થી તરીકે શું સમજ, જાણકારી મેળવવી જોઈએ તેનું માર્ગદર્શન આ ભાગમાંથી મળી રહે તેવી કાળજી રાખી છે.

પ્રસ્તુત એકમમાં તમારે ક્ષેત્રકાર્ય શહેર સ્લમમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવવી, તેમજ તેમાં કાર્યરત વ્યવસ્થાઓનો પરિચય, અસરકારકતા-મર્યાદાઓની સમજૂતી પ્રાપ્ત કરવી. આ સમસ્યા ઓના સંભવિત ઉકેલો શુ હોઈ શકે તેવા પગલાઓ આપવાના રહેશે. ઉપરાંત તમે ક્ષેત્રકાર્ય શહેર સ્લમના વાસ્તવિક સ્વરૂપનો પરિચય અને ઓળખ કરશો. છે તમને ભવિષ્યની કરવાની કામગીરીમાં સહાયક બની શકે. શહેર સ્લમમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને અમલીકૃત કરવું.

## ૨.૩ શહેરી સ્લમમાં કાર્ય કરવા માટેનું વિષયવસ્તુ :

શાસ્ત્રીય જ્ઞાનના પદ્ધતિસરના વિકાસ અર્થે જે તે શાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ અને અભ્યાસની પધ્ધતિઓ વિશે સ્પષ્ટતા હોવી અતિ આવશ્યક બાબત હોય છે. એટલે કે પૂર્વ પરિભાષિત વિષયવસ્તુનો ચોક્કસ અને વિશ્વસનીય પધ્ધતિઓ વડે થયેલો અભ્યાસ જે તે શાસ્ત્રના વૈજ્ઞાનિક અને પધ્ધતિસર ના વિકાસમાં પાયાનો ભાગ ભજવે છે. શહેર સ્લમ સમાજશાસ્ત્રના પધ્ધતિસરના વિકાસ માટે પણ આ બન્ને બાબતો એટલી જ અગત્યની છે. પરંતુ કમનસીબે સમાજશાસ્ત્રીઓ અને શહેર સમાજશાસ્ત્રીઓમાં આછે પણ શહેર સ્લમ્સ સમાજશાસ્ત્ર ની વિષયવસ્તુ અંગે જરૂરી સ્પષ્ટતા જોવા મળતી નથી. તે પાછળનું એક કારણ એ છે કે, શહેર સ્લમસ સમાજ શાસ્ત્રની શરૂઆતથી તે આજ સુધી નગર સમૂદાયો અને નગર સમૂદાયના કોઈક પરિવર્ત્યનેજ કેન્દ્રસ્થાન આપ્યુ છે. આથી શહેર સ્લમ સમાજશાસ્ત્રના વિષયવસ્તુ પરત્ત્વે એકરાગિતા સાધી શકાય નથી તે એક કડવી હકીકત છે. શહેર સ્લમ સમાજશાસ્ત્રની વિષયવસ્તુ પરત્ત્વે આવી અસ્પષ્ટતા હોવા છતાં એક વસ્તુતો ચોક્કસ રીતે કરી શકાય કે શહેર સ્લમ સમાજશાસ્ત્ર એવા સામાજિક તથ્યોના અભ્યાસ સાથે સંકળાયેલુ છે કે જેમના મુળ શહેર સમુદાયો, અને નાગરી વાતાવરણમાં હોય છે. આ અર્થમાં શહેર સલ્મ સમૂદાયો તથા ત્યાં પ્રવર્તતી માનવ-માનવ વચ્ચેની સામાજિક આંતરક્રિયા સામાજિક સંબંધો અને તેમના પરિણામો શહેર સ્લમ્સ સમાજશાસ્ત્રના અભ્યાસના વિષયવસ્તુમાં કેન્દ્રસ્થાને રહે છે. વળી નગરજીવનના સ્થાયિત્ત્વ અને ગત્યાત્ત્મક પાંસાંનો અભ્યાસ પણ શહેર સ્લમસ સમાજશાસ્ત્ર ના વિષયવસ્તુમાં આવી જાય છે.

(૧) ઉધોગીકરણ અને નગરીકરણની અસરોનો અભ્યાસ :

વિકસતા સમાજોમાં ઉધોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયા સામાજિક પરિવર્તનના કરાક અને પરિણામ એમ બંન્ને સ્વરૂપોમાં જોઈ શકાય છે. નગરજીવનની અસરો, સ્લમ્સ સમુદાય કરતાં વ્યાપક હોવાથી શહેરીકરણની અસરોથી માત્ર શહેર સ્લમ્સ સમૂદાયોમાં વસતાં લોકો જ નહી પણ ગ્રામસમૂદાયોમાં વસતાં લોકો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રભાવિત થાય છે. એટલુ જ નહી પરંતુ મહાનગરોની વિસ્તૃત સમાજવ્યવસ્થા ઉપર પણ ઊંડી અને એકધારી અસરો પડે છે. આથી નગરીકરણની પ્રક્રિયા, તેનો વ્યાપ અને તેની અસરોનો અભ્યાસ શહેર સ્લમ્સ

સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ બને છે. ઉપરાંત શહેર સમાજશાસ્ત્ર શહેર સ્લમ્સ સમૂદાયોનો વિકાસ અને તેના પ્રવાહોમાં અભ્યાસમાં પણ રસ ધરાવે છે.

(૨) શહેર (નગરો)ની ભૌતિક રચના અને તેના પ્રશ્નોનો અભ્યાસ

ગ્રામ પ્રદેશોની તૂલનામાં નગરસમૂદાયોમાં વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી કાયમી ધોરણે નાના ભૂભાગ ઉપર વસવાટ કરતી હોય છે. આથી નગરો એક એવુ વિશિષ્ટ પ્રકારનું ભૌતિક સ્વરૂપ ધરાવતા હોય છે કે જે ગ્રામસૂદાયો રચનાને કારણએ ત્યાં બનતુ નથી નગરની એવી વિશિષ્ટ ભૌતિક રચનાને કારણે ત્યાં જમીનના ઉપયોગનું પ્રરૂપ, માનવ વસવાટો, જાહેર સગવડો અને વસ્તીની ગીચતા તથા પ્રદુષણ વગેરેને લગતા કેટલાક એવા પ્રશ્નો ઉદ્ભવતા હોય છે કે જેના ઉકેલને માટે વાસ્તવિક પરિસ્થિતિઓના અભ્યાસને આધારે મેળવેલા વૈજ્ઞાનિક જ્ઞાનની જરૂર ઉભી થાય છે. નગરસમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં નગરનું ભૌતિક સ્વરૂપ અને તેમાંથી ફલિત પણ પ્રશ્નોના અભ્યાસનો સમાવેશ થાય છે.

(૩) સામાજિક પરિવર્ચનનો અભ્યાસ :

નગર માત્ર એક ભૌતિક સંકુલ જ હોતુ નથી પણ તેનું એક વિશિષ્ટ સામાજિક પર્યાવરણ પણ હોય છે. નગરનું સામાજિક પર્યાવરણ માનવ-માનવ વચ્ચેની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ તેમજ સામાજિક સંગઠનો અને સંસ્થાઓ વગેરે ઉપર પ્રત્યક્ષ અગરતો પરોક્ષ રીતે અસર પાડે છે. જીવનની પરંપરાગત પ્રણાલિકાઓ નબળી અને વિઘટીત થતી જાય છે. આગળ જતા તેમાંથી જ કેટલાક સામાજિક પ્રશ્નો અને વૈયક્તિક વિઘટનના પ્રશ્નો સર્જાય છે. આવા સંજોગો માં નગરસમાજશાસ્ત્રમાં સામાજિક જીવનના વિવિધ પાંસાંઓ જેવા કે મૂલ્યો, માન્યતાઓ, સંગઠનો, મંડળો અને સંસ્થાઓ વગેરેના રચનાત્મક સ્વરૂપો તેમજ તેમના પરિવર્તિત પાંસાઓના નગર સમૂદાયોમાં પ્રવર્તતા સામાજિક વિચલન અને સામાજિક ધોરણ અનૂમતિની દીશા તથા પ્રમાણ પણ આવી જાય છે.

(૪) નગરમાં સ્થળાંતર કરીને વસવાટ કરતાં લોકોનો અભ્યાસ :

વિકસતા સમાજોમાં આજે ગ્રામસમૂદાયોથી નગર તરફી એકધારૂ વસ્તી સ્થળાંતર એક અભૂતપૂર્વ ઘટના બની છે. ખાસ કરીને એવા સમાજોમાં મહાનગરો તરફ ગ્રામીણ વસ્તીનો પ્રચંડ ઘસારો જોવા મળે છે.

ગ્રામ સમૂદાયોથી સ્થળાંતર કરીને આવેલા લોકો માટે નગરજીવન ની પરિસ્થિતિઓ સાથે અનુકુલનના પ્રશ્નો સર્જાય છે. આવા પ્રશ્નો, આર્થિક, સાંસ્કૃતિક, માનવશાસ્ત્રીય, કૌટુંબીક અને જીવનની બીજી કેટલીક આધારયભૂત જરૂરિયાતોને લગતા હોય છે. આ ઉપરાંત નગરોમાં સ્થળાંતર કરીને આવેલા લોકો પોતાના રહેઠાણ વગેરેની બાબતમાં સમરૂપ, સામાજિક, સાંસ્કૃતિક, પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો સાથે જ રહેવાનું વલણ દાખવે છે. આથી નગરોમાં ભિન્ન ભિન્ન જૂથોના વિસ્તારો ઉપસી આવે છે. ગ્રામસમૂદાયમાંથી આવેલા લોકો સૈકાઓથી રહેતા હોવા છતાં પણ તેમના મૂળ વતન સાથેના સંબંધો કાપી નાખતા નથી હકીકતમાં મૂળ ગામડા સાથેનો સંબંધો જાળવી રાખવા પ્રયત્ન કરે છે. જ્યારે નગરોમાંથી સ્થળાંતર કરીને નાગરી પરિસ્થિતિઓ વચ્ચે પોતાની મૂળ સામાજિક, સાંસ્કૃતિક, પૃષ્ઠભૂમિનુ વાતાવરણ સર્જવાનો પ્રયાસ કરે છે. તેના પરિણામ સ્વરૂપે નગરોમાં જુદા જુદા ક્ષેત્રોમાંથી આવતા લોકોના વિશેષ પ્રકારના સ્વૈચ્છિક મંડળો અને સંસ્થાઓ વગેરેનો ઉદ્ભવ થાય છે. સ્થળાંતર કરીને આવેલા લોકોની જીવવની ઉપરોક્ત અને બીજી કેટલીક બાબતો પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે નાગરી પરિસ્થિતિઓને લાગતી વળગતી હોઈ નગર સમાજશાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ બને છે.

(૫) કુંટુંબ અને તેના પલટોતા પાંસાઓનો અભ્યાસ :

સામાજિક રચનાના ઝાળ-ઘટમાળમાં કુટુંબ એ સાર્વત્રિક અને પાસાનું સામાજિક એકમ હોય છે. વિકસતા સમાજોમાં તેનુ પરંપરાગત સ્વરૂપ, ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરો હેઠળ રચનાત્મક અને કાર્યાત્મક રીતે બદલાય રહ્યુ છે. નગર સમાજશાસ્ત્રમાં નગરી પરિસ્થિતિમાં કૌટુંબીક સ્વરૂપ અને તેમાં આવી રહેલા પરિવર્તનો વગેરેનો અભ્યાસ સુસંગત વિષયવસ્તું પૂરૂ પાડે છે.

(૬) સામાજિક વિઘટન અને સામાજિક પ્રશ્નોનો અભ્યાસ :

નગરીકરણ અને નાગરીજીવનની અસરોને કારણે સામાજિક ક્ષેત્રે આવી રહેલા વિવિધ પરિવર્તનોની એક અભિવ્યક્તિ તે સામાજિક વિઘટન છે. વિકસીત સમાજોની જેમ વિકસતા સમાજોમાં પણ નગરોમાં સામાજિક વિઘટનનો પ્રશ્ન ઉત્તરોઉત્તર વિકટ બનતો જાય છે. એવા વિઘટનમાં વૈયક્તિક વિઘટનના જુદા જુદા પ્રકારો જેવા કે ગુનેગારી, બાળગુનેગારી વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. નગરોમાં નિયંત્રણના પરંપરાગત સાધનો મૃતઃ પાય થઈ જતા હોવાથી આપઘાત, વેશ્યાવૃતિ, ગુનેગારી, બાળગુનેગારી, માનસિક રોગષ્ઠપણુ, જુગાર, મદિરાપાન અને ભિક્ષાવૃતિને લગતા પ્રશ્નો મોટા પાયા ઉપર ઉપસ્થિતિ થાય છે. જેતે પ્રશ્નના વૈજ્ઞાનિક ઢબે થયેલા અભ્યાસને આધારે પ્રાપ્ત જ્ઞાનની મદદથી નગરીકરણના વિકાસની સાથે આવા પ્રશ્નો વધુ ઉગ્ર ન બને તેમજ તેનો યોગ્ય ઉકેલ આવે તે માટેના પગલા લઈ શકાય છે.

(૭) નગરમાં વસતા શ્રમિકો અને તેમના પ્રશ્નોનો અભ્યાસ :

વિકસતા સમાજોમાં મોટેભાગે ઉધોગીકરણ અને નગરોના વિકાસની પ્રક્રિયા સહભાગી છે, તેવુ કહીએતો ખોટુ નથી નગરો તેમના ઔદ્યોગિક વિકાસને કારણે રોજગારી ની નવી અને ગ્રામ સમૂદાયોની તૂલનામાં વિપુલ તકો પૂરી પાડે છે. આથી ગ્રામસમુદાયોના લોકો નગરો તરફ આકર્ષાય છે. અને પોતાના મુળ વતનથી સ્થળાંતર કરીને નગરમાં વસવાટ કરે છે. ગ્રામસમૂદાયમાંથી સ્થળાંતર કરીને આવતા લોકો નગરોમાં ઔદ્યોગિક સંસ્થાનો અને કારખાનાઓના ધોરણે શ્રમીક તરીકે રોજગારી મેળવતા હોય છે. આમાના કેટલાક લોકો શ્રમ અને અનુભવ વડે ઔદ્યોગિક દક્ષતા હાંસલ કરીને શ્રમિકો તરીકે કામ કરવા લાગે છે. પરંતુ તેનાથી સર્વો પ્રશ્નો હલ થઈ જતા નથી. કેટલાક વણ ઉકલ્યા પ્રશ્નો રહેતા જ હોય છે. ધણી તેઓ સંગઠીત બની પોતાના હિતોના રક્ષણ અર્થે ક્રિયાશીલ બને છે. આથી નગરોમાં વસતી શ્રમિકોના પ્રશ્નોના ઉકેલ શોધવા માટે નાગરી પૃષ્ઠભૂમિમાં તેમના જીવનના જુદા-જુદા પાંસાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવો જરૂરી બની જાય છે. આ દ્રષ્ટિથી શ્રમિકોનું જીવન અને તેમના પ્રશ્નો નગર સમાજશાસ્ત્રના અભ્યાસનુ વિષયવસ્તુ પ્રદાન કરે છે.

(૮) કલા અને હુન્નરના પલ્ટાતા સ્વરૂપનો અભ્યાસ :

વિકસતા સમાજોમાં પરંપરાગત કલા અને હુન્નર મોટે ભાગે ઉપયોગીતાવાદી હતા. આજે નગરોમાં કારખાનાઓમાં મશીનોની મદદ વડે મોટા પાયા ઉપર થતા વસ્તુઓના ઉત્પાદન સાથે પરંપરાગત કલા અને હુન્નર વડે સર્જાતી વસ્તુઓનો પ્રત્યક્ષ હરિફાઈમાં ઊતરવું પડે છે. દેખીતી રીતે આવી હરિફાઈ વચ્ચે આધુનિક કારખાનાઓમાં બનેલી વસ્તુઓ સમક્ષ તે ટકી રહી શકતી નથી. આવી નગરસમાજ શાસ્ત્રમાં નગરજીવનની પરંપરાગત કલાહુન્નર અને મનોરંજનની રીતભાતો ઉપર પડતી અસરો અને તેમના પલટાતા સ્વરૂપોનો અભ્યાસ એક અગત્યનું ક્ષેત્ર બને છે.

(૯) નગરમાં શિક્ષણ અને શૈક્ષણિક સગવડોનો અભ્યાસ :

વિકસતા સમાજોમાં શિક્ષણનું મહત્ત્વ વધતું જતુ હોવા છતાં ત્યાંના નગરોમાં પુરતી શૈક્ષણિક સગવડોનું પુરતુ અસ્તિત્વ જોવા મળતું નથી. આ હકીકત બાળકો અને વયસ્કો બંન્નેના શિક્ષણ માટેની સગવડોને સરખી રીતે લાગુ પડે છથે. આથી ચોલા સમાજોમાં નિરક્ષરતાં અને નિમ્ન જીવન-ધોરણ અનેક પ્રકારના પ્રશ્નો સર્જે છે. હાલમાં વિકસતા સમાજોના નગરોમાં શૈક્ષણિક સગવડોનુ વિકાસ તરફ વિશેષ ધ્યાન અપાવા લાગ્યુ છે. તેમ છતાં ભોજન, રહેઠાણ, સ્વાસ્થ્ય, અને ગંદા વસવાટોના પ્રશ્નોને પ્રાધાન્ય આપવાનું હોવાથી શૈક્ષણિક સગવડો અર્થે પુરતા સાધનો અને પૈસા ફાળવી શકાય નથી. આવી પરિસ્થિતિ વચ્ચે વિકસતા સમાજોમાં નગરોમાં શૈક્ષણિક વિકાસ અને શિક્ષણના પ્રશ્નોનો અભ્યાસ એક બીજુ અગત્યનું ક્ષેત્ર બને છે.

(૧૦) નગરની વસ્તીના લક્ષણો, રચના અને વિસ્તરણનો અભ્યાસ :

નગરોની વસ્તીના ક્ષેત્રે જન્મદર, મૃત્યુદર, વસ્તીનું સ્થળાંતર, વસ્તીની રચના અને તેનું વિસ્તરણ વગેરે ને લગતા કેટલાક નવા પ્રશ્નો સર્જાય છે. આજ રીતે આંતરિક સ્થળાંતરના પ્રવાહો અને તેના પરિણામોને ક્ષેત્રે પણ વૈજ્ઞાનિક માહિતીની જરૂર છે. વળી નગરોમાં વસ્તીના સંગઠન અને સ્વરૂપ પરત્ત્વેના વિવિધ પાંસાઓને લગતી માહિતી પણ આવશ્યક છે. આવા અભ્યાસો ખાસ કરીને વસ્તીની જાતિ, વય, શિક્ષણ, ધંધાકીય જૂથો, ઔદ્યોગિક દક્ષતા પ્રજાતિય તત્વો અને સામાજિક સાંસ્કૃતિક લાક્ષણિકતાઓના સંદર્ભમાં હોવા જરૂરી છે.

(૧૧) નવગર પ્રશાસન અને નગર આયોજનના પ્રશ્નોનો અભ્યાસ :

નગરસમુદાયો અને નગરજીવન તેની સામાજિક જટીલતા તથા વસ્તીના વિશાળ કદ અને વૈવિધ્યને કારણે નગરવાસીઓની ક્રિયા-પ્રતિક્રિયાઓના સુગ્રથન શાને સંચાલન અર્થે સામાજિક નિયમનના કેટલાક ઔપચારિક સાધનોના જરૂરિયાત ઊભી કરે છે આ જોતા નગરસમાજ શાસ્ત્રની નગરની સ્થાનિક પ્રશાસન રાજ્ય અને સરકારો, કેન્દ્ર નગર આયોજન વગેરે આવરી લેવામાં આવે છે.

## ૨.૪ શહેરી સમાજશાસ્ત્રનાં અભિગમો અને સિધ્ધાંતો :

હકીકતમાં આપણે કોઈ પણ ઘટના વિશે કેટલુ જાણતા થઈએ તેટલું જ વધુ ઊંડાણમાં જવાની જિજ્ઞાસા જાગૃત થાય છે. પરંતુ પ્રાપ્ત કરેલી માહિતીને આધારે પધ્ધતિસરનાં સિધ્ધાંતો વિકસાવવામાં ન આવે તો જે તે ઘટના વિશે ઊંડી અને વૈજ્ઞાનિક સમજૂતીમાં અનેક ઊણપો રહીજાય છે.

ગિડિયન રઝોબર્ગ ના મતે નગર સમાજશાસ્ત્ર ક્ષેત્રે અત્યાર સુધી નગર જીવન અને નગર સમુદાયના અભ્યાસમાં ત્રણ મુખ્ય અભિગમોનું નોંધપાત્ર પ્રદાન કહ્યું છે. વળી, આ અભિગમોએ નગર વિકાસ અને નગરીય જીવનને લગતા સિધ્ધાંતો વિકસાવવામાં પણ પહેલ કરી છે. આ ત્રણે અભિગમો અને તેમના ફળશ્રુતિ રૂપ સિધ્ધાંતોનો ટૂંક પરિચય નીચે મુજબ ચે.

(અ) નગરીકરણ-વિઘટન અભિગમ :

નગર અને નગર વિકાસની સમાજનાં માળખાં અને માનવની પરિસ્થિતિકીય બાબતો ઉપર પડતી અસરોની છણાવટ કરવી એ પ્રસ્તુત અભિગમમાં કેન્દ્રસ્થાને હોય છે. પ્રસ્તુત અભિગમનો મૂળ ધ્યેય સમાજની પૂર્વ-ઔદ્યોગિક અથવા કૃષક કે સામંતશાહી વ્યવસ્થામાંથી આધુનિક ઔદ્યોગિક અથવા નાગરી કે મૂડીવાદી અવસ્થા તરફના પ્રમાણમાં

રહેલી પ્રક્રિયાઓ તથા ઉદ્ભવતાં સ્વરૂપો જાણવાનો હોય છે, આ અભિગમ હેઠળ નગરને સામાજિક પરિવર્તન અને વિઘટનના પોષક પરિબળ તરીકે જોવામાં આવે છે.

નગરીય જીવન શૈલીનો સિધ્ધાંત :

લૂઈ વર્થના મતે નગરના ત્રણ મુખ્ય લક્ષણો તારવી શકાશે.

(૧) વિશાળકદ

(૨) ગીચતા

(૩) વસ્તીનું વૈવિધ્ય

ઉપરોક્ત ત્રણ લક્ષણોની ટૂંકી સમજૂતી નીચે મુજબ આપી શકાય.

(૧) કદ :

કદની બાબતમાં તેમણે જણાવ્યું કે અમુક હદ પછી વસ્તિના પ્રમાણમાં થતી વૃધ્ધિ લોકોના પારસ્પરિક સંબંધોમાં અને સમુદાયના લક્ષણોમાં પરિવર્તન લાવે છે. વળી, મેકસવેબર અને જયોર્જ સિમેલના મતને લક્ષ્યમાં રાખી લૂઈ વર્થ એવું પણ જણાવે છે કે વસ્તીની વિશાળતાને કારણે નગરમાં વ્યક્તિ અનેકાનેક વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. પણ તેમની સાથેનો તેમનો પરિચય માત્ર ઉપર છલ્લોજ હોય છે.

(૨) ગીચતા :

તે વસ્તી વૃધ્ધિના ફળસ્વરૂપે પડતી અસરોને ગહન બનાવે છે અને લોકો તથા તેમની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓના વિભેદીકરણને વધુ તીવ્ર બનાવવાની સાથે સમાજની રચનાત્મક જટિલતામાં ઉમેરો કરે છે. ગીચતાનું આ રીતે અર્થઘટન કરતી વખતે લૂઈવર્થ ડાર્વિન અને ઈમાઈલ-દૂર્ખેમના વિચારોનું સમર્થન કરે છે.

(૩) વસ્તીનું વૈવિધ્ય :

વિવિધ પ્રકારની પૃષ્ઠભૂમિમાંથી સ્થળાંતર કરીને આવતા લોકોની ઉપસ્થિતિમાંથી ફલિત થાય છે. આ ઉપરાંત જુદી-જુદી પૃષ્ઠભૂમિમાંથી આવતા લોકોમાં ધંધાને ક્ષેત્રે પણ વૈવિધ્ય ઉભું થાય છે. એટલું જ નહીં પણ આર્થિક ક્રિયાઓના ક્ષેત્રે પ્રવર્તમાન શ્રમવિભાજન અને શ્રમનું વિશેષીકરણ વસ્તીના વૈવિધ્યમાં ઉમેરો કરે છે. વળી, સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતાના ક્ષેત્રે પમ આનું વૈવિધ્ય સ્પષ્ટપણે તરી આવે છે.

નગરસમુદાયમાં આ ત્રણ લક્ષણોના સંયોગથી જે વિશિષ્ટ સામાજિક પર્યાવરણ સર્જાય છે અને તેમાંથી તે વિશિષ્ટ પ્રકારની સામાજિક ક્રિયાઓ તથા સંગઠનોની રીતભાતો જન્મ લે છે. તેમને લૂઈવર્થે નગરીય જીવન શૈલી તરીકે વર્ણવી છે. બ્રિટીશ સમાજ શાસ્ત્રી મોરીએ આવી જીવનશૈલીના લક્ષણોનું લૂઈવર્થના મંતવ્યોને આધારે મુદ્દાસર ચિત્રણ કર્યુ છે. અહીંયા તે લક્ષણો નીચે મુજબ છે.

(૧) નબળા અગરતો ઉપરછલ્લા સામજિક સંબંધો

(૨) નગરીવાસીઓમાં સામાજિક સંબંધો, ધ્યેયોન્મુખી હોય છે.

(૩) શ્રમવિભાજન અને વિશેષીકરણનું પ્રાધાન્ય

(૪) નગરનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર ઉપરનું અવલંબન

(૫) જનસંચારના સાધનોનું પ્રાધાન્ય

(૬) નગરમાં જે તે વિસ્તારનું વધતું જતું વૈવિધ્ય અને વિશેષીકરણ

(૭) અરસ-પરસના રોજીંદા વ્યવહારમાં બાહ્યચિન્હનું વધી જતું મહત્વ

(૮) જમીનનું વૈપારિક ધોરણે થતું ઉત્તરોત્તર હસ્તાંતર

(૯) યંત્રવત રીતે ચાલતું એકધારું જીવન

(૧૦) સામાજિક આર્થિક દરજ્જાની અસુરક્ષા અને અસ્થિરતા

(૧૧) ભૂમિકા સંઘર્ષ અને ઔપચારિક શિષ્ટતા ભર્યું જીવન

(૧૨) નગર સમૂદાયમાં વ્યક્તિની હરિત અલોપ થઈ જાય છે.

(બ) પરિસ્થિતિ શાસ્ત્રીય અભિગમ :

નગર વિકાસની પ્રક્રિયા દરમિયાન નગરની ભૌતિક બાંધણીના પ્રરૂપો શોધી કાઢવાનો પરિસ્થિતિકીય અભિગમનો મૂળ ધ્યેય છે. આ અભિગમની કેન્દ્રીય ધારણા મુજબ નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા દરમિયાન જ નગરમાં કેટલાક ‘‘કુદરતી વિસ્તારો’’ વિકસી જાય છે અને પ્રત્યેક વિસ્તાર તેની વસ્તીના બંધારણ અને કાર્યો વગેરેને આધારે એક બીજાથી ભિન્ન પડે છે. પ્રસ્તુત અભિગમની એક અન્ય ધારણા મુજબ નગરના અંતર્ગત બંધારણ માં જ નગરનું પ્રરૂપ નહિ કરતા પરિબળો તેમજ તેમાં પરિવર્તન લાવતા પરિબળો રહેલા હોય છે. આ પરિબળો ધ્રુવીય રીતે ક્રિયાશીલ રહે છે અને સહ-અસ્તિત્વ ધરાવતા હોવા છતાં એક બીજાથી વિરોધી દિશામાં જતા હોય છે. એટલે કે નગર વિકાસની પ્રક્રિયા દરમિયાન કેન્દ્રીકરણના પ્રવાહો તેમજ વિકેન્દ્રીકરણના પ્રવાહો એકી સાથે ઉપસ્થિત હોય છે. અને એક બીજા થી વિરોધી દિશામાં ક્રિયાશીલ ક્રિયાઓ કેન્દ્રિત થતી જાય છે તેથી ત્યાં જમીનની કિંમત પણ ઘણી ઉંચી થઈ જાય છે. તસુ-તસુ જમીનના પણ ઉંતા ભાવ આપવા પડે છે. પરિણામે નાના વેપારીઓ નગરના મધ્યવર્તી વિસ્તારથી દૂરના એવા વિસ્તારો તરફ જવાની ફરજ પડે છે. આ દૂરના વિસ્તારો તરફ જવાની ફરજ પડે છે. આ દૂરના વિસ્તારો તુલનાત્મક રીતે સસ્તા હોય છે અને ત્યાં વેપારીઓ વચ્ચેની હરિફાઈ એટલી તીવ્ર હોતી નથી. એજ રીતે નગરના મધ્યવર્તી વિસ્તારો નગર વિકાસની પ્રક્રિયા સાથે વધુને વધુ વેપાર પ્રધાન બનતા જાય છે. અને ત્યાં આવેલા રહીસો નગરના છેવાડાના વિસ્તારો કે અન્ય સ્થળો પોતાના રહેઠાણ માટે પસંદ કરતા થાય છે.

(ક) મૂલ્યાભિમુખી અભિગમ :

નગર વિકાસ અને નગરના પરિસ્થિતિકીય અગરનો ભૌતિક બંધારણનું સ્વરૂપ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર આધાર રાખે છે. એવી ધારણા મૂલ્યાભિમુખી અભિગમમાં કેન્દ્ર સ્થાને હોય છે કે જે-તે સમાજમાં પ્રવર્તમાન સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર આધાર રાખે છે અને છેવટે સમસ્ત નગરનું સામાજિક માળખું એવા મૂલ્યોને બંધ બેસતું સ્વરૂપ ધારણ કરે છે. પ્રસ્તુત અભિગમ મુખ્યત્વે યુરોપના સામાજિક વિધાનોનું પ્રદાન છે. અને આજે ઉત્તરોત્તર અમેરાકી અને બીજા દેશોમાં પણ નગરની પરિસ્થિતિકીય અને સામાજિક બાંધણીની પધ્ધતિસરની સમજૂતીમાં તેનું મહત્વ વધતું જાય છે. આ અભિગમ અન્વયે નગરમાં જમીનના ઉપયોગની ઢબ અને નગર સામાજિક માળખાને અવલંબિત પરિવર્ત્યો તરીકે જોડાય છે. અને સામાજિક સાંસ્કૃતિક મુલ્યોને નિર્ણાયક પરિવર્ત્યો તરીકે સ્વીકારવામાં આવે છે.

## ૨.૫ શહેરી સમુદાયના પ્રકારો :

(૧) વસ્તીના કદના આધારે વર્ગીકરણ :

શહેરના કદના આધારે શહેરનું જુદી-જુદી શ્રેણીઓમાં વર્ગીકરણ મુખ્યત્વે વસ્તીગણતરીના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. તેમના આંકડાઓ અને શહોરોનું જુદી-જુદી શ્રેણીઓમાં કરેલું વર્ગીકરણ પ્રશાશનીક બાબતોને લગતા નિર્ણયો લેવામાં ખાસ મહત્વ ધરાવે છે. અમેરિકાના અધિકારીઓ નગરસમુદાયોને વસ્તીના કદને આધારે નવ શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે. ભારતમાં નગરોનું તેમના કદને આધારે નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે છે.

| ક્રમ | પ્રકાર | નગર સમુદાયોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ભારત | ગુજરાત |
| ૧ | કસ્બા (૫૦૦૦ થી ૫૦૦૦૦ સુધી વસ્તી) | ૨૭૫૦ | ૧૮૪ |
| ૨ | નગર (૫૦,૦૦૦ થી વધુ અને ૧,૦૦,૦૦૦ સુધી વસ્તી | ૨૭૦ | ૨૩ |
| ૩ | મોટાં નગર (૧,૦૦,૦૦૦ થી વધુ અને ૧૦,૦૦,૦૦૦ સુધી વસ્તી) | ૨૧૩ | ૧૨ |
| ૪ | મહાનગર (૧૦,૦૦,૦૦૦ થી વધુ વસ્તી) | ૧૨ | ૧ |

(૨) કાર્યોના આધારે શહોરનું વર્ગીકરણ :

નગર સમુદાયના ભિન્ન-ભિન્ન પ્રકારો નગરના કાર્યો ઉપર પણ આધાર રાખે છે. ગ્રામ સમુદાયોની તુલનામાં નગર સમુદાયોમાં કાર્યોનું વિશેષીકરણ વિશેષરૂપ જોવા મળે છે. હકીકતમાં કેટલાક નગરોનો જે-તે વિશિષ્ટ કાર્યોના સંદર્ભમાં ખાસ અગત્યતા ધરાવતા હોય છે. નગરના કાર્યો અને તેના કદ વચ્ચે ઘણો સંબંધ હોય છે. જેમ નગર મોટું તેમ ત્યાં વિવિધ અને વિશિષ્ટ કાર્યો માટેનું યોગ્ય વાતાવરણ મળી આવે છે. ઘણી વખતે નગરનાં કાર્યો તેના કદને પણ અસર કરે છે. દા.ત. ઔદ્યોગિક નગરનું કદ તેમાં આવેલાં કારખાનાઓ અને ત્યાં કામ કરતાં મજૂરોની સંખ્યા ઉપર આધારિત હોય છે. તેમજ એક શૈક્ષણિક નગરનું કદ ત્યાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ અને તેમાં ભણતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ સાથે સંકળાયેલી અન્ય સેવાઓ આપતા લોકોની સંખ્યા ઉપર આધાર રાખે છે. વળી જે તે નગર કોઈ પણ વિશિષ્ટ કામમાં જેટલી નામના મેળવે છે, તેની ઉપર પણ તેના કદનો આધાર રહેલો હોય છે. સાથે સાથે નવાં કાર્યો અખત્યાર કરવાથી પણ તેનું કદ મોટું થાય છે.,

ભારતનાં નગરોના મુખ્ય કાર્યને ધ્યાનમાં રાખી બલિત પ્રસાદ વિદ્યાર્થીએ ભારતનાં નગરોનું નીચે મુજબના બાર વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે.

(૧) ધાર્મિક નગર - દા.ત. દ્વારકા, ડાકોર, કાશી, ગયા, મથુરા વગેરે

(૨) રાજનૈતિક અથવા વહીવટી નગર - ચંદીગઢ, દિલ્હી, પટણા, ગાંધીનગર વગેરે

(૩) વ્યાવસાયિક નગર - ભાગલપુર, મોરાદાબાદ વગેરે

(૪) ઔદ્યોગિક નગર - ટાટાનગર, અતુલ વગેરે

(૫) ખાણ સંબંધીનગર - ધનબાદ, શિવરાજપુર વગેરે

(૬) હવા ખાવાનું નગર - મહાબળેશ્વર, ચોરવાળ, આબુ વગેરે

(૭) શિક્ષણનગર - વલ્લભવિદ્યાનગર, અલીગઢ, કોટા વગેરે

(૮) બંદર નગર - કંડલા, ઓખા, કોચીન

(૯) રેલ્વે મથક - મોગલસરાય, રતલામ, વિરમગામ

(૧૦) લશ્કરી છાવણીનું મથક - મહુ, હેવલાલી

(૧૧) પુનઃ વસવાટ માટે ઉભું થયેલું નગર - નીલોખરી, ઉલ્લાસનગર, ફરીદાબાદ વગેરે

(૧૨) અનેક પ્રયોજનાર્થી નગર - મુંબઈ, કલકત્તા વગેરે

(૩) વહીવટી તંત્રના આધારે નગરોનું વર્ગીકરણ :

માનવ સમાજમાં શહેરો રાજકીય સત્તા અને પ્રશાસનના કેન્દ્રો તરીકે પ્રાચીન સમયથી જ આગવું સ્થાન ધરાવે છે. ઘણી વખતે જે-તે સમાજમાં નગરોનો ઇતિહાસ રાજકીય પ્રવાહો અને સત્તાનાં પલટાતાં સમીકરણો સમજવામાં ખૂબ જ મદદરૂપ થઈ પડે છે. તેમ છતાં તમામ નગરો રાજકીય અથવા તો પ્રશાસનિક દૃષ્ટિથી સમાન અગત્યના હોતા નથી. પરંતુ તેમના વર્ચસ્વ અને પ્રશાસનિક દરજ્જાની દૃષ્ટિથી તેમનું વહીવટી ક્ષેત્ર નક્કી થયેલું હોય છે. આ રીતે નગરોનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય છે.

(૧) કેન્દ્રીય પાટનગર

(૨) રાજ્યોના પાટનગર

(૩) જિલ્લા મથક

(૪) તાલુકા મથક

(૪) પૂર્વ-ઔદ્યોગિક નગર :

ગયાં કેટલાંક વર્ષોથી સમાજવિજ્ઞાનીઓ વિકસતા સમાજોના નગરોના અભ્યાસમાં ખાસ રસ ધરાવતા થયા છે. લેટિન અમેરિકા-આફ્રિકા અને એશિયાના સમાજોમાં જોવા મળતાં નગરોની વધતી જતી સમજૂતીથી સૌ કોઈ એવું સ્વીકારતા થયા છે કે આ સમાજોના નગરો એ સંયુક્ત રાજ્ય અમેરિકા કે યુરોપના અતિ-ઔદ્યોગિક સમાજોના નગરો જેવાં નથી પણ મધ્ય યુગના યુરોપમાં જોવા મળતાં નગરો સાથે મળતાં આવે છે. જ્યોર્જ ફોસ્ટર, ગિડિયન સ્મોબર્ગ અને બીજા કેટલાંક વિદ્વાનો એવા નગરોને પૂર્વ-ઔદ્યોગિક નગરો તરીકે ઓળખાવે છે. કારણ કે આ નગરો આધુનિક ઔદ્યોગિક ક્રાંતિના પ્રતાપે ઉદ્ભવ્યાં હોતા નથી.

ગિડિયન સ્ઝોબર્ગ કહે છે કે મધ્ય યુગના યુરોપના તથા આજના વિશ્વના વિકસતાં પ્રદેશોમાં પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં સામાજિક-આર્થિક જીવનને લગતાં કેટલાંક તત્વો, જેવાં કે અર્થવ્યવસ્થા, વર્ગવ્યવસ્થા, કુટુંબ વગેરે એક સરખાં જોવા મળે છે. પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં તેમનું સ્વરૂપ ઔદ્યોગિક નગરો કરતાં દેખીતી રીતે જુદું તરી આવે છે. સ્ઝોબર્ગ આવા તફાવત માટે ઔદ્યોગીકરણને જવાબદાર ગણે છે.

(૫) ઔદ્યોગિક નગર :

સમાજશાસ્ત્રીય સાહિત્યમાં નગરો વિષેનું વિશ્લેષણ મુખ્યત્વે અમેરિકા અને યુરોપનાં નગરોમાં પ્રવર્તતી વાસ્તવિક પરિસ્થિતિઓના આધારે કરવામાં આવ્યું છે. આ સમાજોએ ઔદ્યોગિકરણની દિશામાં હગરણફાળ પ્રગતિ કરી છે. આજે તેમનું સ્થાન આધુનિક ''ઔદ્યોગિક સમાજો'' તરીકે સ્વીકારવામાં આવ્યું છે. એ સમાજોની મોટામાં મોટી લાક્ષણિકતા એ છે કે આર્થિક ઉત્પાદનના ક્ષેત્રે તેમની વસ્તીનો એક વિશાળ ભાગ એવા ધંધાઓમાં રોકાયેલો હોય

છે કે સીધી રીતે ખેતીવાદી સાથે સંકળાયેલા હોતા નથી. આધુનિક ઔદ્યોગિક સમાજોમાં આટલી વિશાળ નાગરી વસ્તીને નિભાવવી સરળ બની રહે છે, કારણ કે કૃષિક્ષેત્રે પણ નવી-નવી પધ્ધતિઓ તથા યાંત્રીકીકરણને કારણે ખૂબ ઓછા લોકો રોકાયેલા હોવા છતાં પ્રચંડ પ્રમાણમાં અધિશેષ પાક મેળવી શકાય છે. બીજી બાજુવિશાળ જનસમૂહ નગરોમાં કારખાનાઓ, દફતરો, વેપારી, સંગઠનો અને અન્ય સેવા બજાવતી સંસ્થાઓમાં રોકાયેલો રહે છે. લૂઈ વર્થ ઔદ્યોગિક સમાજો અને ખાસ કરીને અમેરિકાના નગરોને અનુલક્ષીને કહે છે કે નગર સમુદાયોમાં વિશાળ, ગીચ અને પચરંગીવસ્તી કાયમી પણે રહેતી હોવાથી ત્યાં એક વિશિષ્ટ પ્રકારના સામાજિક પર્યાવરણનું નિર્માણ થાય છે. અને તે પર્યાવરણમાંથી નગરીય જીવનશૈલીનો ઉદ્ભવ તથા વિકાસ થાય છે.

## ૨.૬ શહેરીકરણ-સ્લમની વિભાવના-વિગત

પ્રસ્તાવના :

આર્થિક વિકાસ અને શહેરીકરણ પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓ છે. એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૬૦ ટકાથી પણ વધુ યોગદાન સાથે ભારતમાં શહેરો આર્થિક વૃધ્ધિના ચાલકબળ (ગ્રોથ એન્જિન) તરીકે ઉભરી રહ્યાં છે. ભારતની વસ્તી ગણતરી, ૨૦૧૨ મુજબ ભારતની શહેરી વસ્તી ૩૭.૭૦ કરોડ જેટલી થઈ છે. જે ૨૦૦૧ ની શહેરી વસ્તીમાં ૩૧ ટકા જેટલો વધારો દર્શાવે છે. ઓગષ્ટ, ૨૦૦૦ માં નેશનલ કમિશન ઓન એન્ટરપ્રાઈસીસ ઈન અન ઓર્ગેનાઈઝડ સેકટર (એન સીઈયુ એસ) દ્વારા બહાર પાડવામાં આવેલા "કંડિશન ઓફ વર્ક એન્ડ પ્રમોશન ઓફ લાઈવલીહૂડ ઈન ધ અનઓર્ગોનાઈઝડ સેકટર" અંગેનો અહેવાલ દર્શાવે છે કે ૨૦૦૪-૦૫ માં ભારતની કુલ કામદાર વ્યક્તિઓ પૈકીની ૯૨ ટકા વ્યક્તિઓએ અનૌપચારિક અર્થવ્યવસ્થામાં કામ કર્યુ હતું. શહેરી અનૌપચારિક ક્ષેત્રમાં અનૌપચારિક બિનખેતીવિષયક ક્ષેત્રનો સમાવેશ થાય છે. અનૌપચારિક ક્ષેત્રના કામદારોમાં શિક્ષણ અને કૌશલ્યો ઓછાં હોવાના કારણે ઉભરી રહેલાં બજારોમાં ઉપલબ્ધ તકોનો તેઓ ઉપયોગ કરી શકતા ંનથી આ બાબત, શહેરી વિસ્તારોમાં જીવનનિર્વાહની વધુ સારી તકો મેળવવા માટે કૌશલ્યોનું સ્તર ઉંચું લાવવું કેટલું મહત્વનું છે તે હકીકત ઉજાગર કરે છે.

મોટા ભાગના ગરીબો અનૌપચારિક ક્ષેત્ર હેઠળની કામગીરીઓ સાથે સંકળાયેલા છે જ્યાં નોકરીમાંથી છુટા થવાનો, ધંધો રોજગાર છીનવાઈ જવાનો, માલસામાન કબજે થવાનો સતત ખતરો રહે છે. અને સામાજિક સુરક્ષા લગભગ નહીવત હોય છે. શહેરી વસ્તીના ઘટકો આવકની દૃષ્ટિએ ગરીબ ન હોય ત્યારે પણ તેઓને સ્વચ્છ અને સુઘડ વાતાવરણમાં જીવવાની તક મળતી નથી અને ભેદભાવ, સામાજિક ઉપેક્ષા, ગુના, હિંસા, અનિશ્ચિત રોજગાર, જોખમી પર્યાવરણ અને પ્રસાશનમાં પ્રતિનિધિત્વના અભાવને કારણે તેમની સુખાકારી જોખમાતી હોય છે.

શહેરી ગરીબીનાં પરિણામોને સામાન્ય રીતે ત્રણ કક્ષાઓમાં વિભાજિત કરી શકાય.

(૧) રહેઠાણની અનિશ્ચિતતા (જમીન, ઘર (આશ્રય), મૂળભૂત સેવાઓ વગેરેની)

(૨) સામાજિક અશકતતા (લિંગ, ઉંમર, સામાજિક, સ્તરીકરણ, સામાજિક સુરક્ષાનો અભાવ, પ્રશાસનિક માળખામાં ભાગીદારી અને પ્રતિનિધિત્વના સંદર્ભમાં)

(૩) ધંધા લક્ષી અનિશ્ચિતતા (માંડ ટકી રહેવાય એવો આજીવિકા, રોજગાર અને આવક માટે અનોપચારિક ક્ષેત્ર પરની નિર્ભરતા નોકરીની અસલામતી, કામના સ્થળે ખરાબ પરિસ્થિતિઓ વગેરે) આ અનિશ્ચિતતાઓ/અશક્તતાઓ એકબીજા સાથે જોડાયેલી છે.

શહેરી ગરીબોમાં પણ કેટલાક વર્ગો એવા છે જે ઉપર જણાવેલા સંદર્ભોમાં વધુ અનિશ્ચિતતા/અશક્તતાનો ભોગ બનેલા છે. આવા વર્ગોમાં સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો, અનુજાતિઓ, અનુ.આ.જાતિઓ, અલ્પસંખ્યકો અને વિકલાંગોનો સમાવેશ થાય છે. તેઓ તરફ અગ્રતાના ધોરણે ધ્યાન આપવું જરૂરી છે.

ધ નેશનલ અર્બન હાઉસીંગ એન્ડ હેબીટાટ પોલિસી (એન યુ એસ એચ પી) ૨૦૦૭ સમાજના તમામ વર્ગોને પરવડે તેટલી કિંમતે જમીન, ઘર અને સેવાઓ સમાનતાના ધોરણે પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવાના દ્દષ્ટિકોણથી દેશમાં નિવાસસ્થાનો નિરંતર ધોરણે તૈયાર કરવાની નેમ ધરાવે છે. આમાં સૌથી અશક્ત વર્ગ ઘરવિહોણા શહેરી લોકોનો છે, જેઓ કોઈપણ પ્રકારના ઘર કે સામાજિક સલામતી/સુરક્ષા વિના જીવે છે. ભારતની સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં જ કેરલી ઘોષણાઓએ ઘરવિહોણા શહેરી લોકોની સ્થિતિ ઉજાગર કરી આપી છે. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું છે કે ગરિમાપૂર્ણ આશ્રય (આવાસ) પ્રાપ્ત કરવાનો અધિકાર એ ભારતના સંવિધાનની કલમ-૨૧ હેઠળ આપવામાં આવેલા જીવનના અધિકારનો એક આવશ્યક ભાગ છે. તેથી, ઘરવિહોણા શહેરી લોકો માટે એક નિતી અને કાર્યક્રમ ઘડવાની જરૂર છે.

શહેરી ગરીબીનાં અનેક પરિણામો નીપજતાં હોવાથી, શહેરો અને નગરોમાં ગરીબોને ભોગવવી પડતી વ્યવસ્થાસંબંધી, રહેઠાણ સંબંધી, અને સામાજિક તકલીફોનો ઉપાય એક સાથે, સર્વગ્રાહી અને સંકલિત રીતે તથા આવાં નબળાં જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવો જોઈએ, જેથી વાસ્તવિક રીતે એક નક્કર અસર ઉભી કરી શકાય. રહેઠાણ લક્ષી સમસ્યાઓ જે એન એન યુ આર એમ તથા આર એસ વાય જેવા કાર્યક્રમો થકી કરવામાં આવી રહ્યો છે. વ્યવસાયલક્ષી અને સામાજિક સમસ્યાઓનો ઉકેલ કૌશલ્ય વિકાસ માટેની વધુ તકો ઉભી કરીને કરી શકાય. જેથી બજાર આધારિત રોજગાર ઉભો કરી શકાય અને તેઓને સ્વરોજગાર-સાહસો ઉભાં કરવામાં સહાય કરી શકાય. શહેરી ગરીબ નિવારણ કાર્યક્રમ કૌશલ્ય વિકાસ અને સરળ ધિરાણના આધારે ઉભો કરવો જરૂરી છે. આજ સંદર્ભમાં, નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (રાષ્ટ્રીય શહેરી જીવન નિર્વાહ (મિશન)ના સ્વરૂપે શહેરી આજીવિકા માટે મિશન મોડ અભિગમ અપનાવવો જરૂરી જણાય છે. તેમ છતાં આજે ''સ્લમ'' શબ્દથી બધાં ખૂબ જ પરિચિત છીએ જે અભિશાપ સ્વરૂપ છે.

**સ્લમ એટલે શું ? :**

સ્લમ એટલે સામાન્ય રીતે અસ્વચ્છ વસવાટો, ઝૂંપડપટ્ટી, ગરીબ ગંદા રહેઠાણો સ્લમ વિસ્તારની જયારે આપણે મુલાકાત લઈશું તો જોઈ શકીશું કે ત્યાંના લોકોની જીવનશૈલી જુદા જ પ્રકારની હોય છે. સ્લમ વિસ્તારમાં લોકોની સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતતા નહીવત જોવા મળે છે. અહીં બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જેની પાછળ ક્યાંકને ક્યાંક એમની સામાજિક-આર્થિક સ્થિતિ જવાબદાર હોય છે. સ્લમ વિસ્તારમાં મોટા ભાગે લોકો છૂટક મજૂરીકામ સાથે જોડાયેલા હોય છે. અને કેટલાક લોકો શાકભાજી/વસ્તુઓ વેચવા જેવા સ્વ-રોજગારીના કામમાં રોકાયેલા જોવા મળે છે. જેનાથી લોકો પોતાની રોજીંદી જરૂરિયાતો પુરતું કમાઈ શકે છે. પરંતુ આ પરિસ્થિતિમાં તેમની પાસે આર્થિક આયોજનનો અભાવ હોવાથી પોતાની જરૂરિયાતો પોતાની કમાણીમાંથી પૂરી કરી શકતા નથી. આર્થિક આયોજનના અભાવની સાથે સાથે કેટલાક પ્રકારના વ્યસનો જેવા દુષણો પણ જવાબદાર છે, જેના કારણે આર્થિક સંકોચનનું પ્રમાણ જોવા મળે છે. સ્લમ વિસ્તારના લોકો શહેરનો જ હિસ્સો હોવા છતાં શહેરી સમાજથી પોતાને વંચિત હોવાનું મહેસુસ કરતા હોવાથી અહીં ગુનાખોરીનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે. અહી મહિલાઓ

પર થતા અત્યાચારનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે. અહીં કુરિવાજો અને અંધશ્રધ્ધાનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

**સ્લમની પરિભાષા :**

સ્લમ એરીયા ઈમ્પ્રુવમેન્ટ એન્ડ કલીઅરન્સ એકટ ૧૯૫૬ ના સેકશન-૩ મુજબ સ્લમને આ મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યું. "એવા રહેણાંક વિસ્તારો કે જ્યાંના નિવાસો કોઈ પણ રીતે માનવના વસવાટ માટે યોગ્ય ના હોય. કારણ કે તેની જર્જરિત અવસ્થા, વધુ પડતી વસ્તી ગીચતા, મકાનોની ખામીયુક્ત વ્યવસ્થા અને બનાવટ, સંકુચિત અને અવ્યવસ્થિત શેરીઓ, હવા-ઉજાસ, પ્રકાશ અને સ્વચ્છતાનો અભાવ અથવા આવા કોઈ પણ પરિબળો કે જે માણસના સ્વાસ્થ્ય અને નૈતિક મૂલ્યો માટે હાનીકારક હોય છે."

સ્લમ ઉપર કામ કરતી વૈશ્વિક સંસ્થા યુ એન હબિટાટ ના મત મુજબ, "સ્લમને એવી રીતે વર્ગીકૃત કરી શકાય કે જ્યાં ટકાઉ મકાનોનો અભાવ, રહેવા માટેની અપૂરતી જગ્યા, સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા, અપૂરતી સ્વચ્છતા અને અસુરક્ષિત જમીન-ઘર નો હક છે."

**સ્લમનો અર્થ અને તેના પ્રકાર :**

એન એસ એસ ઓ (નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન)ની કમિટીએ સ્લમની વ્યાખ્યા આપી કે, "સ્લમ એ ઓછામાં ઓછા ૨૦ ઘરોની ઘનિષ્ઠ વસાહતો છે કે જ્યાં ખરાબ રીતે બનેલા મકાનો અસ્થાયી વસાહત, ગીચ વસ્તી, મોટાભાગે સ્વચ્છતાનો અભાવ અને સ્વચ્છ પીવાના પાણીનો અભાવ છે."

ભારતની વસ્તી ગણતરી વિભાગ દ્વારા વસ્તી ગણતરી માટે સ્લમને આવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું કે, "ઓછામાં ઓછા ૩૦૦ લોકો અને ૬૦-૭૦ ઘરોની ઘનિષ્ઠ વસાહતો, કે જેમાં અસ્વસ્થ વાતાવરણમાં ખૂબ જ નજીક-નજીક બાંધવામાં આવેલા નબળા મકાનો કે જ્યાં અપૂરતી માળખાકીય સુવિધાઓ તથા યોગ્ય સ્વચ્છતા અને પીવાના સ્વચ્છ પાણી જેવી સુવિધાઓનો અભાવ હોય છે."

વસ્તી ગણતરી વિભાગ પ્રમાણે ભારતમાં સ્લમસને ત્રણ પ્રકારે વિભાજિત કરી શકાય :

(૧) નોટીફાઈડ સ્લમ્સ :

સરકાર દ્વારા કોઈપણ કાયદા હેઠળ માન્યતા પ્રાપ્ત કરેલા સ્લમ્સ.

(૨) રેકગ્નાઈઝડ સ્લમ્સ :

સરકાર દ્વારા ગણતરીમાં લેવાયેલા સ્લમ્સ, જેમાં માન્યતા મળેલી ન પણ હોય.

(૩) આઈડેન્ટીફાઈડ સ્લમ્સ :

સરકાર દ્વારા યોગ્ય અધિકારી થકી ઓળખવામાં આવેલા સ્લમ્સ.

સ્લમ બનવાના કારણો :

શહેરીકરણ

ઔદ્યોગીકરણ

જીવન નિર્વાહના પ્રાથમિક ક્ષેત્રો (જેમ કે ખેતી) થી વધારે ઉત્પાદન ક્ષમતા દ્વિતિય ક્ષેત્રો (ઉદ્યોગો) અને તૃતીય ક્ષેત્રો (નોકરીઓ)માં રહેલી છે, જેથી શહેરો આર્થિક વૃદ્ધિ અને નોકરીઓ માટે કેન્દ્રબિંદુ બની રહ્યા છે.

મોટા શહેરોએ ગ્રામીણ લોકો માટે દીવાદાંડી સમાન બની રહ્યા છે કારણ કે, શહેરોમાં ઉંચા જીવન સ્તર અને તકો વધુ છે જે ગામડામાં નથી મળી શકતી. તેને પરિણામે લોકોનું ગામમાંથી શહેરો તરફ સ્થાનાંતર થઈ રહ્યું છે.

શહેરોમાં વિકાસના અમુક નકારાત્મક પરિણામોને લીધે પણ સ્લમ રચાય છે. તેને વર્ગીકૃત કરીએ તો ઘરો નાના થવા, જાહેર સંપત્તિની પર્યાપ્તતા કટોકટી ભરી થવી, વસ્તીની ગીચતા, અસ્વસ્થ સ્થિતિ વગેરે કારણો હોઈ શકે.

ગુજરાતમાં સ્લમ્સના આંકડા પર એક નજર :

- વસ્તી ગણતરી, વર્ષ ૨૦૧૧ પ્રમાણે ગુજરાતમાં કુલ ૧૯૫ શહેરો છે. તેમાંથી ૧૦૩ શહેરો સ્લમ્સ ધરાવે છે.
- કુલ ૧૬,૮૦૦૯૫ ની વસ્તી સ્લમ્સમાં રહે છે. તેમાંથી નોટીફાઈડ કે આઈડેન્ટીફાઈડ સ્લમ્સ એક પણ નથી. ૧૬,૮૦૦૯૫ લોકો સ્લમ્સમાં જ નોંધાયેલ છે.
- એવું નોંધાયું છે કે સ્લમ્સમાં બાળકો સૌથી અસહાય સ્થિતિમાં હોય છે.
- સ્લમના વિકાસ માટે કેન્દ્ર સરકારની "રાજીવ આવાસ યોજના" અને રાજ્ય સરકારની "ગુજરાત સ્લમ કલીયરન્સ યોજના" એ મુખ્ય યોજનાઓ છે. આના સિવાય પણ ઘણી બધી યોજનાઓ કાર્યરત છે. જેવી કે, જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન.

સમાજકાર્ય સ્લમમાં ક્ષેત્રકાર્ય કરવા માટેના હેતુઓ :

- ક્ષેત્રકાર્ય માટે આશરે ૫૦૦ ઘરો અને ૩૦૦૦ લોકોની વસ્તી ધરાવતા સ્લમની ક્ષેત્રકાર્ય માટે પસંદગી કરવી.
- સ્લમ કેવી રીતે રચાય છે તે સમજવું.
- સ્લમના મોટાભાગના લોકો કયા સ્થળેથી, કયા કારણોસર સ્થળાંતર થઈને અહી આવેલા છે તે સમજવું.
- સ્લમના લોકોના જીવન સ્તર/માળખું સમજવું.
- સ્લમ્સ સમુદાયની અનૌપચારિક વસાહતોને ધ્યાનમાં રાખીને તેના સામજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પાસાઓ સમજવા.
- સ્લમમાં રહેતા લોકોની મનો-સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ, વ્યવસાયિક, શૈક્ષણિક સ્થિતિ અને રહેણીકરણી અને તેની પાછળના કારણો સમજવા.
- વિદ્યાર્થી કાર્યકર્તા એ સ્લમમાં પ્રત્યક્ષ કાર્ય કરીને તેની મુખ્ય સમસ્યાઓ, મર્યાદાઓ સમજીને તેની ક્ષમતાવર્ધન જરૂરિયાતોને બહાર લાવવી.
- સ્લમની સમસ્યાઓ, સ્થાનિક નેતૃત્વ, સંસાધનોની ઉપલબ્ધતા સમજવી.
- સ્લમના વિકાસ સાથે સંકળાયેલા સરકારી અને બિનસરકારી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ સાથે પરિચય કેળવી તેમનો વિકાસમાં ફાળો સમજાવો.
- સ્લમમાં ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ જેવી કે, શૌચાલય, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ગટર, સ્વચ્છ પાણી, કાચા/પાકા મકાનો વગેરે બાબતો જાણવી.

- સ્લમના વિકાસ માટે સ્લમ ડેવલપમેન્ટ પોલીસી, રાજીવ આવાસ યોજના (), ઈન્દિરા આવાસ યોજના (), જવાહલાલ નેહરુ નેશનલ અર્બન ડેવલપમેન્ટ મિશન () વગેરે યોજનાઓની કામગીરી, મહત્વ, સ્થિતિ અને અસરકારકતા સમજવી.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તાર માટે જિલ્લા કે કોર્પોરેશન દ્વારા થયેલી નાણાકીય ફાળવણી (બજેટ) અને તેનો વપરાશ સમજાવો.

- સ્લમના લોકોને ક્રિયાન્વિત (મોબીલાઈઝ) કરી, વ્યવસાયિક સેવાકાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક કાર્યને પ્રત્યક્ષ રીતે શીખવું.

- સ્લમમાં રહેતા લોકોની સમસ્યા ઓળખીને તેના ઉકેલ માટેના પગલા સૂચવવા.

- શહેરી અને ગ્રામિણ ક્ષેત્રકાર્યમાં રહેલ સમાનતા અને તફાવતને પ્રત્યક્ષ રીતે સમજવું.

## ૨.૭ સમસ્યાઓ અને કામગીરી :

સ્લમ વિસ્તારના લોકો સાથે વિદ્યાર્થી કાર્યકરએ કરવાની કામગીરીના મુખ્ય મુદ્દા :

- ક્ષેત્રકાર્ય સ્લમમાં લોકોના જીવન ધોરણો અને જીવન જરૂરિયાતોની જાણકારી મેળવવી.

- ક્ષેત્રકાર્ય સ્લમની રચનાનો ઇતિહાસ સમજાવો.

  - સ્લમ કેવી રીતે રચાયું ?
  - તેનું નામ કેવી રીતે પડ્યું ?
  - હાલ વસવાટ કરતા લોકો અહીં ક્યાંથી કયા કારણોસર અને કેવી રીતે આવ્યા ?
  - સમગ્ર સ્લમને અસર કરી હોય તેવી ભૂતકાળની દરેક મહત્વની ઘટના
  - ભૂતકાળમાં અહી કોઈ વિકાસના કામો થયા હોય તો તેની માહિતી અને અસરકારકતા
  - સ્લમ રચાયુ ત્યારની અને હાલની સ્થિતિની સરખામણી.
  - સ્લમના કેટલા લોકો એવા છે કે જેમની પાસે ઓળખના કે રહેઠાણના કોઈ જ મહત્વના પૂરાવા નથી. (જેમ કે, જન્મનો દાખલો/ચુંટણી કાર્ડ/આધાર કાર્ડ/એલ.સી./રાશન કાર્ડ/મકાનનો પૂરાવો વગેરે) તેને કારણે તેમને પડતી તકલીફ જાણવી.

### ૨.૭.૧ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ ની આરોગ્યની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી :

વિશ્વ આરોગ્ય સંસ્થાએ (૧૯૪૮)માં આરોગ્યની વ્યાખ્યા આમ કરી છે : 'આરોગ્ય એટલે કે શારીરીક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિઃ ફક્ત રોગ, માંદગી કે અશક્તિનો અભાવ નહીં. સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું એ દરેક માનવીનો અધિકાર છે. મનુષ્ય જાતિ માટે પહેલું સુખ તે જાતે નર્યા અનુસાર અહીંયા તંદુરસ્તીનું માપન કરવાનું છે. તમારા ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની અંદર આરોગ્યની પરિસ્થિતિનો ચિતાર મેળવવાનો છે. મૂલ્યાંકન કરવાનું છે. આરોગ્યની સ્થિતિ, સમસ્યા અને વ્યવસ્થાને શહેરી સ્લમ વિસ્તારના સમુદાયની બીજી અનેક બાબતો સાથે સંબંધ છે જેમ કે, અંધશ્રધ્ધા, કુરિવાજો, મંત્રતંત્ર, ભગત-ભૂવા, માનતાઓ, વહેમો, અજ્ઞાનતા વગેરે. તેથી તમારે અહીંયા પોતાના ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની આ આરોગ્યની પરિસ્થિતિને સમજવા માટે પોષણ,

સ્વચ્છતા, વ્યસન, બિમારી, સારવારની વ્યવસ્થા એમ જુદા જુદા ભાગોની સમજ મેળવવી જરૂરી છે. તેથી તમારે ક્ષેત્રકાર્ય દરમિયાન નીચેના મુદ્દાઓમાં જાણકારી મેળવીને આરોગ્યની સંપૂર્ણ સમજ મેળવવાની છે.

(અ) શહેરી સ્લમ વિસ્તારમાં પોષણની સ્થિતિ અને સમસ્યા :

પોષણ સૃષ્ટિના દરેક પ્રાણીઓની તંદુરસ્તીનું એક અગત્યનું પરિબળ છે. જે દરેક માનવીનો મૂળભૂત અદિકાર છે.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં લોકો કેવા પ્રકારનો ખોરાક મેળવે છે.
- પોષણનું વૈજ્ઞાનિક માપદંડ અને ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારના લોકોના ખોરાક સાથે સરખામણી કરવી.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં મહિલાઓ અને બાળકોના પોષણની સ્થિતિ, બાળકોમાં કુપોષણ પ્રમાણ.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પોષણની પહેલાંની અને હાલની સ્થિતિમાં આવેલો બદલાવ.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં કઈ જ્ઞાતિ, વર્ગ, જૂથના લોકોને પોષણયુક્ત આહાર મેળવવામાં હાડમારીઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તેની જાણકારી અને સમજ મેળવવી.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારના લોકોની પોષણ સંબંધિત જાગૃતતા, અજ્ઞાનતા, અંધશ્રધ્ધા અને માન્યતાઓને પણ સમજવી.

(બ) શહેરી સ્લમ વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ અને સમસ્યા :

સ્વચ્છતા મનુષ્યની પ્રાથમિક આવશ્યકતા હોવાની સાથે લોકોના જીવન અંગેની કાળજી, પછાતપણું અને વિકાસના માપદંડ તરીકે પણ જોવામાં આવે છે. વિદ્યાર્થી તરીકે તમારે શહેરી સ્લમ વિસ્તારમાં વ્યક્તિગત, કૌટુંબિક, જ્ઞાતિગત અને સામુદાયિકે મ દરેક પ્રકારની સ્વચ્છતાનું પ્રમાણ અને પરિસ્થિતિની સમજ મેળવવી ખૂબ જ જરૂરી બને છે.

સ્લમ વિસ્તારમાં ગટરની સાફ સફાઈની અનિયમિતતા જોવા મળે છે. તેમજ ગંદા પાણી અને ગટરોમાં રહેલા કચરાનો નિકાલ કરવામાં આવતો નથી અને જો નિકાલ કરવામાં આવે તો ખૂલ્લી ગટરનો કચરો જે-તે સ્થળ ઉપર જ રાખવામાં આવે છે. તેમજ આ વિસ્તારમાં કચરાપેટીઓનો પણ અભાવ જોવા મળે છે. જેથી સ્લમ વિસ્તારના લોકોને ગંદકીનો સામનો કરવાનો વારો આવે છે અને રોગચાળાનો ભોગ બને છે.

સ્લમ વિસ્તારમાં પાણીની પણ મોટા પાયે સમસ્યા રહેલી છે. પીવાનું શુધ્ધ પાણી મળતું નથી અને જેનું પણ પાણી મળે છે તેમાં પણ પાઈપલાઈન દ્વારા અપાતું હોય છે અને પાઈપલાઈન ગટરની બાજુમાં જ હોવાથી ઘણી વખત લીકેજ થાય તો ગટરનું પાણી તેમાં મળે છે જેના કારણે કમળો, કોલેરા, ટાઈફોઈડ વગેરે જેવા ગંભીર રોગોનો પણ સામનો કરવો પડે છે.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં વ્યક્તિગત, કૌટુંબિક જ્ઞાતિ, વોર્ડ પ્રમાણે સ્વચ્છતા માટેના લોકોના પ્રયત્નો કાળજી ધોરણો અને પધ્ધતિને સમજવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં સામુદાયિક સ્તરે વોર્ડ, જાહેર સ્થળો કે અન્ય જગ્યાએ જોવા મળતી ગંદકીની સ્થિતિ, પ્રકાર અને જવાબદાર પરિબળો સમજી તેની અસરોને જાણવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં સામુદાયિક સ્તરે, વોર્ડ, જાહેર સ્થળો કે અન્ય સ્થળોએ જોવા મળતી ખૂલ્લી ગટરો, અને તેના દ્વારા થતી ગંદકીની સ્થિતિ, ફેલાતા રોગચાળા ના પ્રકાર અને જવાબદાર પરિબળો સમજી તેની અસરોને જાણવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં સામુદાયિક સ્તરે, વોર્ડમાં પીવાના શુધ્ધ પાણી ન મળવા બાબત અને તેના દ્વારા ફેલાતા રોગચાળાની સ્થિતિ, પ્રકાર અને જવાબદાર પરિબળો સમજી તેની અસરને જાણવી.

(ક) શહેરી વિસ્તારમાં વ્યસનની સ્થિતિ અને સમસ્યા :

નશીલા પદાર્થોના સેવનની આદતને આપણે વ્યસન તરીકે ઓળખાવીએ છીએ. આ નશીલા પદાર્થોનું સેવન કરનાર વ્યક્તિ પોતાને, પરિવારને, જ્ઞાતિને, સમુદાયને અને આખરે સમાજને પાયમાલીના રસ્તે દોરી જાય છે, આજે અનેક કારણોસર સ્લમ વિસ્તારમાં પણ આવા નશીલા પદાર્થોના સેવન કરનારા વ્યક્તિઓની ખૂબ મોટી સંખ્યા જોવા મળે છે.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં આ વ્યસનોનું પ્રમાણ, પ્રકાર અને જવાબદાર પરિબળોને સમજવા.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં વ્યસનોના કારણે લોકોના જીવન પર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

- આ વ્યસનથી ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની આવનારી પેઢી પર કેવી અસરો પડી રહી છે તે સમજવી.

- વ્યસનના પરિમામે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં કેવા રોગો, બિમારીઓ અને આરોગ્ય પર કેવી માઠી અસરો પડી હી છે તેને સમજવું.

- વ્યસનને આર્થિક નુકશાન સાથે પણ સરખાવવું જોઈએ.

(ડ) શહેરી સ્લમ વિસ્તારમાં બિમારી અને રોગોની સ્થિતિ અને સમસ્યા :

વ્યક્તિને થતી બિમારી રોગ અપૂરતું પોષણ, સ્વચ્છતાનો અભાવ અને વ્યસનનું પરિણામ ગણાવી શકાય. આ ઉપરાંતના બીજા કારણો જેવા કે પ્રદૂષણ અને વિસ્તારની ખાસિયત પણ હોઈ શકે છે. તમારા ક્ષેત્રકાર્ય સ્લમ લોકોમાં આવતી બિમારી-રોગની સમજ મેળવવી જોઈએ.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં થતી બિમારી-રોગના પ્રકાર અને કારણોને સમજવા.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં કોઈ ખાસ મહારોગ કે બિમારી જેન ઉકેલ મુશ્કેલ હોય, જેના પરિણામે સ્લમ વિસ્તારન લોકો સમસ્યાથી પીડાતા હોય, તેની જાણકારી પણ મેળવવી જોઈએ.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને થતી બિમારી અને રોગોને સમજવા.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં થતા શારીરિક અને માનસિક બંને પ્રકારના રોગ-બિમારીની જાણકારી મેળવવી.

(ઇ) શહેરી સ્લમ વિસ્તારમાં આરોગ્યમાં કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને અસરકારકતા મર્યાદા :

ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારના લોકો બિમારી-રોગના સમયે કયાં અને કેવી રીતે સારવાર મેળવે છે, તેમજ પધ્ધતિઓની કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા મર્યાદાને સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં સ્થાનિક ઘરગથ્થું સારવારની વ્યવસ્થાની જાણકારી મેળવવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં માતાજી-ભગત-ભૂવા, દોરાધાગા વગેરે જેવી સારવારની અંધશ્રધ્ધા પૂર્ણ પધ્ધતિઓની સમજણ મેળવવી.

- સ્ત્રીઓની સગર્ભાવસ્થા અને પ્રસૂતી સમયની સારવાર સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં કે આસપાસના વિસ્તારમાં સ્થાનિક, વૈદ્ય, દાયણ કે અન્ય કોઠાસુઝ ધરાવનાર વ્યક્તિઓની સારવાર કામગીરીની સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારનાં લોકોની આર્થિકિ સ્થિતિ અને રોગ-બિમારીમાં સારવાર મેળવવામાં પડતી મુશ્કેલીઓ સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં આવેલ ખાનગી દવાખાનાઓ, સરકારી દવાખાનું તેઓના પ્રકાર જેવા કે એલોપેથી, આયુર્વેદિક અને હોમિયોપેથી પ્રમાણે સારવારની રોગ અંગે જાણકારી મેળવવી.

- ક્ષેત્રકાર્યમાં શહેરી સ્લમ વિસ્તારમાં લોકોની આરોગ્ય સંબંધિત પોષણ, સ્વચ્છતા, વ્યસન, બિમારી-રોગમાં સારવાર માટે સરકાર દ્વારા માળખાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી હોય છે. જેવી કે :

(૧) આંગણવાડી

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સબ સેન્ટર

(૩) સામુદાયિક આરોગ્ય કેન્દ્ર તાલુકા સ્તરે

- આરોગ્ય ખાતા દ્વારા કેટલાક વ્યક્તિઓની નિમણૂંક જેમ કે, આશાવર્કર, મેલેરીયા વર્કર, મલ્ટી પર્પઝ, હેલ્થ વર્કર, નર્સ વગેરે.

ઉપરોક્ત માળખાની ફરજ શહેરી સ્લમ વિસ્તારના લોકોની તંદુરસ્તીમાં વધારો કરતાં આરોગ્યનું સ્તર સુધારવાનું છે. તેથી આ વ્યવસ્થાઓની કામગીરીને તમારે નીચે પ્રમાણે સમજવી રહી.

- જે તે વ્યવસ્થાની વિચારધારાની સમજ મેળવવી.

- જે તે વ્યવસ્થાનું અમલીકરણ માળખું સમજવું.

- તેની સેવાના પ્રકાર પ્રમાણે લાભાર્થીઓની જાણકારી મેળવવી.

- તે વ્યવસ્થાઓ દ્વારા અમલમાં આવતી યોજનાઓ કાર્યક્રમોની જાણકારી મેળવવી.

- વ્યવસ્થાઓ દ્વારા અમલમાં આવતા લાભની સ્થિતિ, લક્ષણો પરિણામો શું અસરો પડી રહી છે તેની અસરકારકતા અને મર્યાદાઓના સંદર્ભે મૂલ્યાંકન કરવું.

વિદ્યાર્થી તરીકે ઉપરોક્ત આરોગ્યના અલગ-અલગ ભાગો પોષણ, સ્વચ્છતા, વ્યસન, બિમારી રોગો સારવાર અને તેના માટે કાર્યરત વ્યવસ્થાઓની માહિતી-જાણકારી તેમજ કેળવવા પાછળનો આશય એ રહોલે છે કે તમે તેમાં રહેલી સમસ્યાઓને ઓળખો. આ સમસ્યાની ઓળખ તમારે અભ્યાસ, નિરીક્ષણ અને મુલાકાત જેવી વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવાની છે. જે ક્ષેત્રકાર્યનું અગત્યનું અંગ છે. અહીં તમારે વિદ્યાર્થી સામાજિક કાર્યકર તરીકે સમસ્યાની ઓળખ, પ્રમાણનો અભ્યાસ કરીને સાથે તેમાં ઉકેલના પગલાં પણ શોધવા રહ્યા.

## (અ) તમારી પ્રગતિ ચકાસો :

(૧) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં વ્યસનની સમસ્યાથી પડતી અસરો વિશે દસ વાક્યો લખો.

(૨) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારને લાગુ પડતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મર્યાદાઓ વિશે દસ વાક્યો લખો.

(૩) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં અમલમાં હોય તેવી આરોગ્ય સંબંધિત યોજનાઓ જણાવો.

## ૨.૭.૨ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમની શિક્ષણની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી :

શિક્ષણ દ્વારા જ વ્યક્તિમાં સભ્યતા, સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. અહીંયા શૈક્ષણિક સ્થિતિનો સંબંધ ઔપચારિક શિક્ષણ સાથે રહેલો છે. સામાજિક કાર્યકર તરીકે તમારે એ બાબત સમજવી રહી કે આપણે કોઈ પણ વ્યક્તિ, જૂથ કે સમૂદાયને અક્ષર જ્ઞાન ન હોય તો અભણ તરીકેનું સંબોધન કરવાનું નથી. તે નિરક્ષર હોઈ શકે પણ અભણ નહીં. તેથી તે બાબતની કાળજી લેવી. શિક્ષણ એ વ્યક્તિ, જૂથ અને સમુદાયને સર્વાંગી રીતે વિકસવાં અને સમાજમાં નાગરિક સુશાસન લાવવામાં મદદરૂપ બને છે. તેથી ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે વિદ્યાર્થી કાર્યકર તરીકે શહેરી સ્લમ વિસ્તારની શૈક્ષણિક સ્થિતિ અંગે નીચેની બાબતો સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં સાક્ષરતાનું પ્રમાણ જેમાં સ્ત્રીઓ, પુરુષોની સાક્ષરતા અંગેની જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં સાક્ષરતા હોવાના કારણો સમજવા.
- હાલમાં શિક્ષણ મેળવી રહેલા બાળકો, યુવાનો શું શિક્ષણ, કેવી રીતે, ક્યાંથી મેળવી રહ્યા છે તેની જાણકારી મેળવવી રહ્યા છે તેની જાણકારી મેળવવી.
- જે બાળકો-યુવાનો શિક્ષણ મેળવી રહ્યા છે તેમાં અનિયમિતતા, શિક્ષણની ગુણવત્તા, ડ્રોપઆઉટ, સુવિધાઓનું પ્રમાણ સમજવું.
- ઔપચારિક શિક્ષણ મેળવવું તેને એક વિકાસની તક તરીકે જોતાં શહેરી સ્લમમાં કઈ જ્ઞાતિ, જૂથ, વર્ગના લોકો આ તકથી વંચિત રહી જાય છે, તેને સમજવું.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં રહેલી શિક્ષણ સંબંધિત સમસ્યાઓ જાણવી.
- શહેરી સ્લમમાં શિક્ષણ અધિકાર (મફત અને ફરજિયાત) અધિનિયમ પ્રમાણે કાર્યરત સ્કૂલ મેનેજમેન્ટ કમિટી () ની ભૂમિકા, કામગીરી, કાર્ય પધ્ધતિ, ધારાધોરણોનું પાલન અને અસરકારકતા-મર્યાદા સમજવી.
- શહેરી સ્લમમાં શિક્ષણ માટે કાર્યરત સરકારી વ્યવસ્થાઓ સુવિધાઓની વિચારધારા, કાર્યપધ્ધતિ, માળખું, કર્મચારીઓ, નાણાં ભંડોળ, લાભાર્થી, લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમો, તેનો અમલ, તેની કામગીરીની અસરકારકતા અને મર્યાદાઓની વિગતવાર જાણકારી અને સમજ મેળવવી દા.ત. - પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, કોલેજ વગેરે.
- સ્લમમાં શિક્ષણના પ્રમાણમાં સુધાર લાવવા માટે સ્વૈચ્છિક રીતે અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા કાર્યરત વ્યવસ્થાઓ-સુવિધાઓની વિચારધારા, કાર્યપધ્ધતિ, માળખું, કર્મચારીઓ, નાણાં ભંડોળ, લાભાર્થી, લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમો, તેનો અમલ, તેની કામગીરીની અસરકારકતા અને મર્યાદાઓની વિગતવાર જાણકારી અને સમજ મેળવવી.

દા.ત. પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, કોલેજ, વૈકલ્પિક શાખા, છાત્રાલય, આશ્રમશાળા વગેરે.

અંતે તમારે વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં શિક્ષણની પરિસ્થિતિથી વાકેફ બનવું. તેના માટે કાર્યરત વ્યવસ્થાની ભૂમિકા અને કામગીરી સમજવી. આ બંને વચ્ચે કઈ ખાઈ/ખામીઓ, મર્યાદાઓ રહેલી છે તે સમજવી. તેના આધારે સમસ્યાની ઓળખ કરવી, સમસ્યાઓનો ઉકેલ શું હોઈ શકે તે માટેના પગલાંઓ સૂચવવા એ ક્ષેત્રકાર્ય કામગીરીનું મહત્વનું અંગ છે.

(બ) તમારી પ્રગતિ ચકાસો :

(૧) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં શિક્ષણ સંબંધિત અમલમાં આવતા કાર્યક્રમો અને યોજનાઓ જણાવો.

### ૨.૭.૩ ગુના :

આજે નગરો અને ખાસ કરીને મહાનગરોમાં કાયદા અને વ્યવસ્થાને સ્પર્શતી સમસ્યાઓમાં ગુના એ બાળ ગુનેગારોની સમસ્યા એક ગંભીર સ્વરૂપ ધારણ કરતી જાય છે. ભારતમાં દિલ્હી ખાતે નૌકાદળના કેપટનશ્રી ચોપરાના સત્તર અને પંદર વર્ષના બે માસૂમ બાળકોના ધોળે દિવસે થયેલા ખૂને દેશમાં ચકચાર જગાવેલી, ગુજરાતમાં અમદાવાદ, સૂરત, વડોદરા, રાજકોટ અને બીજાં નાનાં-મોટા નગરોમાં પણ ખૂન, બળાત્કાર, ઘરફોડી ચોરી, વાહનોની ઉઠાંતરી અને મારપીટના બનાવોને લગતા સમાચારો રોજે રોજ મળતા રહે છે. અને આવાં ગુનાહિત કૃત્યોમાં રોકાયેલી વ્યક્તિઓને શોધવી પોલિસ માટે માથાના દુઃખાવા જેવી વીના છે. હકીકત તો એવી છે કે મહાનગરોમાં ગુનાનું પ્રમાણ ઘણું ઉંચુ છે, પરંતુ બધી ઘટનાઓ પોલીસ દફતરે નોંધાયેલી હોતી નથી તેથી અનેક કિસ્સાઓ વહાનોવાયેલા રહી જાય છે.

આજે ભારત અને ગુજરાતનાં શહેરોમાં ગુનાહિત વ્યવહારની સમસ્યા ઉગ્રરૂપ ધારણ કરતી જાય છે. આ પાછળનાં કારણો મુખ્યત્વે આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં રહેલાં હોય છે. પાશ્ચાત્ય દેશોમાં થયેલાં અભ્યાસોએ પણ એવું દર્શાવ્યું છે કે ગુના, બાળગુનેગારી, વેશ્યાવૃત્તિ, દારૂ તેમજ કેફી પીણાનું સેવન, આપઘાત અને માનસિક વિકૃતિઓ વગેરે આર્થિક રીતે પછાત અને ગંદા વસવાટોના વિસ્તારમાં વધુ જોવા મળે છે. તેથી તમારા

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં આ ગુનાઓનું પ્રમાણ, પ્રકાર અને જવાબદાર પરિબળો સમજવા.
- ગુના માટે જવાબદાર પરિબળો ને દૂર કરવા હકારાત્મકતા કેળવવા કામગીરી કરવી સામાજિક મનોવલણો બદલવા.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ગુનાઓના કારણે લોકોના જીવન ઉપર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

### ૨.૭.૪ બાળ-ગુનેગારી :

આધુનિક શહેરી સમાજોમાં બાળ-ગુનેગારો કે બાળ-અપરાધ પણ એક ગંભીર સમસ્યા છે. પુખ્તવયની વ્યક્તિ દ્વારા કરવામાં આવતા ગુનાઓની જેમ બાળ-ગુનાઓને કારણે પણ સમાજને ભારે નુકશાન થાય છે. હકીકતમાં જે વયે બાળકોએ સમાજમાન્ય ધ્યેયો અને મૂલ્યો મુજબ વર્તવાની યોગ્યતા કેળવવાના પ્રયાસો કરવા જોઈએ તે વયે તે

સમાજવિરોધી બાબતોમાં પરોવાઈ જાય છે. તેથી સમાજને માટે નુકશાન થાય છે તેમજ સમાજ વ્યવસ્થાની પ્રગતિ ભયમાં મૂકાય છે. ગ્રામીણ સમુદાયોની તુલનામાં શહેરી સમુદાયોમાં પ્રવર્તતી વાસ્તવિક પરિસ્થિતિઓ બાળ-ગુનેગારી માટે પણ અનુકૂળ તકો પૂરી પાડે છે. તેથી શહેરી સમુદાયોમાં આ સમસ્યા વધુ પ્રમાણ જોવા મળે છે.

બાળ ગુનેગારી એ એક જટિલ સામાજિક સમસ્યા છે. કારણ કે તેના માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. આમાં બાળઉછેર અને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા બાળકો પ્રત્યે અપનાવતા વલણથી માંડીને શહેર સમુદાયની વાસ્તવિક પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થઈ જાય છે. તેમ જ આ સમસ્યા આધુનિક ઔદ્યોગિક તથા નગરીય સમાજોમાં અને ખાસ કરીને મહાનગરોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

અમેરિકાની નેશનલ પ્રોબેશન એસોસિયેશન સંસ્થાએ બાળ-ગુનેગારીની વ્યાખ્યામાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ કર્યો છે :

(૧) એ બાળક જે રાજયના કાયદાનો ભંગ કરે છે.

(૨) જે રખડેલ અથવા ભટકેલ બની જાઈ વારંવાર નિયમોનો અનાદર કરે છે. તેમજ જે તેના માતા-પિતા અથવા વાલીઓના નિયંત્રણ હેઠળ રહેતો નથી.

(૩) જે વારંવાર શાળા અથવા ઘરેથી નાસી જાય છે.

(૪) જેનું વર્તન હંમેશા તેની પોતાની કે બીજાની નિતિમતા અથવા આરોગ્યને હાનિકારક હોય છે.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં આવા બાળગુનાઓનું પ્રમાણ તેના પ્રકાર અને જવાબદાર પરિબળોને સમજવા.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં વધતા જતા બાળગુનાઓથી સમાજ પર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

### ૨.૭.૫ ભિક્ષાવૃત્તિ :

ભારતીય શહેરોમાં ભિક્ષાવૃત્તિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સામાન્ય રીતે શહેરોમાં વિવિધ જાહેર સ્થળો ભિક્ષાવૃત્તિ માટેના કેન્દ્રસ્થાને હોય છે. સામાન્ય શબ્દોમાં કહીએ તો વિવિધ જાહેર સ્થળો એ આવા લોકો ઉપસ્થિત હોય છે. અને સામાન્ય શબ્દોમાં કહીએ તો ભિક્ષાવૃત્તિ વ્યક્તિના જીવનનિર્વાહ ની એક એવી રીત હોય છે કે જેમાં ભિક્ષા માંગનાર વ્યક્તિ તેના ભરણ-પોષણ માટે જવાબદારી ન હોય એવી વ્યક્તિ પાસેથી કોઈ પણ વસ્તુ કે સેવા આપ્યા વિના નાણાં, ખાદ્ય પદાર્થો અને અન્ય વસ્તુઓ માગવા માટે ટેવાયેલી હોય છે.

૧૯૫૯ ના મુંબઈ ભિક્ષાવૃત્તિ નિરોધક કાનૂની કલમ-૧ પ્રમાણે 'ભીખ માગવી' એટલે - કોઈ સાર્વજનિક જગ્યામાં ભિક્ષાની યાચના કરવી અથવા લેવી પછી ગાવા, નાચવા, ભવિષ્ય કહેવા, ચાલાહીના ખેલ કરવા અથવા વેચાણ માટે કોઈપણ ચીજ આપતા જેવા કોઈપણ બહાના હેઠળ તેમ કરવામાં આવતું હોય કે ન હોય તો પણ હરકત નથી.

ભારતીય સમાજમાં સારી એવી સંખ્યાના લોકો ભિક્ષાવૃત્તિથી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. આને માટે આપણી સંસ્કૃતિનો વારસો અને ધર્મ જવાબદાર છે, કારણ કે ધર્મ દ્વારા તેને પ્રોત્સાહન મળે છે. ભારતના પરંપરાગત સમાજનો પાયો વર્ગ-આશ્રમ-ધર્મસંસ્થા છે. જેના દ્વારા સામાજિક-આર્થિક કોટિક્રમનું ઘડતર થયું છે.

(ઈમેજ)

**ભિક્ષાવૃત્તિ દૂર કરવાના ઉપાયો :**

ભિક્ષાવૃત્તિ એક ગંભીર સામાજિક સમસ્યા છે. જે મોટા ભાગનાં શહેરોમાં ઘર કરી બેઠી છે. ભિક્ષાવૃત્તિ ઉપર ફકત કાનુની પ્રતિબંધ મૂકી દેવાથી તેનો અંત આવી જતો નથી. કારણ કે ભિક્ષાવૃત્તિનાં યાચકની સાથે દાતા પણ જવાબદાર હોય છે. બન્ને એકજ ધાર્મિક માન્યતા હેઠળ ઉછર્યા હોવાથી ભિક્ષાવૃત્તિને માન્ય કરે છે. જો દાતા દાન આપવાનું બંધ કરી દે તો આમાં રૂકાવટ લાવી શકાય તેમ છે. પરંતુ આ એના માટે ધાર્મિક માન્યતામાં પરિવર્તન લાવવું પણ એટલું જ જરૂરી છે. આ પરિવર્તન રાતોરાતમાં શક્ય નથી. ભિક્ષાવૃતિત અટકાવવા માટે સામાન્ય રીતે બે મંતવ્યો પ્રચલિત છે. એક મંતવ્ય એવું માને છે કે ભિક્ષાવૃત્તિ બીજા ગુનાઓની માફક એક ગુનો છે. અને એના માટે ભિક્ષુકોને સજા મળવી જોઈએ. બીજા મંતવ્ય મુજબ ભિક્ષાવૃત્તિ માટે ગરીબાઈ અને આર્થિક કારણોને જવાબદાર ગણાવીને ભિક્ષુકો પ્રત્યે સુધારાવાદી વલણ અપનાવવું જરૂરી મનાય છે. તેથી બીજા દૃષ્ટિબિંદુ મુજબ ભિક્ષુકને પકડીને તેને સજા કરવાની આ સમસ્યાનો અંત આવતો નથી. પરંતુ તેમને સુધારી સમાજોયયોગી બનાવવા જોઈએ. ભિક્ષુકો તરફ સન્માનનીય અને માનવીય વ્યવહાર રાખીને તેમના પ્રશ્નોનો સાચો કયાસ કાઢવો પણ તેની એક ફરજ હોય છે. ભિક્ષુકોના કલ્યાણ માટે ઉઠી કરાયેલી આ સંસ્થાઓ ભિક્ષુકોને અમુક સમય સુધી રાખે છે અને યોગ્ય તાલીમ તથા શિક્ષણ વડે તેમની સુધારણા કરીને સન્માનનીય કામધંધે લગાડવામાં મદદ કરે છે.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ભિક્ષાવૃત્તિનું પ્રમાણ અને જવાબદાર પરિબળો સમજવા.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ભિક્ષાવૃત્તિને કારણે સમાજ ઉપર અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ભિક્ષાવૃત્તિના કારણે સામાજિક જીવનમાં ગુનાઓનું પ્રમાણ અને તેના ઉપર અસર કરતા પરિબળો સમજવા અને તપાસવા જોઈએ.

**૨.૭.૬ વૈશ્યાવૃત્તિ :**

સામાન્ય શબ્દોમાં વૈશ્યાવૃત્તિની વ્યાખ્યા આપીએ તો જ્યારે નાણાં અને આર્થિક લાભના એકમાત્ર હેતુ થી સ્ત્રી-પુરુષા જાતિય સમાગમ કરે છે, ત્યારે એ કૃત્ય વેશ્યાવૃત્તિ કહેવાય છે. આ સંબંધોમાં જોગનારા સ્ત્રી-પુરુષ વચ્ચે લાગણીના અથવા પારસ્પરિક જવાબદારીના ભાવ હોતા નથી. વળી, દેહનો આ રીતનો વેપાર મોટેભાગે ગમે તે વ્યક્તિ સાથે થાય છે. ફકત તે વ્યક્તિ એ પૈસા ચૂકવવાની શરત પાળવાની રહે છે. સાચા અર્થમાં વેશ્યા આ રીતે પોતાના શરીર અને જાતિય બાબતોનો વેપાર કરી જે આવક પ્રાપ્ત કરે છે તેના ઉપર તેનું અને આશ્રિતોનું ભરણ-પોષણ અને અન્ય ખર્ચ થાય છે. આ રીતે શરીરનો વેપાર કરતા સ્ત્રી અથવા પુરુષ બન્ને હોઈ શકે છે. પુરૂષ વેશ્યાવૃત્તિમાં સજાતીય સંબંધો થાય છે. કોઈપણ નગરમાં સ્ત્રી વેશ્યાઓ અથવા પુરૂષ વેશ્યાઓની સંખ્યા ચોક્કસ પણે ક્યારેક જાણી શકાતી નથી.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં વૈશ્યાવૃત્તિનું પ્રમાણ અને જવાબદાર પરિબળો સમજવા.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં વૈશ્યાવૃત્તિના કારણે થતી સમાજ ઉપરની અસરો સમજવી અને તપાસવી જોઈએ.

**૨.૭.૭ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમની સામાજિક-ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓ અને સંસ્થાઓની અસરકારકતા મર્યાદા**

(અ) શહેરી સ્લમની સામાજિક સ્થિતિ અને સમસ્યાઓ :

સમાજ એ સામાજિક સંબંધોની વ્યવસ્થા અને જાળ છે. એરીસ્ટોટલના મતે માનવી એક સામાજિક પ્રાણી હોવાથી માનવીનો સર્વાંગી વિકાસ સમાજમાં અને સમાજને લીધે શકરા બને છે. સામાજિક વ્યવસ્થા વ્યક્તિને સમાજમાં સન્માન, દરજ્જો અને સ્થાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે જ તેના વિકાસ માટે પણ મહત્વની વ્યવસ્થા છે. તેથી ક્ષેત્રકાર્ય દરમિયાન વિદ્યાર્થી કાર્યકર્તાઓએ આ સામજિક વ્યવસ્થાઓની સમજ મેળવવી જરૂરી બને છે. આ વ્યવસ્થાને નીચેની બાબતો સમજી શકાય.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કુટુંબ, લગ્ન અને જ્ઞાતિ સંસ્થાઓના કાર્યોથી પરિચિત થતા તેની અસરકારકતા અને મર્યાદાઓ સમજવી.
- અન્ય શહેરી સ્લમ કે અન્ય સમાજોની સરખામણીમાં લગ્ન અને જ્ઞાતિસંસ્થાઓમાં આવેલા બદલાવને સમજાવો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પહેલાંની સરખામણીમાં કુટુંબ, લગ્ન અને જ્ઞાતિસંસ્થઓમાં આવેલા બદલાવને સમજાવો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કુટુંબ-કુટુંબ, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના વ્યવહારો અને આંતરક્રિયાઓને સમજવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જ્ઞાતિ સંસ્થામાં રહેલા ઉચનીચના ભેદભાવને સમજવા.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સ્ત્રી-પુરૂષના અસમાનતા અને સ્ત્રી-પુરૂષ રેશીયાની સ્થિતિને સમજવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ત્રણેય સંસ્થાઓના એવા કયાં રિવાજો-ધોરણો-પ્રયાસો કોઈ વ્યક્તિ જૂથને નુકશાનકારક થાય છે તેને ઓળખવા દા.ત. બાળ લગ્ન, વિધવા પુનઃલગ્ન કરવાની મનાઈ, સ્ત્રી ભૃણ હત્યા, દહેજ.

ક્ષેત્રકાર્ય દરમિયાન શહેરી સ્લમમાં સામાજિક પરિસ્થિતિ આધારિત સમજ મેળવી. ક્ષેત્રકાર્ય શહેરી સ્લમની સામાજિક સમસ્યાઓની ઓળખ કરવી. આ સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે કેવી રણનિતી બનાવીને સામાજિક સુધારણા લાવી શકાય તેના રસ્તાઓ શોધવા રહ્યા. જેનાથી શહેરી સ્લમની સામાજિક વ્યવસ્થા શહેરી સ્લમના દરેક વ્યક્તિને સન્માન, ગૌરવ અને વિકાસનું પ્લેટફોર્મ બની રહે.

(બ) શહેરી સ્લમની ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ :

ધર્મ એ માનવીની સાર્વભૌમ પ્રવૃત્તિ છે. સમાજમાં ધર્મ એ લોકોની આસ્થા, શ્રધ્ધા અને કુદરતી શક્તિ પ્રત્યે કરતા માધ્યમથી સમાજને નિયંત્રિત કરે છે. આ ધર્મની વ્યવસ્થા ઘણીવાર વ્યક્તિને તર્કથી દૂર રાખે છે. જેના પરિણામે જ્ઞાતિ, સમાજ પોતાનું પછાતપણું જાળવતું જીવન જીવે છે. સામાન્ય રીતે ભારતીય શહેરી સ્લમમાં આ પરિસ્થિતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી વિદ્યાર્થી તરીકે તમારે ધર્મ અને ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના પછાતપણા વચ્ચે રહેલા સંબંધને સમજવો જરૂરી છે. તેનાથી ઊભી થતી સમસ્યાઓ જાણી તેમાં સુધારણા માટેના પગલાંઓ પણ આપવા જોઈએ. નીચેના મુદ્દાઓ આધારિત ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ સમજી શકાય.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં વસવાટ કરતાં જુદા-જુદા ધર્મના લોકોની વસ્તી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમનાં ધર્મ પ્રમાણેના રિવાજો-તહેવારો-ઉત્સવો જાણવા.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ધર્મ પ્રમાણે સમાજને ટકાઉનાર તત્વોની ઓળખ કરવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ધર્મ પ્રમાણે રહેલા અંધશ્રધ્ધાના તત્વોના કારણે કોઈ વ્યક્તિ, જૂથ અને વર્ગને થતું નુકશાન કે શોષણને સમજવું.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં લોકોની ધર્મ પ્રત્યેની શ્રધ્ધા કે વિકાસ પ્રત્યેના દૃષ્ટિકોણ પણ તપાસતા રહેવું.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ધર્મ કારણે ઉભા થતા સત્તાના અને ઉંચનીતના સંબંધોની સમજ મેળવી.

**(ક) તમારી પ્રગતિ ચકાસો :**

(૧) તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જોવા મળતી સામાજિક સમસ્યાઓ જણાવો.

(૨) તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જોવા મળતી ધાર્મિક સમસ્યાઓ જણાવો.

### ૨.૭.૮ સમૂહ સંઘર્ષ :

કેટલાંક વર્ષોથી ભારતનાં ઔદ્યોગિક કેન્દ્રો અને મહાનગરોમાં સતત સ્થળાંતરને કારણે વસ્તીનો ઘસારો ઉત્તરોત્તર વધતો રહ્યો છે. મુખ્યત્વે રોજીરોટીની શોધમાં આવેલાં સ્થળાંતરી ઓને કારણે જે ગતિએ મહાનગરોની વસ્તી વધી રહી છે તે જ ગતિએ નગરોમાં જીવન સરળ અને શાંતિમય બને તેવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું પ્રશાસન માટે લગભગ અશક્ય બન્યુ છે. મુંબઈ જેવા અન્ય મોટા શહેરોમાં તો આ પરિસ્થિતિ ગમે ત્યારે તૂટી પડે તેટલી હદ સુધીની ગંભીરતાએ પહોંચી છે એક બાજુ મોટા શહેરમાં જીવન મુશ્કેલ બન્યુ છે તો બીજી બાજુ લોકોની પરંપરાગત અસ્મિતાઓ નગરીય જીવનશૈલીમાં મળી લઈ બુઈ થતી ભારતના નગરોમાં જ્ઞાતિ ઘર્ષ પ્રાંતિયતા ભાષા એ વિશિષ્ટ સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ એકબીજામાં ભળી જઈ એક સુગ્રથિંય નગરીય જીવનશૈલીનો જન્મ આપી શકી નથી. પ્રસ્તુત સાંસ્કૃતિક અને પ્રાદેશિક આધારે રચાયેલા પરંપરાગત સંગઠનો અને અસ્મિતાઓ માત્ર ટકી રહી નથી. પરંતુ બદલાયેલી પરિસ્થિતિઓ વચ્ચે પણ અસરકારક રીતે પુનર્ગઠિત થઈ છે. તે માટે સમાજકાર્યકરે સંઘર્ષ ઢબે તે માટે કરવાની જરૂરીયાત છે.

### ૨.૭.૯ પ્રદૂષણ :

ભારતમાં નાગરીકરણ અને ઔદ્યોગિકરણના આધુનિક પ્રવાહોને કારણે માનવ જીવનની સુખાકારી તથા સ્વાસ્થ્યને ભયમાં મૂકે તેવી એક અન્ય ગંભીર સમસ્યા વાતાવરણનાં પ્રદૂષણની છે શહેરોમાં તે પાછળનું મુખ્ય કારણ આડેધડ વિકાસ અને વસ્તીની વધતી જતી ગીચતા છે. આ સમસ્યા એક એવો પ્રશ્ન છે કે જે સામાન્ય માનવીની સમજમાં ઉભરતો નથી. પરંતુ ધીમી ગતિએ સૌ કોઈ તેની વિપરીત અસરનો ભોગ બને છે. ભારતના શહેરોની વાત કરીએ તો આપણાં મોટા શહેરો પ્રદૂષણના શિકાર થઈ ગયા છે. હવે આ દૂષણ નાના શહેરો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ ખરાબ અસર નીચે ચાલે છે. શહેરોના અંતર્ગત ભાગો તેમની પરંપરાગત સાંકડી અને ગીચ બાંધણીને કારણે અવરજવરના આધુનિક સાધનો તથા વધતી જતી વસ્તીના વાતાવરણને નુકશાન પહોંચાડ્યા વિના સમાવી શકાતી નથી.

- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પ્રદૂષણને કારણે સમાજ ઉપર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પ્રદૂષણનું પ્રમાણ અને જવાબદાર પરિબળો સમજવા.
- ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પ્રદૂષણના કારણે અન્ય બિમારીઓ તેમજ પર્યાવરણ ઉપર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

**૨.૭.૧૦ ગંદા વસવાટો :**

ગંદા વસવાટોની વ્યાખ્યાઓએ તેનાં ભૌતિક તેમજ સામાજિક લક્ષણો તરફ આપણું ધ્યાન દોર્યું છે. ટૂંકમાં આ એવા વસવાટો છે કે જ્યાં નળ, ગટર, જાજરૂ, પાકા રસ્તા, નિશાળ જેવી જાહેર અને આરોગ્યની સેવાઓની સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. જ્યાંના ઘરો ઝૂંપડપટ્ટીના સ્વરૂપનાં જૂના ટાટ, લોખંડનો ભંગાર, ટીન અથવા ડામરનાં પીપનાં પતરાં, પ્લાસ્ટિકની થેલીઓ રદ્દી ટાયરો, જૂના વાંસ અથવા લાકડાની પટ્ટીઓ, તાડનાં ઝાડના પાન, તાડપત્રીઓ અથવા સાદડીઓ તેમજ માટીનાં બનેલાં હોય છે. ગંદા વસવાટોમાં જોવા મળતા જર્જરિત ગરો તાત્કાલિક મરમ્મત માંગી લે એવાં હોય છે અને બિલ્ડીંગના સ્વરૂપે તે જર્જરિત અવસ્થામાં, અપૂરતી સગવડોવાળાં અને હવાઉજાસ વગરનાં ગીચ વસ્તીથી ભરેલાં હોય છે. અહીંના લોકો અનેક રીતે ગરીબાઈથી સબડતા અને અનેક રોગોથી પીડાતા જોવા મળે છે.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં ગંદા વસવાટોનું પ્રમાણ અને જવાબદાર પરિબળો સમજવા.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં ગંદા વસવાટોના કારણે થતી સમાજ ઉપરની અસરો સમજવી અને તપાસવી જોઈએ.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં ગંદા વસવાટને કારણે વ્યક્તિગત સ્વાસ્થ્ય ઉપર થતી અસરો સમજવી અને તપાસવી જોઈએ.

**૨.૭.૧૧ માનસિક વિકૃતિઓ :**

આધુનિક શહેરી જીવનને એકલા માનવશરીર માટે જ નહીં પરંતુ તેના માનસ માટે પણ ભય ઉભો કર્યો છે. જ્યાં સુધી માનસિક ઉપાયો નો પ્રશ્ન છે ત્યાં સુધી તે સાર્વત્રિક રીતે ગામ જ શહેરોમાં જોવા મળે છે. પણ માનસિક વિકૃતિઓ કે માનસિક રોગિષ્ઠો એ તો શહેરી વાતાવરણનું જ પરિણામ છે. માનસિક રોગિષ્ઠોને સમજવા જરૂરી છે, કારણ કે જેમ શરીરને તેનું આરોગ્ય મહત્વનું છે. તેમ મનને તેનું આરોગ્ય-સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્વનું છે. શરીર અને મનના યોગ્ય સંચાલન માટે સ્વાસ્થ્ય અનિવાર્ય છે. તો પછી માનસિક સ્વાસ્થ્ય એટલે શું ? ડૉ. કુલિન પંડ્યા માનસિક સ્વાસ્થ્ય સમજાવતાં કહે છે ‘‘માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિત્વમાં રહેલી આંતરિક શું સંવાહિતાનું પરિણામ છે. વ્યક્તિ પોતાની જાત સાથે અને અન્ય વ્યક્તિઓ સાથે એક પ્રકારનો સુમેળ અને સરળ ભાવ અનુભવ છે. પોતાની જાત સાથે અને અન્યો સાથે અનુકૂલન એ માનસિક સ્વાસ્થ્યનું પાયાનું લક્ષણ છે. આવી વ્યક્તિનાં વાણી અને વર્તનમાં આત્મવિશ્વાસનો રણકો સંભળાય છે.

અનુભવાય છે. માનસકિ રીતે સ્વસ્થ વ્યક્તિ આંતરિક ચિંતા અને સંઘર્ષોથી મુક્ત હોય છે. તેના વિચાર અને વર્તનમાં અસંગતતા માલૂમ પડતી નથી. આંતરિક સંઘર્ષ પાછળ જીવનશક્તિ ખર્ચવી ન પડતી હોવાથી તે પોતાની સમગ્ર બૌદ્ધિક શારીરિક અને સાંવેગિક તાકાત જીવનના વાસ્તવિક પ્રશ્નોના ઉકેલ માટે વાપરી શકે છે. તેથી માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ વ્યવહારુ જીવનમાં પણ સફળ થતી માલૂમ પડે છે.'' ટૂંકમાં ને વિવિધ માનસિક પરિબળો જીવનમાં પણ સરળ થતી માલૂમ પડે છે. ટૂંકમાં તે વિવિધ માનસિક પરિબળો વચ્ચે સમતુલન જાળવી શકે છે. પરંતુ વર્તમાન શહેરોની ભૌતિક પરિસ્થિતિએ માનસિક સ્વાસ્થ્યને પ્રતિકૂળ અસર કરી છે. ફ્રોઈડે પોતાનાં અંતિમ વર્ષોનાં સભ્યતા અને તેનો અસંતોષ વિષય ઉપર એક નિબંધ લખ્યો છે. તેમાં જણાવ્યું છે કે ''ઉચ્ચ સંસ્કૃતિ એક પ્રકારનું ખંડનાત્મક પરિબળ છે. જે કદાપિ માનસિક વિકૃતિઓ તરફ લઈ જશે.''

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં માનસિક વિકૃતિઓનું પ્રમાણ પ્રકાર અને જવાબદાર પરિબળો સમજવા.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં માનસિક પ્રકૃતિઓના કારણે સમાજ ઉપર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં માનસિક વિકૃતિના કારણે વ્યક્તિગત જીવનમાં કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

ક્ષેત્રકાર્ય શહેરી સ્લમનું વાસ્તવિક સ્વરૂપ :

શહેરી સ્લમ સમુદાય અંગેના અનેક આદર્શ તત્વોની ચર્ચા અનેક જગ્યાએ આપણે થતી જોઈએ છીએ જેમ કે અનેક જ્ઞાતિની વિવિધતામાં એકતાનું દર્શન કરાવતું, હાડમારી ભર્યું જીવન અને લોકલાગણીથી ભરપૂર એવો શહેરી સ્લમ વિસ્તાર જ્યાં સુવિધાઓ ઓછી પરંતુ સંતોષ વધારે છે. આવી અનેક કહાનીઓ બની છે. પરંતુ અહીંયા વિદ્યાર્થી તરીકે તમારે સામાજિક કાર્યકરનો દૃષ્ટિકોણ રાખીને શહેરની વાસ્તવિક સ્થિતિને સમજવાની છે. શું આવી આદર્શવાળી સ્થિતિ તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં જોવા મળે છે ? શું આ આદર્શોની આડમાં કોઈકનું શોષણ અપમાન અને નીચા દરજ્જામાં ધકેલનાના પ્રયત્નો થાય છે ? શું ખરા અર્થમાં એકતાના દર્શન થાય છે ? તેથી જરૂરી છે તેના વાસ્તવિક સ્વરૂપને સમજવું જેના માટે નીચે મુજબની બાબતો સમજવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં લોકજીવનમાં એકબીજા પરની આધારિતતા (પરસ્પરાવલંબન) સમજવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જ્ઞાતિ-જ્ઞાતિ, વોર્ડ-વોર્ડ વચ્ચેના લોકોના સંબંધો સમજવા.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં લોકોની જીવન જરૂરિયાતોની જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં લોકોના જીવન પર આધુનિકરણની અસરો તપાસવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં થયેલ ઔદ્યોગિકરણની અસરો વિશેની જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જ્ઞાતિ પ્રમાણે તેની ગતિશીલતા અને કાર્યકારણ સંબંધને સમજવો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના ઇતિહાસને સમજવો જેમાં ગામની સ્થાપના ક્યારે, કેવી રીતે થી, ગામનું નામ કેવી રીતે પડ્યું, હાલના વસવાટ કરતાં લોકો કેવી રીતે શહેરી સ્લમ સમુદાયના ભાગ બન્યા. શહેરી

સ્લમમાં મહત્વની ઘટનાઓ અને પરિવર્તનના પરિબળો કયારે, કેવી રીતે બન્યા તેની જાણકારી મેળવવી. શહેરી સ્લમમાં વિકાસના કામો કયારથી અને કેવી રીતે શરૂ થયા વગેરે.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ-સમુદાય વચ્ચે રહેલા સંઘર્ષ અને સહકારના પરિબળો જાણવા.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં વર્તમાન પ્રવાહો અને પરિબળોને ધ્યાને લઈ સુમેળ ભર્યું વાતાવરણ સર્જાય અને તમામ સ્તરના લોકોનું એક સરખો વિકાસ થાય તથા એક સમજદારી પૂર્વકનું વાતાવરણ સર્જાય અને સામાજિક મનોવલણોમાં હકારાત્મક પરિવર્તન અને અભિગમ આવે તે પ્રકારે વ્યક્તિગત મુલાકાત રેળી, જાહેર દેખાવો, કાઉન્સેલીંગ, જૂથચર્ચા જાહેર કાર્યક્રમો સતત તથા નિરંતર પ્રક્રિયાઓ જરૂરિયાત તથા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવા જોઈએ.

સમાજના જરૂરિયાત મંદ અને ખાસ કિસ્સા વાળા વ્યક્તિઓ જેવા કે એકલ નારી (વિધવા), વિશિષ્ટ શક્તિ ધરાવતા લોકો (વિકલાંગ) લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તેમને સરકારી યોજનાઓનો લાભ મેળવવા સક્ષમ કરવા અને રોજીંદી કાયમી અને ટકાઉ આજીવિકા માટે તાલિમ તથા યોગ્ય વિકલ્પો શોધવા અને સંકલન કરવું.

**(ડ) તમારી પ્રગતિ ચકાસો :**

(૧) તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં જોવા મળતું ઉચનીચ સંબંધોનું વર્ણન કરો.

(૨) તમારા ક્ષેત્રકાર્ય શેહરી સ્લમનો ઈતિહાસ વર્ણવો.

(૩) તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના સહકાર અને સંઘર્ષના પરિબળોની ચર્ચા કરો.

## ૨.૮ ઉપસંહાર :

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં આપના બીજા સત્રના ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કરવાની કામગીરીનો પરિચય કર્યો. જે અંતર્ગત ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કરવાની પ્રત્યક્ષ કામગીરીના મુદ્દાઓની સ્પષ્ટતા મળી ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શિક્ષણ, સામાજિક, ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓની સમજ મેળવી. ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષકાર્ય કરીને શહેરી સ્લમમાં વાસ્તવિક સ્વરૂપમાં રહેલી સમસ્યાઓની સમજ મેળવી. તેમજ શહેરી સ્લમમાં પ્રવર્તમાન ગુનાઓ, બાળ ગુનેગારી, વૈશ્યાવૃતિનું વધતું જતું પ્રમાણ તેમજ પ્રદુષણ, ગંદા આવાસો જેવી સમસ્યાઓની સમજ મેળવી. ઉપરાંત સમસ્યાઓના ઉકેલના પગલાંઓની ઓળખ કરી.

## ૨.૯ સંદર્ભ ગ્રંથો


(૧) નગર સમાજશાસ્ત્ર - ડૉ. હરિશ દોશી

(૨) વિકાસનું સમાજશાસ્ત્ર - પ્રો. ડૉ. હેમીઆરાય

(૩) વંચિતોનો વાણોતર - મહમદ યુનુસ એલ. જોવટે

(૪) સંગઠન તાલીમ માર્ગદર્શિકા - સુરેશ પ્રજાપતિ

## એકમ-૩
## શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્ય દરમ્યાન કામગીરી - ૨

**રૂપરેખા**

**૩.૧ ઉદ્દેશો**
**૩.૨ પ્રસ્તાવના**
**૩.૩ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની રાજકીય સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી**
**૩.૪ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી**
**૩.૫ ક્ષેત્રકાર્ય માટે શહેરી સ્લમ વિસ્તારમાં કુદરતી સંશોધનની સ્થિતિ અને સમસ્યાઓ**
**૩.૬ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસને ઉપયોગી સંસાધનોની ઓળખ**
**૩.૭ ઉપસંહાર**
**૩.૮ સંદર્ભગ્રંથો**
**૩.૯ આપની પ્રગતિ ચકાસો**

---

### ૩.૧ ઉદ્દેશો :

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં આપના પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય શહેરી સલ્મ વિસ્તારમાં અભ્યાસ અને ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે -

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષકાર્ય કરીને શહેરી સ્લમની રાજકીય વ્યવસ્થામાં નેતૃત્વ, વિકાસ અને કાર્યરત વ્યવસ્થાઓની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં ઉકેલનાં પગલાઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષ કાર્ય કરીને શહેરી સ્લમ લોકોના આજીવિકાના સાધનો, આર્થિક સમસ્યાઓ અને તેમાં કાર્યરત વ્યવસ્થાઓની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષ કાર્ય કરીને શહેરી સ્લમમાં ઔદ્યોગિકરણ સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં સુધારણાના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષ કાર્ય કરીને શહેરી સ્લમમાં કુદરતી સંશાધનોની પરિસ્થિતિ સમસ્યાઓની સમજ મેળવી તેમાં સુધારણાના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષકાર્ય કરીને શહેરી સ્લમના વિકાસમાં ઉપયોગી સ્થાનિક અને બાહ્ય સંશાધનોની ઓળખ કરશો.

### ૩.૨ પ્રસ્તાવના :

પ્રસ્તુત એકમમાં તમે ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં પ્રત્યક્ષકાર્ય કરીને રાજકીય સ્થિતિમાં નેતૃત્વની સમસ્યા અને વિકાસની સમસ્યાઓની જાણકારી મેળવશો. ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિમાં લોકોના આજીવિકાના સાધનોની સમસ્યાઓ અને આર્થિક સમસ્યાઓમાં શહેરી સ્લમની ગરીબીની સમજ મેળવવી. શહેરી સ્લમની આર્થિક વ્યવસ્થાઓમાં સહકારી મંડળી, બેંક, સ્વસહાય જૂથો, પીડીએસ અને સરકારની સીધી રોજગારી આપતી યોજનાઓની શહેર સ્લમના ગરીબ લોકોને કેવી રીતે ઉપયોગી બને છે. તેની તપાસ કરી સંવેદનશીલતા કેળવવી. ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં થયેલ ઔદ્યોગિકરણની સમસ્યાઓ અને શહેરી સ્લમના ગરીબ લોકોને ઉપયોગીતાના સંદર્ભમાં તેનું મૂલ્યાંકન કરવું શહેરી સ્લમના કુદરતી સંશાધનોની સ્થિતિમાં તેની માલિકી અને સહિયારાપણું ચકાસતા તેની સમસ્યાઓની જાણકારી મેળવવી. ઉપરાંત ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના વિકાસમાં ઉપયોગી સ્થાનિક અને બાહ્ય તથા સરકારી અને બિન સરકારી સંસાધનોનો પરિચય અને ઓળખ કરશો. જે તમને આવતા સત્રમાં કરવાની કામગીરીમાં સહાયક બનશે. શહેરી સ્લમમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈધ્ધાંતિક જ્ઞાનને અમલીકૃત કરવું.

### ૩.૩ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની રાજકીય સ્થિતિ સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી :

પ્રત્યેક સમાજની અંદર કોઈને કોઈ સ્વરૂપની રાજકીય વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હોય છે. જે વ્યક્તિ અને સમાજની આવશ્યકતાઓની પૂર્તિમાં સહાયક બને છે. સમાજમાં શાંતિ અને સુવ્યવસ્થા હોય તો જ વ્યક્તિનો વિકાસ સંભવ બને છે. જેની કામગીરી રાજકીય વ્યવસ્થા દ્વારા કરવામાં આવે છે. શહેરી સ્લમની અંદર રાજકીય વ્યવસ્થા નિર્ણયકર્તાની ભૂમિકા ભજવનાર અગત્યનું પરિબળ છે. કોઈપણ સમાજની તાસીરને સમજવા માટે તેની રાજકીય વ્યવસ્થાને જો સમજવામાં આવે તો ઝડપથી સમજી શકાય છે. કારણ કે તે સમાજનું દર્પણ છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમની દર્પણ છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમની રાજકીય સ્થિતિ, સમસ્યાઓની સમજ સાથે તેમાં કાર્યરત વ્યવસ્થાઓની અસરકારકતાને સમજવાથી તમારી ભવિષ્યમાં શહેરી સ્લમમાં કામગીરી કરવાની સુશાનની દૃષ્ટિ (વિઝન) કેળવવાની છે.

#### ૩.૩.૧ શહેરી સ્લમ વિસ્તારમાં નેતૃત્વની સ્થિતિ અને સમસ્યા :

નેતૃત્વને બીજી રીતે કહેવું હોય તો શહેરી સ્લમની નેતાગીરી કે આગેવાની, સામાન્ય રીતે એક ધારણા એવી છે કે શહેરી સ્લમમાં નેતાગીરી પર જ્ઞાતિ વર્ચસ્વની મોટી પકડ હોય છે. જેના પરિણામે શહેરી સ્લમમાં નેતૃત્વને લગતી અનેક સમસ્યાઓ પેદા થતી હોય છે. તો તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં નેતૃત્વની સ્થિતિ અને સમસ્યાઓ શું રહેલી છે તેની નીચેના મુદ્દાઓ આધારિત સમજ મેળવવી જોઈએ.

- શહેરી સ્લમ વિસ્તારમાં આગેવાનો કે નેતાઓની ઓળખ કરવી.
- શહેરી સ્લમ વિસ્તારની નેતાગીરીમાં કઈ જ્ઞાતિઓનું વર્ચસ્વ-જોવા મળે છે તેને સમજવું, તેમજ તેમાં મહિલાઓની આગેવાની સમજવી.
- આ નેતાગીરીમાં રહેલા નેતૃત્વના ગુણો, કાર્યપધ્ધતિ અને કામગીરીને સમજવા.

- આ નેતાગીરી દ્વારા લેવાતા નિર્ણયો કે કાર્યોની હકારાત્મક અને નકારાત્મક બાબતોથી સ્પષ્ટ કરવું.
- શહેરી સ્લમ વિસ્તારમાં નેતૃત્વની બાબતમાં આવેલા બદલાવને સમજવો.
- શહેરી સ્લમ વિસ્તારમાં નેતાગીરી અને રાષ્ટ્રીય રાજકીય પક્ષો વચ્ચેના સંબંધને તપાસવો.
- આ દરેક નેતાગીરી પોતાના શહેરી સ્લમ વિસ્તારના વિકાસ વિશે શું વિચારો ધરાવે છે, તે સમજવા.
- શહેરી સ્લમ વિસ્તારમાં લોક સહકાર, વિકાસમાં અડચણરૂપ અને મદદરૂપ બનતી નેતાગીરીને સમજવી.

**૩.૩.૨ શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસની સ્થિતિ અને સમસ્યા :**

વિકાસ એટલે વ્યક્તિગત પસંદગીમાં વધારો, આવકમાં સુધારો, આરોગ્ય અને શિક્ષણ સેવાઓમાં સુધારો, સાંસ્કૃતિક મૂલ્યો, સામાજિક જીવનમાં બંધુત્વ, સુગ્રથિતાની જાળવણી છે. વિકાસ એ સમાજમાં પોતાના વિકાસને આધાર આપતી પ્રક્રિયા છે. માનવીની જરૂરિયાતનો સંતોષ એટલે વિકાસ વિકાસ એ માનવીને જાગ્રત કરી, સ્વનિર્ભર તથા સ્વમાની બનાવી શોષણમાંથી મુક્તિ અપાવે છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસ સંબંધિત સ્થિતિ અને સમસ્યાઓને નીચેના મુદ્દાઓ આધારિત સમજવું.

- શહેરી સ્લમ વિસ્તારમાં અમલીકૃત વિકાસની યોજનાઓ-કાર્યક્રમોની જાણકારી મેળવી શહેરી સ્લમ વિસ્તારના લોકોની જાગૃતતા તપાસવી.
- આ યોજનાઓની અમલીકરણની પ્રક્રિયા સમજવી જેમાં રહેલી અડચણો, મુશ્કેલીઓ શું લોકોને લાભથી વંચિત રાખે છે, અને શું સાચા અર્થમાં લાભાર્થી સુધી તેનો લાભ મળે છે ખરો ? તેને ખાસ સમજવું.
- શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસ યોજનાઓનો અમલ અને લાભની પ્રક્રિયામાં રહેલા ભ્રષ્ટાચારને તપાસવો.
- શહેરી સ્લમ વિસ્તારના વિકાસમાં લોકોના નિર્ણયને શું કેવી રીતે ક્યાં સામેલ કરવામાં આવ્યો તેની સમજ મેળવવી એટલે કે, લોકશાહી અને લોકભાગીદારીની સ્થિતિ સમજવી તેમાં ખાસ દલિત મહિલાઓ અને વંચિત સમૂહોની સામેલગીરી જોવી.
- શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસ યોજનાઓથી ઉભા થયેલા માળખાઓની તમારે જાત તપાસ કરી નિરીક્ષણના માધ્યમથી તેની ગુણવત્તા, ઉપયોગિતાને સમજવી.
- શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસ યોજનાઓ પાછળ થયેલ ખર્ચ-આવકનો નાણાકીય હિસાબ સમજવો.
- શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસ સંબંધિત રહેલી સંઘર્ષની પરિસ્થિતિને સમજવી.
- શહેરી સ્લમ વિસ્તારના લોકો દ્વારા વિકાસના મુદ્દાઓ, કરવામાં આવતી કોઈ લડત કે આંદોલન હોય તો તેને ખાસ સમજવું.

**૩.૪ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી :**

માનવીએ જરૂરિયાત વાળું પ્રાણી છે. અન્ન, વસ્ત્ર અને આવાસ એ માનવીની ત્રિવિધ જરૂરિયાત છે. આ ત્રણ મૂળભૂત જરૂરિયાતોની પરિપૂર્તિ અર્થે માનવે અર્થવ્યવસ્થાનું નિર્માણ કર્યું છે. દરેક માનવસમાજમાં વ્યક્તિ પોતાના જીવનના અસ્તિત્વને ટકાવી રાખવા તથા જીવનનિર્વાહ કરવા માટે કોઈને કોઈ પ્રકારનું આર્થિક ઉપાર્જન કરતો હોય છે. તે પોતાના ભૌગોલિક અને સામાજિક પર્યાવરણમાં જીવે છે, તેની મર્યાદામાં રહીને જરૂરિયાતો સંતોષે છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં આ બાબતોની શું પરિસ્થિતિ છે તેની સમજ આ મુદ્દાઓ આધારિત મેળવવાની છે.

**૩.૪.૧ શહેરી સ્લમ વિસ્તારમાં લોકોના આજીવિકાના સાધનોની સ્થિતિ અને સમસ્યાઓ :**

શહેરી સ્લમ વિસ્તારના લોકો જે પ્રવૃત્તિથી પોતાનું જીવન નિર્વાહ કરે છે તેને આજીવિકાનું સાધન કે વ્યવસાય કહેવાય છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારના આજીવિકાના સાધનો કે વ્યવસાયની સ્થિતિ અને સમસ્યાઓને સમજવામાં નીચેના મુદ્દાઓ મદદરૂપ બની શકે.

- શહેરી સ્લમ વિસ્તારના લોકોના વ્યવસાયો, તેના પ્રકાર તેમાં જોડાયેલી વસ્તી, કુટુંબો, સ્ત્રી-પુરૂષો વગેરેની જાણકારી મેળવવી.
- દરેક વ્યવસાયની બેડવર્ડ અને ફીરવર્ડ લિંકેજની જાણકારી મેળવવી.
- દરેક વ્યવસાય પ્રમાણે તેની સમસ્યાઓ અને શોષણની સ્થિતિ ઓળખવી.
- શહેરી સ્લમ વિસ્તારના લોકોની આજીવિકાના સાધન સંબંધિત સમસ્યાઓના ઉકેલ માટે આજીવિકા સંવર્ધન અને આજીવિકા સર્જન માટેના પગલાંઓની શોધ કરવી.

**૩.૪.૨ શહેરી સ્લમ વિસ્તારમાં આર્થિક સ્થિતિ અને સમસ્યા :**

શહેરી સ્લમ વિસ્તારમાં લોકો પોતાના કુટુંબનું જીવન ગુજરાન યોગ્ય રીતે ન ચલાવી શકવામાં આર્થિક સમસ્યાઓ જવાબદાર પરિબળ તરીકે ગણાવી શકાય. તમારી ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં આવી કઈ સમસ્યાઓ, કોણ કેવી રીતે ભોગવી રહ્યા છે. તેની સમજ મેળવવી.

- શહેરી સ્લમ વિસ્તારમાં વસવાટ કરતાં ગરીબ કુટુંબોને ઓળખવા, તેમજ તેના વોર્ડની બી.પી.એલની યાદી સાથે સરખામણી કરવી.
- આવા ગરીબ કુટુંબોના ગરીબીના કારણો, અસરો વગેરેની સમજ મેળવવી.
- શહેરી સ્લમ વિસ્તારમાં ગરીબ કુટુંબોને સાહસ્મિક કે પ્રસંગોમાં આર્થિક સહાય કોણ કરે છે, શા માટે સહાય કરે છે, તેના માટે દેવું/ધિરાણની વ્યવસ્થા અને તેમાં રહેલી શોષણની રીત ને સમજવી.
- શહેરી સ્લમ વિસ્તારમાં ગરીબ કુટુંબોની સરકારની યોજનાઓ અને કાર્યક્રમોમાં લાભની સ્થિતિ અને અસરો તપાસવી.
- શહેરી સ્લમ વિસ્તારની સુખાકારી આંકનું વિશ્લેષણ કરી તેમાં રહેલા સંપત્તિના સંબંધો અને ગરીબીને સમજવી.

- શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સમસ્યાઓના કારણે થતું સ્થળાંતર કોણ, શા માટે કરે છે, તેમજ તેની કેવી અસરો પડી રહી છે, તેની સમજ મેળવવી.

## ૩.૪.૩ શહેરી સ્લમ વિસ્તારમાં આર્થિક ક્ષેત્રે કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા મર્યાદા

શહેરી સ્લમ વિસ્તારમાં લોકોની આર્થિક સમસ્યાઓને ઓછી કરવા માટે કેટલીક વ્યવસ્થાઓ કાર્યરત હોય છે. આ વ્યવસ્થાઓમાં સામાન્ય રીતે સહકારી મંડળીઓ, બેંક, પોસ્ટઓફિસ, સ્વસહાય જૂથ, પી.ડી.એસ, સરકારની યોજનાઓ દા.ત. મનરેગા વગેરેનો સમાવેશ થાય છે. આ દરેક વ્યવસ્થાનો ધ્યેય પોતાના લાભાર્થી સમૂહોની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ લાવવાનો હોય છે. તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં આ વ્યવસ્થાઓની કામગીરીને સમજતા તેની અસરકારકતા અને મર્યાદાઓ તપાસવાની છે. જેમાં તમને નીચેના મુદ્દાઓ સંદર્ભિત માહિતી મદદરૂપ બની શકે.

સહકારી મંડળીઓ :

શહેરી સ્લમ વિસ્તારમાં કાર્યરત સહકારી મંડળીઓ તેના લાભાર્થી જૂથો, લાભના પ્રકાર અને તેની સ્થિતિને સમજવી. સહકારી મંડળીની નેતાગીરી ને સમજવી.

બેંક :

શહેરી સ્લમ વિસ્તારમાં કે નજીકના વિસ્તારમાં આવેલી બેંક, જ્યાં તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં લોકો નામાકીય વ્યવહાર કરે છે. તેની જાણકારી મેળવવી. બેંકના કારણે શહેરી સ્લમ વિસ્તારના ગરીબોને કેવી રીતે મદદ મળે છે. તેની જાણકારી મેળવવી. દા.ત. લોન, સબસીડી વગેરે.

પોસ્ટઓફિસ :

શહેરી સ્લમ વિસ્તારમાં પોસ્ટઓફિસ અંગેની જાણકારી મેળવવી. મનરેગા યોજનાઓના ખાતાઓ જાણવા. શહેરી સ્લમ વિસ્તારના લોકોની પોસ્ટઓફિસમાં જુદા-જુદા ખાતાઓ ના માધ્યમથી થતી બચતને જાણવી.

સ્વસહાય જૂથ () :

શહેરી વિસ્તારમાં સ્વસહાય જૂથોની સંખ્યા સભ્યો વગેરેની પ્રાથમિક જાણકારી મેળવવી. સ્વસહાય જૂથોની કામગીરી, કાર્ય પધ્ધતિ, અસરકારકતા અને મર્યાદાઓની જાણકારી મેળવવી. સ્વસહાય જૂથોની મુશ્કેલીઓને સમજવી. સ્વસહાય જૂથોમાં થતા નાણાંકીય વ્યવહારોની જાણકારી મેળવવી.

પંડિત દીનદયાળ ગ્રાહક નંબર જોડાણ (જાહેર વિતરણ વ્યવસ્થા-પી.ડી.એસ) :

શહેરી સ્લમ વિસ્તારના લોકો નજીકના આવેલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની પ્રાથમિક સેવાઓ દા.ત. સસ્તું અનાજ કેરોસીન ખાંડ વગેરે.... તેની કાર્યવાહી/કાર્યપ્રણાલી વિશેની સમજ મેળવવી અને પંડિત

દીનદયાળ ગ્રાહક ભંડારની શહેરી સ્લમ વિસ્તારના ગરીબોને સેવા આપવાની બાબતમાં અસરકારકતા અને મર્યાદાઓને સમજતા સમસ્યાઓની ઓળખ કરવી.

સરકારની યોજનાઓ :

તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારના લોકોની સરકારશ્રી દ્વારા અપાતા યોજનાકીય લાભોમાં સીધી આજીવિકા સંબંધિત મદદવાળી યોજનાઓને સમજવી. દા.ત. મનરેગા કે અન્ય રોજગાર સંબંધિત યોજનાઓ વિશેની સમજ મેળવવી. યોજનાના લાભો, લાભ મેળવવાની પ્રક્રિયા અમલ કરનાર વિભાગ, લાભાર્થી જૂથો વગેરેની જાણકારી મેળવવી.

**૩.૪.૪ શહેરી સ્લમ વિસ્તારમાં ઔદ્યોગિકરણની અસરો અને સમસ્યાઓ :**

અહીંયા ઔદ્યોગિકરણ એટલે તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં કે નજીકના વિસ્તારોમાં કાર્યરત જુદી-જુદી કંપનીઓ, એસ.ઈ.ઝેડ, જી.આઈ.ડી.સી કે અન્ય ઔદ્યોગિક પાર્કનો સમાવેશ થાય છે. હાલમાં સરકારશ્રીની ઉદ્યોગો દ્વારા વિકાસને પ્રાધાન્ય આપવાની નિતી રહી છે. તેના કારણે અનેક ઉદ્યોગો આજે શહેરી સ્લમ તથા તો ગામડાઓની નજીકમાં છે. જેની એક નિશ્ચિત અસરો ગામડાં પર પડી રહી છે. તેથી તેની જાણકારી અને સમજ તમને હોય તે જરૂરી છે. તમારે ક્ષેત્રકાર્ય દરમિયાન આ ઔદ્યોગિક વિશેની નીચે મુજબની જાણકારી મેળવવી.

- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની કે નજીકમાં આવેલ ઉદ્યોગો કઈ યોજના પ્રમાણે મુખ્ય છે. તેની જાણકારી મેળવવી.
- શહેરી સ્લમ વિસ્તારની જમીન પર આવેલા ઉદ્યોગોની જમની સંપાદિત પ્રક્રિયા સમજવી, તેમાં શહેરી સ્લમ વિસ્તારના લોકોને થયેલા લાભો-ગેરલાભોનું મૂલ્યાંકન કરવું.
- ઔદ્યોગિકરણથી શહેરી સ્લમ વિસ્તારના લોકો પર પડતી હકારાત્મક અને નકારાત્મક અસરોની તપાસ કરવી, જ્યાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય અસરોને ધ્યાન પર લેવી.
- જો શહેરી સ્લમ વિસ્તારના લોકો અને ઉદ્યોગો વચ્ચે કોઈ સંઘર્ષની સ્થિતિ હોય તો તેને સવિશેષ રીતે સમજવી.

**(અ) આપની પ્રગતિ ચકાસો :**

(૧) કાર્યક્ષેત્ર શહેરી સ્લમ વિસ્તારની આજીવિકા સંબંધિત સમસ્યાઓ વિશે લખો.

(૨) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારના ગરીબીના વિષયચક્રની સમજ આપો.

(૩) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારની આસપાસના ઔદ્યોગિકરણ આસપાસના ઔદ્યોગિકરણ વિશે દસ વાક્યો લખો.

## ૩.૫ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં કુદરતી સંશાધનોની સ્થિતિ અને સમસ્યાઓ :

કુદરતી સંશાધનો એવું જ્યારે કહીએ ત્યારે અહીંયા પાંત જ નો સમાવેશ થાય છે. જંગલ, જમીન, જળ, જનાવર અને જન જે એકબીજા પર નિર્ભરતાના આદર્શ વ્યવસ્થાપનને જન્મ આપે છે. પરંતુ આજે આ કુદરતી સંસાધનોની વ્યવસ્થાપન અને ઉપયોગીતાના સંબંધમાં અનેક સમસ્યાઓ પેદા થઈ છે. તેથી તમારા ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં આવેલ કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાની સમજ નીચેના મુદ્દાઓ આધારિત મેળવવી.

- શહેરી સ્લમ વિસ્તાર આસપાસ આવેલ જંગલ, જમીન અને જળની વિસ્તાર સંબંધિત જાણકારી પહચલનથી મેળવવી જોઈએ.
- જાનવર અને જન અંગેની વસ્તી સંબંધિત જાણકારી મેળવવી.
- શહેરી સ્લમ વિસ્તારમાં કુદરતી સંસાધનોના ટકાઉપણું અને વ્યવસ્થાપન સંબંધિત પ્રશ્નો-સમસ્યાઓને ઓળખવા.
- કુદરતી સંશાધનો પરની માલિકી અને તેનાથી ઉભા થતા ઉંચ-નીચના ભેદભાવની સ્થિતિને પણ સમજવી.
- તમારા ક્ષેત્રકાર્ય શહેરકી સ્લમ વિસ્તારમાં કુદરતી સંસાધનો સંબંધમાં કોઈ સંઘર્ષની પરિસ્થિતિ હોય તો તેને ઉંડાણથી સવિશેષ સમજવી.
- પર્યાવરણ પ્રદૂષણને કારણે શહેરી સ્લમ વિસ્તારમાં કુદરતી સંસાધનો પર થતી અસરો તપાસવી.

## ૩.૬ ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ વિસ્તારમાં વિકાસને ઉપયોગી સંસાધનોની ઓળખ :

શહેરી સ્લમ વિકાસ સંબંધી સંસાધનોને આપણે બે ભાગમાં વહેંચીએ છીએ, સ્થાનિક અને બીજા બાહ્ય સંસાધનો આ સંસાધનોના માધ્યમથી શહેરી સ્લમની અંદર વિકાસની કામગીરી થતી હોય છે, આ સંસાધનોમાં પણ બે ભાગ પાડી શકાય એક સ્વૈચ્છિક કે બિન સરકારી સંખ્યાઓ બીજા સરકારી વિભાગો તમારા કાર્યક્ષેત્ર શહેરી સ્લમ વિસ્તારમાં કે બહારથી આવી ને સંસાધનો મદદ કરી રહ્યા હોય અથવા મદદ કરી શકવાની શક્યતાઓ બાગતી હોય તો તેની જાણકારી મેળવી ઓળખ કરવી જોઈએ. જેમાં તમને નીચેના મુદ્દાઓ મદદ કરી શકશે.

- ક્ષેત્રકાર્ય સ્લમના સ્થાનિક વ્યક્તિગત સંસાધનો જેવા કે દાયણ, કોઠા સૂઝ ધરાવતી વ્યક્તિઓની ઓળખ કરી જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના અનઔપચારિક મંડળો જેવા કે યુવક મંડળ, મહિલા મંડળ, નવરાત્રિ મંડળ વગેરેની જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના ઔપચારિક વ્યવસ્થા જેવા કે સહકારી મંડળીઓ, પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર, પી.ડી.એસ વગેરેની જાણકારી મેળવી.

- બાહ્ય સંસાધનો જે શહેરી સ્લમમાં આવેલા નથી પરંતુ શું શહેરી સ્લમ વિસ્તારને તેનાથી મદદ મળી શકે તેમ છે ? તો આવા આસપાસના વિસ્તારોમાં કાર્યરત સંસાધનો સ્વૈચ્છિક કે બિન સરકારી સંસ્થાઓની મુલાકાત લઈ તેનો વિસ્તૃત પરિચય મેળવવો.
- સરકારના જુદા-જુદા વિભાગોની મુલાકાત લઈ વિસ્તૃત પરિચય મેળવવો. દા.ત. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત. ડી.આર.ડી.એ, મામલતદાર કચેરી, સમાજ કલ્યાણ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ વગેરે.

ઉપરોક્ત મુલાકાત કરી ઓળખ કરવાનો આશય એ છેકે આ વિભાગો કે સંસ્થાઓ તમારા ક્ષેત્રકાર્ય ગામમાં રહેલી સમસ્યાઓના ઉકેલમાં કે નિવારણમાં પોતાની સેવાઓ આપીને ઉપયોગી બની શકે તેમ છે કેમ તેની જાણકારી મેળવવી અને તેની ઉપયોગિતાના સ્તરને સમજવું.

**(બ) આપની પ્રગતિ ચકાસો :**

(૧) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના કુદરતી સંસાધનોની સમસ્યાઓ વિશે દસ વાક્યો લખો.

(૨) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ઉપયોગી બાહ્ય સંસાધનો વિશે લખો.

(૩) ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ઉપયોગી બાહ્ય સંસાધનો વિશે લખો.

## ૩.૭ ઉપસંહાર :

આ એકમમાં તમને ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં કરવાની કામગીરીની જાણકારી મળી. જેમાં ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં પ્રત્યક્ષ કાર્ય કરીને શહેર સ્લમની રાજકીય સ્થિતિમાં નેતૃત્વ, વિકાસનો પરિચય કેળવતા તેની અસરકારકતા-મર્યાદાઓથી વાકેફ થયા. ક્ષેત્રકાર્ય શહેરી સ્લમના લોકોના આજીવિકાના સાધનો, સ્લમમાં ગરીબી અને સંલગ્ન આર્થિક સમસ્યાઓની સમજ મેળવી. આર્થિક સમસ્યાઓને નિવારવા માટેની વ્યવસ્થાઓ સહકારી મંડળીઓ, બેંકો, સ્વસહાય જૂથ, પોસ્ટઓફિસ, સરકારની સીધી રોજગારીની યોજનાઓની અસરકારકતા-મર્યાદાઓ સમજી ક્ષેત્રકાર્ય શહેરી સ્લમમાં ઔદ્યોગિકરણ કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓની તપાસ કરી. આ ઉપરાંત શહેરી સ્લમના વિકાસમાં ઉપયોગી બનવાની શકયતા ધરાવતા આંતરિક અને બાહ્ય સંશાધનોની ઓળખ કરી આ દરેક પ્રકારની પ્રત્યક્ષકાર્યની સમજણ તમારામાં શહેરી સ્લમ વિકાસ માટેની યોજના બનાવવાની દૃષ્ટિ (વિઝન) અને કલ્પનાઓનો વિકાસ કરે છે.

## ૩.૮ સંદર્ભ ગ્રંથો :

(૧) સુરેશ પ્રજાપતિ, સંગઠન તાલિમ માર્ગદર્શિકા

(૨) પ્રો.ડૉ.હેમીક્ષા રાવલ, વિકાસનું સમાજશાસ્ત્ર

(૩) મહમદ યુનુસ અને એલનજોબી, વંચિતોનો વણોતર

(૪) વિકાસની કલ્યાણકારી યોજનાઓની રૂપરેખા

(૫) ઈલાભટ્ટ, ગરીબ પણ છૈયે કેટલાં બધાં

(૬) ડૉ. હરીશદોશી, નગર સમાજશાસ્ત્ર

BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in